જી.સી.ઇ.આર.ટી.ગાંધીનગર પ્રેરિત

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જૂનાગઢ સંપાદિત

# ECCE સાહિત્ય નિર્માણ

**HW**
બાળકોનું શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય

**IL**
બાળકો જાતે શીખે અને પોતાના નજીકનાં પર્યાવરણ સાથે જોડાય

**EC (ભાષા)**
બાળકો અસરકારક પ્રત્યાયનકર્તા બને

## પ્રેરક

શ્રી કે.એન.ભૂત
પ્રાચાર્ય
ડાયેટ - જૂનાગઢ

## સંકલન

શ્રી એ.સી. વ્યાસ
સિ.લેકચર
ડાયેટ - જૂનાગઢ

## માર્ગદર્શક

શ્રી એચ.સી. ઉપધ્યાય
શ્રી એ.ડી. રાજ્યગુરુ
શ્રી બી.કે.મેસિયા
ડાયેટ - જૂનાગઢ

---

01. પ્રિસ્કુલ 1
02. પ્રિસ્કુલ 2
03. બાલવાટિકા

**बाल देवो भव:**

નિપુણ ભારત


(0285) ,2622361

બિલખા રોડ, જુનાગઢ

dietjunagadh@gmail.com

https://www.dietjunagadh.in/


**ફેબ્રુઆરી - ૨૦૨૩**

<u>**પ્રસ્તાવના**</u>

ભૂમિકા:-

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત ECCE (પ્રી-સ્કૂલ ૧,૨,૩) અંતર્ગત દરેક જિલ્લાએ પોતાના સ્થાનિક પરિવેશ અનુસાર સાહિત્ય નિર્માણ કરવાનું થતું હોય તે અંતર્ગત અત્રે જુનાગઢ જિલ્લા માટેનું સાહિત્ય નિર્માણ કરવામાં આવ્યું છે.

વિકાસાત્મક ઉદ્દેશ HW-EC-IL ની પરિપૂર્તિ માટે પ્રી સ્કૂલ માટે દર્શાવેલ અધ્યયન નિષ્પત્તિ અનુસાર સાહિત્ય નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં સ્થાનિક બોલી ગીતો તથા સ્થાનિક પર્યાવરણ આનુષંગિક પ્રવૃત્તિઓ મૂકવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

બાળકની વયકક્ષા મુજબ વિકાસાત્મ ઉદેશ્યોની પરિપૂર્તિ માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.આ સાહિત્ય નિર્માણ કરવામાં તજજ્ઞશ્રી તરીકે કાર્ય કરનાર શ્રી બી.કે.મેસિયા, શ્રી એ.ડી.રાજ્યગુરૂ, શ્રી એચ.સી.ઉપાધ્યાય તથા સંકલનકાર શ્રી એ.સી.વ્યાસ એ માર્ગદર્શન આપ્યું છે. તે મુજબ જિલ્લાના ચુનંદા શિક્ષકોએ સાહિત્ય નિર્માણ માટે યોગદાન આપ્યું છે.સૌને શુભેચ્છા.

શ્રી કે.એન.ભૂત

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

જૂનાગઢ

જી.સી.ઇ.આર.ટી.ગાંધીનગર પ્રેરિત

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જૂનાગઢ
## સંપાદિત



# निपुण भारत

# ECCE સાહિત્ય નિર્માણ

## લેખન - સંપાદન



## HW
## બાળકોનું શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય

| નામ | શાળાનું નામ | તાલુકાનું નામ | Module |
|---|---|---|---|
| વિમલ જે. દવે | બી.આર.પી. પ્રજ્ઞા વિસાવદર | વિસાવદર | HW |
| ચુડાસમાં પારુલબેન પી. | આઈ.સી.ડી.એસ.કેશોદ 1 ઘટક | કેશોદ | HW |
| જોશી ચંદ્રેશકુમાર પ્રવીણભાઈ | શ્રી માંડાવડ પ્રાથમિક શાળા | વિસાવદર | HW |
| ધરાબેન એ ટાંક | નવાણીયા પ્રાથમિક શાળા | વિસાવદર | HW |
| ચૌહાણ પુરી રાજેશભાઇ | આ.વા.કાર્યકર ,રવની | વંથલી | HW |
| કરડાણી નલિનીબેન એ. | આઈ.સી.ડી.એસ. | માણાવદર | HW |
| ચેતન એસ. ભૂવા | બી.આર.સી ભવન, વંથલી | વંથલી | HW |

ફેબ્રુઆરી - ૨૦૨૩

बाल देवो भवः

**વિકાસાત્મક ઉદ્દેશ્ય ૧ :- બાળકોનું શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય જળવાય (HW)**

મુખ્યક્ષમતાઓ:

- સ્વજાગૃતિ
- સકારાત્મક સ્વ સંકલ્પના
- સ્વનિયમન
- નિર્ણયશક્તિ અને સમસ્યા ઉકેલ
- સામાજિકતા તરફી વર્તનનો વિકાસ
- સ્વચ્છતા અને આરોગ્યપ્રદ ટેવોનો વિકાસ, સ્વ-સુરક્ષાની સભાનતા
- શારીરિક હલનચલન/ ગતિવિધિમાં સંતુલન ( gross motor coordination) કૌશલ્યનો વિકાસ
- આંખ-હાથ સંકલન/ તાલમેલ (eye hand coordination) અને સૂક્ષ્મ સ્નાયુ (fine motor) વિકાસ
- વ્યક્તિગત અને સામૂહિક રમતોમાં ભાગીદારી

| HW1 પ્રિ-સ્કુલ ૧ | HW2 પ્રિ-સ્કુલ ૨ | HW3 બાલવાટિકા |
|---|---|---|
| **HW1.1 પોતાના શારીરિક લક્ષણોને ઓળખવાનું શરુ કરે છે.**<br><br>**અંગોની ઓળખ** :- શરીરના ચાર્ટ દ્વારા<br><br>**નાટક** :- શરીરનું કોઈ અંગ અથવા ભાગની ખામી હોય તો કઈ તકલીફ થાય તે અંગે સમજાવટ<br><br>**સાધન** :- પપેટનો ઉપયોગ<br>જુદા- જુદા રંગની આંખો વિશે બાળકોનું ધ્યાન | **HW 2.1 શારીરિક લક્ષણોના આધારે પોતાના વિશે વર્ણન કરે છે.**<br><br>બાળક પોતાના અંગોને હાથ અડકાવી ને અભિનય દ્વારા અંગોની ઓળખ અન્ય બાળકોને આપે.<br><br>**અભિનય ગીત** :- ઢીંચણ અંગુઠો<br><br>**પઝલ** :- ત્રિકોણ ગોળને ફીટ કરવા | **HW 3.1 શારીરિક લક્ષણો, જાતી, રસના વિષયો, ગમા-અણગમાના સંદર્ભમાં પોતાનું અને અન્ય વર્ણન કરે છે.**<br><br>**બાળગીત** :- નાની મારી આંખ દ્વારા અંગોના ઉપયોગ અંગે જાણકારી<br><br>**અંગોના ઉપયોગ દ્વારા તેમજ બાળકોની પસંદ-નાપસંદ માટે પ્રવૃતિ**<br>- ફાડકામ |

| | | |
|---|---|---|
| દોરવું.<br>એનિમેશન વિડીયો ક્લીપ ઉપયોગ કરી<br>બાળકોની રુચિ વધારી શકાય<br><br>**ઉખાણા** :- આંખો, નાખ, જીભ, દાંત.... | | - ચીટક કામ<br>-કાગળ ની ગડી વાળવી<br>-આડી - અવળી રેખા પર ચાલવું<br>-દોરડા કુદાવવા (સ્નાયુ નો વિકાસ)<br>-ફૂલ ને સુંઘવું<br>-સંગીત સંભાળવું<br>-ફળ, ફૂલ, શાકભાજી બતાવી પસંદ તેમજ<br>નાપસંદ પૂછવી |
| **HW 1.2 નજીક ના કુટુંબીજનો ને ઓળખે છે.**<br><br>-- ચિત્ર દ્વારા ઘરના સભ્યોની ઓળખ<br>-- ઉખાણા, જોડકણા દ્વારા પોતાના કુટુંબીજનોની ઓળખ<br><br>**- બાળગીત** :-<br>ટ્રીન ટ્રીન વાગે ટેલીફોનેની ઘંટડી..... | **HW 2.2 નજીકના કુટુંબીજનો, મિત્રો અને પડોશીઓને ઓળખે છે.**<br><br>--કુટુંબીજનો અને પડોશી ની સમાજ આપવી.<br><br>- **જોડકણા** :-<br>- મામાનું ઘર કેટલે<br>દીવા બળે એટલે...<br>- મમ્મી મને રે મામાને ઘેર.... | **HW 3.2 સગાંસબંધીઓ સાથે વ્યક્તિગત સબંધ વિશેની સમજ દર્શાવે છે.**<br><br>- કાકા, મામા, માસી, ફઈ.... વગેરે સબંધોની સમજ<br><br>Family tree આપી ઘરના સભ્યોના ફોટા ચોટાડવા |
| **HW1.3 પ્રવૃતિઓમાં ભાગ લે અને પહેલ કરે છે.**<br>**સાધન સામગ્રી** :-<br>-- વિવિધ પ્રાણીઓના ચિત્રો<br>- કલર | **HW 2.3 પોતાની પસંદગી અને રસની બાબતો જણાવે છે.**<br><br>**સાધન સામગ્રી** :-<br>- વિવિધ ફળો તથા શાકભાજી પશુ-પક્ષીઓના | **HW 3.3 સ્વાતંત્ર રીતે પ્રવૃતિઓ કરે છે.**<br><br>અહી બાળકો સ્વાતંત્ર રીતે પોતાની રસ, રુચિ અને વયકક્ષા મુજબની વિવિધ પ્રવૃતિઓ કરે છે. |

| | | |
| --- | --- | --- |
| **પ્રવૃતિ**:- રંગ પુરણી<br>બાળક અન્ય બાળકોને જોઈને પોતે વર્ગમાં થનાર પ્રવૃતિઓમાં ઉત્સાહથી ભાગ લેવા પ્રેરાય છે.<br>અહી રંગ પુરણી<br>- વિવિધ પ્રાણીઓના કોરા ચિત્રમાં રંગકામ કરે છે.<br>(ગાય, ભેંસ, બળદ, ઉંટ…જેવા સ્થાનિક કક્ષાએ બાળકોએ જોયેલા પ્રાણીઓના ચિત્રો ) | ચિત્રો<br>- ફરવા લાયક સ્થળોની માહિતી<br>**પ્રવૃતિ** :- પઝલ<br>બાળકો પોતાના રસ રુચિ મુજબ પોતાના પસંદના વિવિધ ચિત્રોમાંથી ચિત્રો શોધીને તેના વિશે પઝલનું જોડાણ કરશે.<br>- ચિત્રોના કટિંગ<br>(સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ કે મળતા ફળો તથા શાકભાજીના ચિત્રો, મંદિર, ચોરો, બગીચાઓ વગેરે….. | **પ્રવૃત્તિ**:-<br>- રંગપૂરણી,<br>- માટીકામ<br>- કાગળકામ<br>( સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને સ્વતંત્ર પ્રવૃતિઓ ) |
| **HW 1.4 શિક્ષકની મદદથી સાદી સુચના સમજે છે અને પોતાના વારાની રાહ જુવે છે.**<br>**સાધન સામગ્રી**:-<br>શાકભાજી અથવા ચિત્ર<br>**પ્રવૃત્તિ** :-<br>જુદા જુદા શાકભાજી અથવા તો તેમનું ચિત્ર બતાવ અને પહેલા બાળકોને બતાવો જ્યાં સુધી ટે શાકભાજી અથવા તો તેમના ચિત્રને ઓળખી | **HW 2.4 બે લીટીની સાદી સુચના (બે વિધાન ) સમજે અને પોતાના વારાની રાહ જુએ છે.**<br>**સાધન સામગ્રી**:-<br>શાકભાજી<br>**પ્રવૃત્તિ**:-<br>બટેટા, ટામેટા, શાકભાજી લાવો.<br>-- તેનો રંગ, આકાર અને તે લીસું કે ખરબચડું કે | **HW 3.4 નિયમો અને સાદી સુચનાઓ એકસાથે અનુસરે છે.**<br>**સાધન સામગ્રી** :-<br>- જંગલી અને પાલતું પ્રાણીના કાર્ડસ ભેગા કરીને તેને ઓળખાવો.<br>- તે જંગલી પરની એક પાલતું પરની ટે ઓળખાવો. |

| | | |
|---|---|---|
| ના શકે ત્યાં સુધી તેને ઓળખાવો<br>અને બીજા તેમના વાર ની રાહ જુએ છે. | કઠણ તેમની ચર્ચા કરો.<br>-- એક-એક શાકભાજી ને અડકે ટે પોચુ છે ક કઠણ ટે વિશે ચર્ચા કરવો. | જંગલી પ્રાણી:- સિંહ, વાઘ, ઉંટ, હાથી, જિરાફ...<br>પાલતું પ્રાણી:- ગાય, ભેસ, કુતરો, બિલાડી..... |
| **HW 1.5 નવી પરિસ્થિતિમાં અનુકુલન માટે વડીલોની મદદ માંગે છે.**<br><br>**વડીલો દ્વારા બાળવાર્તા**<br>-- પ્રહલાદ ની વાર્તા<br>-- એકલવ્ય ની વાર્તા<br>-- સાહસ કથાઓ<br><br>ઘરની નજીક બાળકો ને બગીચામાં ફરવા લઇ જવા (પ્રકૃતિ નું વર્ણન ) | **HW 2.5 વર્ગખંડમાં તથા બીજા બાળકો સાથે અનુકુલન સાધે છે.**<br><br>વારાની રાહ જોવી એકબીજા પ્રત્યે મિત્રતા કેળવે<br><br>**અભિનય ગીત:-**<br>ચાલો દોસ્તો - ચાલો દોસ્તો સાગરને તીરે જઈએ રે.... | **HW 3.5 રોજીંદા સમય પત્રક/ દિનચર્યામાં કોઈ ફેરફાર થાય તો અનુકુલન સાધે છે.**<br><br>**દિનચર્યામાં બાળગીત**<br>**અભિનય ગીત :-**<br>આ બાજુ લીલું છમ<br>પહેલી બાજુ લીલું છમ<br>વચ્ચે મોટો ડુંગર<br>ડુંગર ઉપર થી ઝરણું..... |

| | | |
|---|---|---|
| **HW1.6** **કોઈ પ્રવૃત્તિ ક્ષેત્ર પસંદ કરી તેમાં ભાગ લે છે.**<br><br>**સાધન સામગ્રી:-**<br>નેઈલ કટર, નેપકીન, સાબુ, દાતીયો, તેલ, કાગળ, કાતર... વગેરે<br><br>**પ્રવૃત્તિ ક્ષેત્ર:-**<br>વિદ્યાર્થી પોતાના સ્થાનિક પરીસ્થીતી મુજબ પોતાના રસ રુચિ મુજબ રંગકામ, માટીકામ, સ્વચ્છતા, કાગળકામ,વિવિધ પઝલ જેવા પ્રવૃત્તિ ક્ષેત્રોમાંથી પસંદ કરી કોઈ એક પ્રવૃત્તિ કરે છે.<br><br>**પ્રવૃત્તિ:-**<br><br>(૧) શરીર સ્વચ્છતા<br>નિયમિત નાખ<br>નિયમિત વાળ કાપવા<br>સ્નાન કરવું<br>સાબુથી હાથ ધોવા જેવી વિવિધ<br>(૨) કાગળ કામ:- કાગળ માંથી ગડી પાડતા શીખે છે. | **HW 2.6** **પસંદ કરેલ પ્રવૃત્તિ કે કામને પૂર્ણ કરવા એકાગ્રતા દર્શાવે છે.**<br><br>**સાધન સામગ્રી:** - માટી, પાણી, સળી વગેરે<br><br>**પ્રવૃત્તિ:** -<br>બાળક વય રસ, રુચિ મુજબ પસંદ કરેલી પ્રવૃત્તિ કરે છે.<br><br>૧ ) માટી માંથી મનકા બનાવવા, ચૂલો બનાવવો, તાવડી, માટલું, ટ્રેક્ટર, સ્થાનિક પ્રાણીઓ બનાવે છે.<br>૨) કાગળ કામ:- રંગીન કાગળો માંથી ગળી પાડીને વિમાન, હોળી , સ્ટીમર,પંખો, જેવી વસ્તુઓ બનાવે છે. | **HW 3.6** **બીજાએ સોપેલ કામ કે પ્રવૃત્તિ ને પૂરું કરવા ધ્યાન કેન્દ્રિત કરે છે.**<br><br>**સાધન સામગ્રી:** -<br>સાવરણી , સુપડી, પોતું, ડોલ.....<br><br>**પ્રવૃત્તિ:** -<br>વર્ગમાં થનાર વિવિધ પ્રવૃતિઓમાં વિદ્યાર્થીઓ ધ્યાન કેન્દ્રિત કરી પ્રવૃત્તિ પૂરી કરવા મદદ રૂપ થાય છે.<br>દા. ત. વર્ગ સફાઈ કાર્ય,<br>દરેક બાળક એક બીજાને સહયોગી બની વર્ગની સફાઈ કાર્ય પૂરી કરે છે અને તેમાં પૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરે છે. |

| | | |
|---|---|---|
| **HW 1.7 પોતાની લાગણીઓ અને ઈચ્છાઓ ઓળખે છે. દા.ત. આજે મારે રંગકામ કરવું, મારે આજે બહાર જવું છે.**<br><br>**પ્રવૃત્તિ :-**<br><br>વર્ગખંડ બહાર બાળકોના સ્વાગત માટે વિભિન્ન સિમ્બોલ લગાડવા જેવાકે નમસ્તે, ડાન્સ, હેન્ડસેટ, વ્હાલ જેના પર બાળક હાથ મુકે તે ક્રિયા કરીને બાળક નું સ્વાગત શિક્ષક દ્વારા કરવામાં આવશે. | **HW 2.7 પોતાની લાગણીઓ અને તેના કારણોનું વર્ણન કરે છે. દા.ત. તેને મારું રમકડું તોડી નાખ્યું એટલે હું ગુસ્સામાં છું.**<br><br>**પ્રવૃત્તિ :- અભિનય**<br>બાળકો દ્વારા રડવાનો, ગુસ્સાનો, ન્હાવાનો, રીસાવવાનોઅભિનય કરવો અને તેની સ્થાનિક ભાષામાં બે-ત્રણ વાક્યો બોલશે.<br><br>**પ્રવૃત્તિ :-**<br>દર્પણ સામે અભિનય કરવો. | **HW 3.7 શાબ્દિક અને અશાબ્દિક (હાવભાવ ચિત્ર) રીતે પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે.**<br><br>**પ્રવૃત્તિ:-**<br>વિવિધ ઇમોજીના કાર્ડ (હાવભાવ તથા લાગણીઓ) બાળકો પોતે પસંદ કરી પોતે પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે. અને બળ સાથી સાથે પોતાના ભાવો વિશે ચર્ચા કરે છે.<br><br>દા.ત.<br>૧ - રમત રમવામાં આનદ આવે છે.<br>૨- મને શિક્ષક ખીજાય અથવા ઠપકો આપે તો ગુસ્સો આવે છે.<br>3 - મારા શિક્ષક આજે શાળાએ ન આવતા હું ખુશ નથી<br>૪ - આજે મને શાળાએ આવવું ગમતું નથી. |

| | | |
|---|---|---|
| **HW 1.8** **પસંદગી કરી તેનો ક્રમ વ્યક્ત કરે છે.**<br><br>**સાધન સામગ્રી**:- માટી, પાણી....<br><br>**પ્રવૃત્તિ**:-<br>બાળકને ગમે તે માટીના રમકડા બનાવવા કહેવા | **HW 2.8 પોતાની પસંદગી, રસના વિષય વ્યક્ત કરે છે અને વિકલ્પ પસંદ કરે છે..**<br><br>**સાધન સામગ્રી**:- ત્રણ મોટા આકારો<br>ગોળ, ત્રિકોણ, ચોરસ.<br>જંગલી પ્રાણી, પાલતું પ્રાણી, પાણીમાં રહેતા પ્રાણીના ચિત્રો...<br>**પ્રવૃત્તિ**:-<br>- પોતાની પસંદગી મુજબ પાલતું પ્રાણીનો ત્રિકોણ આકાર માં મુકવા કહેવું<br>- જંગલી પ્રાણીને ચોરસ આકાર માં મુકવા કહેવું.<br>- અને પાણી માં રહેતા પ્રાણીને ગોળ આકારમાં મુકવા કહેવું.. | **HW 3.8 પોતાની પસંદ અને રસ મુજબ વિકલ્પ પસંદ કરે છે અને જવાબદારી લે છે.**<br><br>**સાધન સામગ્રી**:- પાલતું પ્રાણીના ચિત્રો, અને તેમના બચ્ચા ના ચિત્રો,<br><br>**પ્રવૃત્તિ**:- બાળક ને પોતાની પસંદ અનુરૂપ -એક પ્રાણીનું ચિત્ર લઇ તે પ્રાણીના ચિત્રમાં કાપડના ટુકડા ચોટાડવા કહેવું.<br>- અને તે પ્રાણીના બચ્ચાના ચિત્રમાં કાગળ ના ટુકડા ચોટાડવા કહેવું.<br><br>(સ્થાનિક પ્રાણીઓ જેવા કે ગાય, ભેસ, ઉંટ, બકરી અને તેના બચ્ચા ) |
| **HW 1.9 વડીલોની મદદ થી નાના ઝઘડાઓ ઉકેલે છે**<br><br>**રમકડા નું વર્ગીકરણ**<br>બાળકો કોઈ વસ્તુ માટે ઝઘડે એટલે વડીલ તેના રમકડાનું વર્ગીકરણ કરી તેને રમવા માટે વ્યસ્ત કરવા પ્રેરે | **HW 2.9 વડીલોની મદદ થી ઝઘડાઓ કે સંઘર્ષો ના ઉકેલ સૂચવે છે.**<br><br>**બાળગીત** :-<br>આ વાત કદી ના ભુલાય..... | **HW 3.9 ઝઘડાઓના ઉકેલ સુચવી તેની સામે અનુકુલન સાધે છે.**<br><br>જુદી જુદી વસ્તુ જેમકે રમકડા, પ્રાણી- પક્ષી કાર્ડ વગેરે માટે પોતે વાર ફરતી ઉપયોગ કરે જેથી બધાનો વારો આવી જય અને ઝઘડો ન થાય.<br><br>**- વર્ગીકરણ પ્રવૃત્તિ** :- વિવિધ પ્રવૃતિઓના વર્ગીકરણ જેમાં પ્રાણી-પક્ષી જીવજંતુ નું |

| | | |
|---|---|---|
| | | વર્ગીકરણ, ફળ-ફૂલ- શાકભાજીનું વર્ગીકરણ, અનાજ- કઠોળનું વર્ગીકરણ, લાકડા લોખંડની વસ્તુ નું વર્ગીકરણ, ઝઘડાઓમાં અનુકુલન સાધતા શીખે છે. |
| **HW1.10 બીજા બાળકો સાથે જોડાઈને વિવિધ કામ કરતી વખતે આંનદ વ્યક્ત કરે છે.**<br><br>**પ્રવૃત્તિ:-** બગીચામાં છોડ વાવવા, પાણી આપવું, સમૂહ માં નૃત્ય કરવું, માટીમાંથી રમકડા બનાવે, પાસિંગ ધ પાર્સલ રમત, રેતી નું ઘર<br><br>**સાધન સામગ્રી:-** બગીચા ની કિટ, ખંજરી, માટી, મોલ્ડ, દડો<br><br>**બાળગીત:-**<br>સાથે રમીએ સાથે રમીએ, સારા કામ , પ્રભુ મારી સાથે રહેજે, ઘટમાં વસજો શ્રી ભગવાન<br><br>**જોડકણા:-**<br>વાર્તા રે વાર્તા ભાભો ઢોર ચારતા..... | **HW 2.10 બીજા બાળકો સાથે સહકાર થી રમે છે અને શું અને કેવી રીતે રમવું તે અંગે આયોજન કરે છે.**<br><br>શારીરિક, બૌદ્ધિક, અને સામાજિક વિકાસ તરફનું પ્રથમ પગથીયું કેળવાય છે.<br><br>**રમતો:-** નદી પર્વત, કેટલા રે કેટલા, ચકલી ઉડે, સંગીત ખુરશી, ધમાલ ધોકો.<br><br>**સાધન સામગ્રી:-** ખંજરી, ખુરશી, રૂમાલ<br><br>**અભિનય :-** સમાજ સેવકો વિશે સમજણ<br>**સાધન સામગ્રી:-** સમાજ સેવકોના બખ્તર, ડોક્ટરની કિટ, ઢીંગલી, વાસણ, ઓઢણી, જુના પર્સ થી રમે<br><br>**બાળગીત:-** મુંબઈ થી ગાડી આવી રે ઓ દરિયા | **HW 3.10 વાતચીત અને રમત દરમિયાન બીજાના વિચારો સ્વીકારવાની તૈયારી દર્શાવે છે.**<br><br>**પ્રવૃત્તિ:- જુદા જુદા તહેવારોની ઉજવણી, જન્મદિવસ ની ઉજવણી. જુદી જુદી સંસ્કૃતિ અને વિચારોની સમજ**<br><br>**બાળગીત:- અમે ગોળ ગોળ ફરીયે અમે તાળી દી ને રમીએ....** |

| | | |
|---|---|---|
| | લાલા ( દરેક બાળક નામ લેવા)<br>-- એક મારી ઢીંગલી ને એવી સજાવું.... | |
| **HW1.11 બીજા બાળકોને મદદ કરે, તેમની સંભાળ રાખે અને તેમની સાથે વસ્તુઓ વહેંચે છે.**<br><br>બાળકો સળીની મદદ વડે અલગ અલગ પાંદડાની પરોવણી<br><br>બાળકો એકબીજા ના સહકારથી વસ્તુ અલગ કરશે<br>દા.ત. કચુકા, કઠોળ, ઠળિયા,વગેરે .... | બાળકો રમતના આધારે એક બીજાની જોડી બનાવે છે.<br>દા.ત. બે બોલતા બાળકોની બે ની જોડી બનાવે, ત્રણ બોલતા ત્રણ ત્રણ ની જોડી બનાવે ...<br><br>- ડબ્બામાં ભરેલ કાંકરા અથવા લખોટી બનેના અવાજ સંભળાવવા તેઓ અવાજ ઓળખી એકબીજાનો અવાજ ઓળખી શકે<br>**- બાળગીત**:- તારા નાના બાળ...<br>દા.ત. દિવ્યાંગ બાળકો હોય તો તેમને અનુરૂપ બાદ કરવી | **HW 3.11 નાની અને મોટી જૂથ પ્રવૃત્તિ ઓ વખતે સહપાઠીઓને જરૂરિયાત મુજબ મદદ કરે છે.**<br><br>બાળકો અંદરની પ્રવૃતિઓ જૂથમાં રમશે. તેમાં ૪ જૂથ બનાવશે<br>૧) **જૂથ ૧** :- વાર્તા ની ચોપડીઓ, પોસ્ટર ની વાર્તા રાખવી.<br>૨) **જૂથ ૨** :- મણકા, ભૂંગળી,પરોવણણી બોર્ડ ,મિનારા, બ્લોક્સ, પઝલ<br>3) **જૂથ 3**:- ઢીંગલી, વાસણ, ઓઢણી, જુના પર્સ, વાહન, ગણતરી માટે ઓઢણી<br>૪) **જૂથ** :- ૪ મોજા, રૂમાલ,ટોપી,કાગળ,મીણીયા રંગ, અભિનય કરવા માટે ચીજ વસ્તુ, રંગોળી માટે વસ્તુ.<br><br>**માટી કામ:-**<br>ક્લે દ્વારા બાળકો પોતાની, જાતે રમકડા બનાવશે અને તેનું નિદર્શન કરશે(ઓળખાવશે) જેના વડે સ્નાયુઓનો વિકાસ થશે. |

| | | |
|---|---|---|
| | | **હળવી કસરત :-**<br>સહપાઠી ઓની મદદ વડે હળવી કસરત કરવાથી તમામ સ્નાયુઓનો વિકાસ પણ સાથે થશે. |
| **HW1.12 વ્યક્તિઓ વચ્ચેની વિવિધતા (સક્ષમતા, અસક્ષમ કે દિવ્યાંગ માટે પરંપરા, સંસ્કૃતિના આધારે) સમજવાનું શરુ કરે અને વિવિધતા પ્રત્યે સવેદના દર્શાવે છે.**<br><br>**પ્રવૃત્તિ :- ગીત**<br>" આ વાત કડી ના ભુલાય...."<br><br>ગીત દ્વારા સંવેદના, સારી તેવો અને માનવીય સંસ્કૃતિના સારા ગુણો શીખે તે અર્થે.... | **HW 2.12 વિશિષ્ટ પૃષ્ઠભૂમિ ધરાવતા બાળકો સહીત વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો પ્રત્યે સંવેદના અને સ્વીકૃતિ દર્શાવે છે.**<br><br>**પ્રવૃત્તિ:-**<br><br>વૃધ્ધો, દીવ્યંગો, અંધ વ્યક્તિઓ, અપંગ વ્યક્તિઓ, જેવા ચિત્રો અને વિડીયો બતાવી તેને મદદ રૂપ થવાની પ્રેરણા મળે તે હેતુ થી વિડીયો નિદર્શન કરાવવું | **HW 3.12 વિવિધ પૃષ્ઠભૂમિ ધરાવતા બાળકો સહીત વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો પ્રત્યે સંવેદના અને સ્વીકૃતિ દર્શાવે છે.**<br><br>**પ્રવૃત્તિ:- વીડીઓ નિદર્શન**<br><br>વિશિષ્ઠ જરૂરિયાત ધરાવનાર બાળકોના વીડીઓ નિદર્શન કરાવવું તથા તેવા બાળકો પ્રત્યે સંવેદના અને સ્વીકૃતિનો ભાવ આવે તેવી ચર્ચા કરવી.<br><br>**પ્રવૃત્તિ:- ચર્ચા**<br><br>ઉપરોક્ત પ્રવૃત્તિ દ્વારા વિશિષ્ઠ જરૂરિયાત વાળા બાળકો પ્રત્યે સંવેદના અને મદદરૂપ થવાની ભાવના વિકસે તે હેતુની ચર્ચા કરવી, |

| | | |
|---|---|---|
| **HW 1.13 પ્રાથમિક જરૂરિયાતો જણાવે, વડીલોના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા જાળવે અને યોગ્ય આહાર લે છે.**<br><br>**સાધન સામગ્રી:-** શાકભાજી, અનાજ<br><br>**પ્રવૃત્તિ :-**<br>બાળક ને શાકભાજી બતાવી તેની પ્રાથમિક જરૂરિયાતો જણાવી તે શાકભાજી ખાવાથી શું ફાયદા થાય છે તે કહેવું.<br>જેમકે શાકભાજી ખાવાથી શક્તિ આવે, આંખો નું તેજ વધે વગેરે ....<br>-તેવી જ રીતે અનાજ ખાવાથી શું ફાયદા થાય તે કહેવું.<br>જેમકે અનાજ ખાવાથી શક્તિ આવે, હાડકા મજબુત થઇ વગેરે....<br>**ઉખાણા:-**<br>૧) ઘઉં ના લોટની બનું છુ ,<br>ગોળગોળ આકાર છે,<br>ગરમ-ગરમ સૌને ભાવે,<br>બોલો હું કોણ ?<br>----- રોટલી | **HW 2.13 વડીલોના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા, શૌચક્રિયા અને ખાવાની સારી ટેવોનું નિદર્શન કરે છે.**<br><br>**સાધન સામગ્રી:-** સારી ટેવોના કાર્ડસ<br><br>**પ્રવૃત્તિ:-**<br>બાળકોને સારી ટેવના જુદા જુદા કાર્ડસ બતાવી તેના વિશે વાત કરો,<br><br>- કોઈપણ જાત નું કામ કરીએ તો હાથ ગંદા થાય પછી હાથ ધોવા જોઈએ<br>-અને શૌચક્રિયા કર્યા પછી હાથ ધોવા જોઈએ ટે અંતર્ગત સ્વચ્છતાનો સંદેશ આપવો. | **HW 3.13 પાયાનું સ્વાસ્થ્ય, શૌચ અને ખાવાની સારી ટેવોનું થોડી સ્વતંત્રતા સાથે નિદર્શન કરે છે.**<br><br>**પ્રવૃત્તિ:-**<br>સ્વચ્છતાનો સંદેશ બાળગીત દ્વારા આપવો<br><br>**બાળગીત :-**<br>બ્રશ કરીએ, બ્રશ કરીએ,<br>વહેલી સવારે..... |

| | | |
|---|---|---|
| ૨) સફેદ મારો રંગ છે,<br>લાંબા પાતળા દાણા છે,<br>દાળ સાથે ખવાય છે,<br>બોલો હું કોણ?<br>----ભાત | | |
| **HW1.14** અજાણ્યા લોકોથી અંતર જાળવે છે અને (વાલી અને શિક્ષક ના માર્ગદર્શન હેઠળ) સારા કે ખરાબ સ્પર્શ વિશે જાણે છે.<br><br>સાધન સામગ્રી:-<br>આપેલા ચિત્ર દ્વારા બાળકોને સારા અને ખરાબ વિશે સમજ આપવી.<br>પ્રવૃત્તિ:-<br>બાળકોને સારા-નરસાં નો ખ્યાલ મળે ટે માટે આપેલ ચિત્ર જેવા અન્ય ચિત્રો બતાવીને ખ્યાલ આપવો, સમજ કેળવવી<br>ચિત્ર ૧ | **HW 2.14** સારા કે ખરાબ સ્પર્શ (વાલી અને શિક્ષક ના માર્ગદર્શન હેઠળ) બાબતે જાગૃતિ દર્શાવે છે.<br><br>સાધન સામગ્રી:- સારા ખરાબ સ્પર્શ ના ચાર્ટ<br><br>પ્રવૃત્તિ:-<br><br>શિક્ષક દ્વારા વર્ગખંડમાં સારા- ખરાબ સ્પર્શને લગતા અલગ-અલગ ચાર્ટ બાળકોને બતાવીને શિક્ષક તેમજ વાલી દ્વારા સારા નરસાં નો ખ્યાલ આપીને એ બાબતે જાગૃત કરવા. | **HW 3.14** સારા કે ખરાબ સ્પર્શ (વાલી અને શિક્ષક ના માર્ગદર્શન હેઠળ) બાબતે જાગૃતિ દર્શાવે છે અને અજાણ્યાથી સલામત અંતર રાખે છે.<br><br>સાધન સામગ્રી:- બસ, ટ્રેન, રેલ્વે-સ્ટેશન, મેળો, મંદિર, બજાર વગેરે જેવી ભીડભાડ વાલી જગ્યાઓના ચિત્રો.<br>- સારા-ખરાબ સ્પર્શ અંગેની સ્લાઈડ શો<br><br>પ્રવૃત્તિ:-<br><br>ભીડભાડ વાલી જગ્યાઓના વિવિધ ચિત્રો બતાવીને બાળકોને અજાણ્યાથી સલામત અંતરે રહેવાની સમાજ આપવી.<br><br>પ્રવૃત્તિ:-<br>બાળકોને સ્લાઈડ શો ના માધ્યમથી સારા ખરાબ |

| | | |
|---|---|---|
| <br>ચિત્ર ૨<br> | | સ્પર્શના વિવિધ ફોટા બતાવીને એ વિશે જાગૃત કરવા.<br>જેમાં એનીમેશન, કાર્ટુન,જેવા સારા ખરાબ સ્પર્શને ફલિત કરતા વીડીઓ નિદર્શન કરાવવું. |
| **HW 1.15 સામાન્ય ભય અને જોખમી વસ્તુઓ અને જગ્યાઓને ઓળખે છે અને તેનાથી સલામત અંતર રાખે છે.**<br><br>**પ્રવૃત્તિ:-**<br><br>ગોળાકારની અંદર આવશે એટલે સલામત સ્થિતિ તેમજ ગોળાકાર ની બહાર આવશે એટલે અસલામત | **HW 2.15 સામાન્ય જોખમ અને જોખમી બાબતો ઓળખે છે અને સાવચેતીના પગલા લે છે.**<br><br>**બાળવાર્તા :-** ચકીબેન કાંટો વાગ્યો<br><br>**પ્રવૃત્તિ:-** હેલ્મેટ પહેરી ગાડી ચલાવવી રસ્તો ઓળગતી વખતે બંને બાજુ જોઈને ચાલવું. -શૌચાલયના ઉપયોગ કરવો.<br>-પગમાં ચંપલ પહેરી ને ચાલવું. | **HW 3.15 ઘર, આંગણવાડી અને રમતના મેદાનમાં સુરક્ષા અને સાવચેતીના સામાન્ય નિયમોને અનુસરે છે.**<br><br>**પ્રવૃત્તિ :-**<br>૧) ટ્રાફિક સિગ્નલ બાળકો ગોળ-ગોળ ફરે જેમકે લાલ રંગ કહેતા ઉભા રહે, લીલા રંગ માટે આગળ વધવું, પીળા રંગ માટે આગળ વધવા તૈયાર રહેવું. |

| | | |
|---|---|---|
| ૧) ઠંડા અને ગરમ વસ્તુ ની સમજ<br>મીણબતી અને બાકસ<br>મીણબતી સળગાવી ને બાળકોને પૂછે : સુ સળગ્યું છે? હાથ તેની નજીક લઇ જાયે તો શું થાય?<br><br>**સાધન સામગ્રી:-**<br>છરી, કાતર,ઇલેક્ટ્રિક પ્લગ, ગરમ<br><br>દરેક વસ્તુઓ એક પછી એક બતાવી તેની ઓળખ કરાવતા પ્રશ્નો પૂછવા તેમજ તેના ઉપયોગ વિશે ની જાણકારી આપવી.<br>--કાંટા વાળા ઝાડની આસપાસ ના  રમવું જોઈએ.<br>-- સ્વચ્છતા ના રાખીએ તો જીવજંતુ થાય પછી બીમાર પડીએ. | - ઉપરાંત શિયાળા, ઉનાળા અને ચોમાસામાં ઠંડી ગરમી અને વરસાદથી બચવા શું કરવું જોઈએ તેની બાળગીત દ્વારા સમજ.<br><br>**બાળગીત:-**<br>૧) શિયાળામાં સ્વેટર પહેરું,  ઉપર ઓઢું શાલ માથે વાંદરા ટોપી પહેરું, પગના મોજા ગરમ<br>૨) ડુંગર ઉપર આગ લાગી દોડો રે દોડો<br><br>**પ્રવૃત્તિ:-**<br>૧) ટ્રાફિકના ચિત્રો દ્વારા ઝીબ્રા ક્રોસિંગ અને સિંગલ વિશે સમજણ આપવી.<br>૨) બારી બારણા, દાદરા ચડતી વખતે તૂટેલી દીવાલ પાસેથી પસાર થાત, પાણીનો ટાંકો, ખુલ્લી ગટર પાસેથી પસાર થવું ન જોઈએ તેમજ શું ધ્યાન આપવું ટે વિશે સમજણ આપવી.<br>૩) ગેસના ચુલાથી અને વજનદાર વસ્તુઓથી દુર રહેવા વિશે સમજણ આપવી | ૨) રમત રમતી વખતે અન્ય બાળકોને ઈજા ન પહોચે તેની સમજ કેળવે છે, જો રમતા ઈજા થાય તો ડોક્ટર પાસે જવું પડે અને ટે કઈ રીતે મદદ કરે ટે અંગે ની ચર્ચા કરવી.<br>ઘર અથવા આંગણવાડી પર આગ, વાવાઝોડું, ભૂકંપ જેવી પરિસ્થિતિમાં વડીલોને તુરંત જાણ કરાવી અને સાથે રહેવું જોઈએ તેવી સમજ કેળવવી . |
| **HW 1.16  ચાલવું,દોડવું, કુદવું ચઢવું જેવી રોજીંદી પ્રવૃતિઓમાં સ્થૂળ, સ્નાયુ કૌશલ્ય ( Gross motor Coordination) સંકલન દર્શાવે છે.** | **HW 2.16   ચાલવું,દોડવું, કુદવું ચઢવું જેવી રોજીંદી પ્રવૃતિઓમાં સ્થૂળ, સ્નાયુ કૌશલ્યમાં ( Gross motor Coordination) સંકલન નિયંત્રણ જાળવે છે.** | **HW3.16     ચાલવું,દોડવું, કુદવું ચઢવું જેવી રોજીંદી પ્રવૃતિઓમાં સ્થૂળ, સ્નાયુ કૌશલ્યમાં ( Gross motor Coordination) સંકલન નિયંત્રણ અને શક્તિ  જાળવે છે.** |

| | | |
|---|---|---|
| ૧) OOO - મણકા પરોવવા, ભૂંગળી પરોવવી, પરોવાણી બોર્ડ<br>દા.ત.<br>OOOOO<br>OOOOO<br>**- તલ બદ્ધ રમત :-**<br>એક દોરડું લો. અને તેમને જમીન ઉપર અલગ-અલગ રીતે ગોઠવવું દા.ત. ગોળ, ચોરસ, ત્રિકોણ, સીધું, સર્પાકાર ઉપર બાળકો ચાલે, અને ખંજરી વગાડવી. | **--ઝાડ અને પહાડ જેવા**<br>શિક્ષિકા બહેન ઝાડ એવું બોલે એટલે બાળકો બે હાથ અને બે પગ પહોળા કરી ઉભા રહેવું.<br>શિક્ષિકા બહેન પહાડ એવું બોલે એટલે બાળકો બે હાથ ઉંચા થવાય તે કરી ઉભા રહેવું.<br><br>-- લસર પટ્ટીના પગથીયા ચડીને પેલી બાજુ બાળક લસરે.<br>--એક પગથીયા ઉપરથી બાળક કુદકો મારે.<br>--ગરણીની મદદ વડે બોટલમાં જીણી રેતી ભરવી<br>--જંગલ કેરા પ્રાણીઓની છુક-છુક ગાડી જય આગળ કાળા હાથીભાઈ એન્જીન એ કહેવાય વાઘ અને સિંહ એના ડબ્બા થઇ જોડાય.... | શિક્ષક દ્વારા બાળકોને લીંબુ ચમચી ની રમત, સંગીત-ખુરશી ની રમત રમાડવી.<br><br>**બહાર ની રમત :-**<br>ઘેર-ઘેર ધાણી, કેટલે-કેટલે પાણી? ની રમત થતા બાળકો ગોળ રાઉન્ડમાં ઉભા રહીને શિક્ષક વચ્ચે ઉભા રહીને પૂછશે કેટલે-કેટલે પાણી બાળક પાણી સ્તર દર્શાવશે.<br><br>**બાળગીત:-** આ બાજુ લીલું છમ- પેલી બાજુ લીલુંછમ વચમાં મોટો ડુંગર ડુંગર વચ્ચેથી ઝરણું ડુંગર ઉપર ઝરણું પણ પછી શું?..... |
| **HW 1.17 સંગીત, નૃત્ય અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ વિશે જાણે અને તેમાં ભાગ લે છે.**<br><br>**પ્રવૃત્તિ :- મુલાકાત**<br><br>**આંગણવાડી વાળા બાળકોને પ્રાથમિક શાળામાં થતી પ્રાર્થના (ધૂન,ભજન,બાળગીત) તથા વિવિધ પ્રવૃતિઓની મુલાકાત લઇ તેના રસના વિષયમાં ભાગ લેવા પ્રેરવા.** | **HW 2.17 સંગીત, નૃત્ય અને સર્જનાત્મકપ્રવૃતિઓ વિશે જાણે અને તેમાં ભાગ લે છે.**<br><br>**પ્રવૃત્તિ:-૧ સંગીતના સાધનોનો ઉપયોગ**<br><br>બાળકો દ્વારા ઢોલક, મંજીરા.પેટી, કરતાલ, તબલાં, વાયોલીન, બેન્જો, શરણાઈ, પાવો, ખંજરી જેવા વાદ્ય સાધનોનો પરિચય અને તેનો ઉપયોગ કરે તેવી પ્રવૃત્તિ કરાવવી. | **HW 3.17 સંગીત અને હલન ચલનની પ્રવૃતિઓ કરવા માટેની જગ્યાઓ શોધે છે. તેમજ તેમાં સક્રિય અને સર્જનાત્મક રીતે ભાગ લે છે.**<br><br>**પ્રવૃત્તિ-૧ સ્થાનિક ગરબા, લોકગીત,લગ્નગીતો પર નૃત્ય કરાવવું.**<br><br>- લાલગાડી આવી ગુલાબી ગઝરો લાવી....<br>- ટુ કાળી ને કલ્યાણી.... |

| | | |
|---|---|---|
| **પ્રવૃત્તિ-૨ મોબાઈલ તથા ટીવી નિદર્શન**<br><br>મોબાઈલ તથા ટીવીમાં વયકક્ષા મુજબ સ્થાનિક સંગીત નિદર્શન અને શ્રવણ કરાવવું | **પ્રવૃત્તિ:-૨ સ્થાનિક પ્રવૃતિઓમાં ભાગદાર બનાવવાં**<br><br>સર્જનાત્મક પ્રવૃતિઓ જેવી કે માટીકામ, રંગપૂરણી,વર્ગીકરણ જેવી પ્રવૃતિઓ કરાવવી.<br><br>- સફાઈ ના ચિત્રોમાં રંગપૂરણી.<br>-નાના-મોટા કાંકરા, સફેદ-કાળા કાંકરા અલગ<br>- પાંદડાનું વર્ગીકરણ<br>-વિવિધ વાદ્યોના અવાજ સંભાળવા અને ઓળખવા | -હો રંગ રસિયા...<br>- કૃષ્ણ ભગવાન હાલ્યા દ્વારકા....<br><br>**પ્રવૃત્તિ:-૨ શાળા બાળમેળામાં આંગણવાડી બાળકોને સહયોગી બનાવવા.**<br><br>- શાળા બાળમેળામાં બાળકોને વિવિધ થતી સર્જનાત્મક પ્રવૃતિઓ જેવી કે ચિત્રકામ, તોરણ બનાવવું, વેસ્ટમાંથી બેસ્ટ, વિવિધ બાળક નાટક જેવા કે ( સ્વચ્છતા નું નાટક --ચકી અને ચકો --ઉંદર સાત પુછડી વાળો) માં સહભાગી બને તેવું આયોજન કરી બાલવાટિકા ના બાળકોને સક્રિય અને પ્રવૃત કરવા. |
| **HW 1.18** છાપકામ, **રેખાચિત્ર દોરવા આડાઅવળા લીટા કરવા, માટીકામ, ફ્જ્કમ અને ચીટકકામ વગેરે જેવી પ્રવૃત્તિઓ સુક્ષ્મ સ્નાયુ કૌશલ્ય (Fine Motor Skill) અને સામાન્ય આંખ-હાથ સંકલન તાલમેલ (Coordination) દર્શાવે છે.**<br>**સાધન સામગ્રી:-** ભીંડો, કાગળના કુચા, બટાટા, રીંગણા, વિવિધ પાંદડાઓ વગેરે, વોટર કલર, કાગળ, પીંછી. | **HW 2.18 સુક્ષ્મ માંસપેશી કૌશલ્ય (Fine Motor Skill) નું નિદર્શન કરે છે અને આકારો કાપવા, મુક્ત ચિત્રકામ, રંગપૂરણી, મણકા પરોવવા, ફાડકામ, ચીટકકામ વગેરે જેવા કર્યો કરે છે જેમાં આંખ-હાથના જટિલ સંકલનની જરૂર પડે છે.**<br><br>**પ્રવૃત્તિ:- ૧ ચીટક કામ**<br><br>**સાધન સામગ્રી :-** વિવિધ ચિરોડી કલર, થર્મોકોલ | **HW 3.18(A) ચોક્કસાઈ અને નિયંત્રણ સાથે સુક્ષ્મ માંસપેશી કૌશલ્ય (Fine Motor Skill) નું નિદર્શન કરે છે.**<br><br>**HW 3.18 (B) સીધી લાઈનમાં કાપવું, રેડવું, બટન ખોલ બંધ કરવા જેવા જટિલ કામમાં તાલમેલ ભર્યું હલન ચલન કરે છે.**<br><br>**પ્રવૃત્તિ :- ૧ હલન-ચલનની પ્રવૃતિઓ** |

| | | |
|---|---|---|
| **પ્રવૃત્તિ :- છાપકામ**<br><br>**સમજ :-** ઉપર આપેલી વિવિધ વસ્તુઓ દ્વારા બાળકોને છાપકામ કરાવવું, જેના દ્વારા બાળકોના સુક્ષ્મ સ્નાયુ કૌશલ્યો નો વિકાસ થાય અને અંખ-હાથના સંકલન અને તાલમેળ આવે.<br>**પ્રવૃત્તિ:- માટીકામ**<br><br>**સાધનસામગ્રી :-** માટી, પાણી<br><br>**સમજુતી :-** માટીના ગોંદા માંથી સ્થાનિક વાસણો, પર્વત, પ્રાણીઓ, મણકા બનાવશે. | ની ગોળી, રેતી, કાગળના ટુકડા, વિવિધ કોરા ચિત્રો, ગુંદર, ફેવિકોલ.<br><br>**સમજ:-**<br>બાળકો દ્વારા કોરા ચિત્રોમાં પોતાને મનપસંદ વસ્તુ ચીપકાવશે. જેમકે.. ગીરનાર (પર્વત) ના ચિત્રમાં રેતી ચિપકાવી.<br>**પ્રવૃત્તિ:- ૨ કાગળ કામ**<br><br>કાગળમાંથી ગોળી બનાવવી, કાગળમાં વિવિધ ગળી પાડવી, કાગળમાંથી વિમાન, હોળી, ટોપી બનાવવી. જેવી પ્રવૃત્તિ દ્વારા બાળકોના હાથના સુક્ષ્મ સ્નાયુઓ અને આંગળાના વળાંકનો વિકાસ થાય. | **સાધન સામગ્રી:-** દોરડું, દડો, સોઈ- દોરો, બટન, સળી, મણકા.<br><br>**સમજ:-**<br>બાળકોને દોરડા કુળ, દડાને અમુક લક્ષ્ય સુધી પહોચાડી સીધી લીટીમાં ફેકવો, સોઈ દ્વારા બટન પરોવવા, સળીમાંમણકા પરોવવાની વિવિધ પ્રવૃતિઓ કરાવવી અને તેના દ્વારા ચોક્કસાઈ, નિયંત્રણ સાથે સુક્ષ્મ સ્નાયુ, માસ પેશીના તાલમેલ ભર્યું હલન-ચલન કરે તે અપેક્ષિત રાખવું. |




# નિપુણ ભારત

જી.સી.ઇ.આર.ટી.ગાંધીનગર પ્રેરિત

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જૂનાગઢ સંપાદિત

# ECCE સાહિત્ય નિર્માણ

### લેખન - સંપાદન



## IL
## બાળકો જાતે શીખે અને પોતાના નજીકનાં પર્યાવરણ સાથે જોડાય

| નામ | શાળાનું નામ | તાલુકાનું નામ | Module |
|---|---|---|---|
| રમેશકુમાર એમ. સાણથરા | નિવૃત્ત પ્રાથમિક શિક્ષક | જૂનાગઢ | IL |
| ચુડાસમા દિક્ષિતા સરમણભાઈ | આઈ.સી.ડી.એસ. માંગરોળ | માંગરોળ | IL |
| દુતિયા વિરલ પ્રકાશભાઈ | બી.આર.સી ભવન જૂનાગઢ ગ્રામ્ય | જૂનાગઢ ગ્રામ્ય | IL |
| કાશ્મીરાબેન ફા ચૌહાણ | ગ્રામ ઉદ્યોગ મંદિર પ્રાથમિક શાળા જુનાગઢ | જુનાગઢ | IL |
| જોષી નિતીનભાઈ લાલજીભાઈ | આઈ.સી.ડી.એસ ઘટક - ભેંસાણ | ભેંસાણ | IL |
| વ્યાસ દિપ્તીબેન બળવંતરાય | સાંકરોળા પ્રા. શાળા | ભેસાણ | IL |
| શિલ્પાબેન ચત્રભુજ માકડિયા | મેઘપુર | વંથલી | IL |
| લિગારી નાહિદખાન એન. | ચંદવાણા પે. સેન્ટર શાળા | માંગરોળ | IL |

ફેબ્રુઆરી - ૨૦૨૩

बाल देवो भव:

## **વિકાસાત્મક ઉદ્દેશ 3**: **બાળકો** જાતે શીખે **અને પોતાના નજીકના પર્યાવરણ સાથે જોડાય (IL)**

**મૂખ્ય ક્ષમતાઓ:**

| | | |
|---|---|---|
| **સંવેદી વિકાસ**<br>• દ્રષ્ટિ, અવાજ, સ્પર્શ, ગંધ, સ્વાદ | **બોધાત્મક કૌશલ**<br>• અવલોકન, ઓળખ, સ્મૃતિ, જોડાણ, વર્ગીકરણ, ભાત, ક્રમિક વિચારણા, સર્જનાત્મક ચિંતન, વિવેચનાત્મક ચિંતન, સમસ્યા ઉકેલ, તાર્કિક ચિંતન, જિજ્ઞાસા, પ્રયોગશીલતા, શોધખોળ | **પર્યાવરણ સંબંધી સંકલ્પનાઓ**<br>• કુદરતી: પ્રાણી, પક્ષી, ફળ, શાકભાજી, અનાજ<br>• ભૌતિક: પાણી, હવા, ઋતુ, સૂર્ય, ચંદ્ર, દિવસ અને રાત<br>• સામાજિક: પોતે, કુટુંબ, વાહનવ્યવહાર, તહેવાર, સમાજ,સહાયકો વગેરે |
| **સંકલ્પના ઘડતર**<br>• રંગ, આકાર, અંતર, માપન, કદ, લંબાઈ, વજન, ઊંચાઈ, સમય<br>• આકાર, કદ, સ્થાન, દિશા, હિલચાલની સમજ<br>• એક એક સંગતતા (One to one correspondence) | **સંખ્યા જ્ઞાન**<br>• ગણે અને કેટલા છે તે કહે<br>• સંખ્યાની ઓળખ<br>• ક્રમ નો ખ્યાલ ( આપેલ સંખ્યાથી આગળ 10 સુધી ગણતરી કરી શકે) | **ગાણિતિક ક્રિયાઓ**<br>• સરવાળા<br>• બાદબાકી<br>• ગુણાકાર<br>• ભાગાકાર |
| **માપન**<br>• લંબાઈ, દળ, જથ્થો, તાપમાન | **આકાર**<br>દ્વિપરિમાણીય, ત્રિપરિમાણીય, સીધી લીટી, વાંકી લીટી, સપાટ અને ખરબચડી સપાટી | • ડેટા હેન્ડલિંગ / માહિતી નિયમન<br>• તરાહ/Pattern<br>• કેલેન્ડરની પ્રવૃત્તિ<br>• તકનિકીનો ઉપયોગ |

| પ્રિ સ્કૂલ 1 | પ્રિ સ્કૂલ 2 | બાલવાટિકા |
|---|---|---|
| IL1.1<br>પર્યાવરણનું અવલોકન કરવા અને સમજવા માટે બધી ઇન્દ્રિયોનો ઉપયોગ કરે છે.<br><br>પ્રવૃત્તિ 1: ફળ ફૂલ શાકભાજી પ્રાણી પક્ષી નમુના અથવા પ્રત્યક્ષ સ્વરૂપ બતાવો. વિવિધ પ્રકારના અવાજો સંભળાવવા જેવા કે વાજિંત્રો પ્રાણીઓ પક્ષીઓ વગેરે.<br>નોંધ: અહીં અવાજ સંભળાવવા માટે મોબાઈલનો ઉપયોગ કરી શકાય. | IL2.1<br>પર્યાવરણનું અવલોકન કરવા અને તેની સમજ માટે પાંચ ઇન્દ્રિયોનો ઉપયોગ કરે છે.<br><br>પ્રવૃત્તિ 1: બાળક ઇન્દ્રિયોથી સ્પર્શ કરશે ,સમજ મેળવશે. દા.ત. જુદાજુદા ફળ કે શાકભાજી ની છાલ, પર્ણોની સપાટી, બીજ ની સપાટી સ્પર્શ દ્વારા ખરબચડી છે કે લીસી તે કહી શકશે.<br>વિવિધ અવાજો સાંભળીને અવાજ ઓળખશે દા.ત. પક્ષીઓ ના અવાજ પ્રાણીઓના અવાજ વાજિંત્રના અવાજ મોબાઈલ દ્વારા પણ સંભળાવી શકાય.<br>વિવિધ રંગ અને આકાર ની સમજ કેળવે અહીં ચાર્ટ કે કાર્ડબોર્ડ માંથી બનાવેલા વિવિધ આકારો તેમજ રંગોની ઓળખ સરળતાથી આપી શકાય. તેમજ જુદા જુદા રંગના શાકભાજી કે ફળો એકત્રત કરી | IL3.1<br>પર્યાવરણનું અવલોકન કરવા અને તેની સમજ માટે બધી ઇન્દ્રિયોનો ઉપયોગ કરે છે.<br><br>બાળક અવલોકન દ્વારા, સ્પર્શ દ્વારા, સઆંભળીને, કે સ્વાદ પારખીને કે સૂંઘીને કે વસ્તુઓને ઓળખી શકે છે. તેને વર્ણન કરશે.<br>ગીત: એક કહેતા માથે હાથ<br>બે કહેતા કાને હાથ... |

| | | |
|---|---|---|
| | રંગો વિશે અવલોકન કરી તેઓ નિર્ણય આપી શકશે.<br>સ્વાદ પારખવા માટે બાળકને ખાંડ, મીઠું, લીંબુ, દહીં, દૂધ વિવિધ ફળો આપી શકાય જેના દ્વારા તેને સ્વાદની ચોક્કસ સમજ મળશે.<br>ગંધ પારખવા માટે<br>બાળકને જુદા જુદા ફૂલોની સુગંધ રસોડાના મસાલા જેવાકે તજ, લવિંગ, એલચી, તુલસી, ફુદીનો, વગેરે સ્થાનિક ઉપલબ્ધ હોય તેવી વસ્તુઓ આપી શકાય. | |
| IL1.2<br>પરિચિત વ્યક્તિઓ, વસ્તુઓ, અવાજ, ચિત્રો, પ્રાણી-પક્ષી અને ઘટના ઓળખી તેનાં નામ કહે છે.<br><br>પ્રવૃત્તિ:<br>સાધન/સામગ્રી: ડબી, કાંકરા, કાંકરી, રેતી, વગેરે<br>પદ્ધતિ: વિવિધ પ્રાણીઓ, પક્ષીઓ, જુદા જુદા વાહનો અન્ય ધ્વનિઓ મોબાઇલ દ્વારા સંભળાવી શકાય આ | IL2.2<br>પરિચીત વ્યક્તિઓ, વસ્તુઓ, અવાજ, ચિત્રો, પ્રાણી-પક્ષી અને ઘટનાનું વર્ણન કરે છે.<br><br>પ્રવૃત્તિ:<br>સાધન: ખંજરી, મંજીરા, ઢોલ, પ્યાલો, ચમચી, પક્ષી પ્રાણી કે વાહન ના કાર્ડ.<br>પ્રવૃત્તિ: વિવિધ પ્રાણી પક્ષી જુદા જુદા વાહનો કે | IL3.2<br>આસપાસના પર્યાવરણની વસ્તુઓ, અવાજ, પ્રાણી-પક્ષી અને લોકોની બારીક વિશેષતા નોંધે અને તેનું વર્ણન કરે છે.<br><br>પ્રવૃત્તિ<br>સાધન સામગ્રી: પક્ષીઓ અને એના બચ્ચા ના ચિત્રો અથવા કાર્ડ<br>પક્ષીઓ અને એમના બચ્ચાના કાર્ડ જમીન ઉપર ઉંધા |



| | | |
|---|---|---|
| ઉપરાંત વેસ્ટ ડબીમાં કાંકરા, કાકરી રેતી કે અન્ય વસ્તુ ભરી સંભળાવી શકાય તેમ જ પાણીમાં પથ્થર નાખતા જે અવાજ સંભળાય છે તેનો પણ અનુભવ આપવો. | અન્ય ધ્વનિઓ સંભળાવવા જેને બાળકો ઓળખી બતાવશે.<br>રમત 1: શિક્ષિકા બહેન ચાર ખૂણામાં ચાર જુદા જુદા પક્ષીઓ ના ચિત્રો મુકશે પછી ખંજરી વગાડશે અને બાળકો ગોળમાં દોડશે એક પક્ષીનું નામ બોલી ખંજરી વગાડવાની બંધ કરશે બાળકો એ પક્ષી નો અવાજ કરતા કરતા એ ખૂણામાં જઈ ઉભા રહેશે કાર્યકર પક્ષી ના ચિત્રો બદલી શકે છે. | ગોઠવવા વારાફરતી બાળક એક કાર્ડ ઉપાડશે પછી જઈને બીજું ઉપાડશે. જો પક્ષી અને બચ્ચાની સાચી જોડ બની તો બાળક જોડ પોતાની પાસે રાખશે અને તેની વિશેષતા નું વર્ણન કરશે. અને જોડ ન બની તો બંને કાર્ડ ઊંધા પાછા મુકશે.  એમ વારાફરતી બધા બાળકો રમશે. |
| IL1.3 a<br>એકસાથે જોયેલી 2-3 વસ્તુ યાદ રાખે અને ફરી તે જણાવી શકે છે.<br><br>પ્રવૃત્તિ:<br>સાધન: ફળ ફૂલ પ્રાણી વાજિંત્રો વાહન શાકભાજી જેવી પરિચિત વસ્તુઓના ફ્લેશ કાર્ડ.<br>બાળકને જુદા જુદા પરિચિત વસ્તુઓના ફ્લેશ કાર્ડ બતાવવા તેને  ઓળખી તેનું નામ જણાવવું. | IL2.3 a<br>એકસાથે જોયેલી 3-4 વસ્તુ યાદ રાખે અને ફરી તે જણાવી શકે છે.<br><br>IL2.3 b<br>પરિચિત વસ્તુના ચિત્રના 3 થી 5 ખૂટતા ભાગને ઓળખે છે.<br><br>પ્રવૃત્તિ<br>ફળ ફૂલ પ્રાણી અન્ય પરિચિત વસ્તુઓ (આસપાસ માં રહેલી વસ્તુઓ) એકસાથે બતાવી તેના નામ | IL3.3 a<br>એકસાથે જોયેલી 4-5 વસ્તુ યાદ રાખે અને ફરી તે જણાવી શકે છે.<br><br>IL3.3 b<br>પરિચિત વસ્તુના ચિત્રના 3 થી 5 ખૂટતા ભાગને ઓળખે છે.<br><br>પ્રવૃત્તિ<br>પોતાની આસપાસના પરિચિત ઉપસોના પાંદડાઓ ના નામ ઓળખી બતાવો |

| | | |
|---|---|---|
| IL1.3 b<br>**પરિચિત ચિત્રનો ખૂટતો ભાગ ઓળખે છે.** | બાળકો ઓળખી બતાવશે.<br>સાધનો: આસપાસ માંથી મળતી વસ્તુ | શિક્ષિકા બેન વસ્તુઓ વચ્ચે મૂકશે અને મોટા અક્ષરે એક થી પાંચ અંક જમીન પર લખશે પ્રત્યેક બાળકની બે સૂચનાઓ આપશે.<br>દા.ત. ત્રણ સરખી વસ્તુ લાવી અંક ત્રણ ઉપર ઊભા રહેવું. એ જ પ્રમાણે દરેક બાળકનો વારો કરવો અને દરેક બાળક એક થી પાંચ અંક સુધી વારા કરશે.<br>સાધન 1 થી 5 નંબર લખેલા કાર્ડ/ 1 થી 5 નંબર જમીન પર પણ લખી શકાય, પરિચિત વસ્તુઓ. |
| IL1.4<br>**બે જુદા જૂથની 3 -4 વસ્તુઓને એકની સાથે એક જોડે છે. (એક એક સંગતતા અનુસાર)**<br>પ્રાણી અને તેના બચ્ચાના 3-4 ફ્લેશ કાર્ડ બાળકો તેની જોડી બનાવશે.<br>સરખા દેખાતા વાસણ ની જોડ બનાવે.<br>એક બોક્ષમાં શાકભાજી અને ફળ ભેગા આપવા.<br>બાળકો શાકભાજી અને ફળ ને જુદા જુદા ભાગમાં વિભાજીત કરશે. | IL2.4<br>**બે જુદા જૂથની 4 - 5 વસ્તુઓને એકની સાથે એક જોડે છે. (એક એક સંગતતા અનુસાર)**<br>પ્રાણી અને તેના બચ્ચાના4 - 5 ફ્લેશ કાર્ડ બાળકો તેની જોડી બનાવશે.<br>સરખા દેખાતા વાસણ ની જોડ બનાવે.<br>એક બોક્ષમાં શાકભાજી અને ફળ ભેગા આપવા.<br>બાળકો શાકભાજી અને ફળ ને જુદા જુદા ભાગમાં વિભાજીત કરશે. | IL3.4<br>**બે જુદા જૂથની 5 - 6 વસ્તુઓને એકની સાથે એક જોડે છે. (એક એક સંગતતા અનુસાર)**<br>પ્રવૃત્તિ<br>રમત: કેટલા રે કેટલા? તમે કહો તેટલા.<br>સાધન સામગ્રી<br>પહેલા કપડાં અથવા કલરના કપડા<br>રીત: બાળકોને ગોળમાં ઊભા રાખી શિક્ષિકા બેન સરખા કલર ના કપડા પહેરેલા બાળકોને પોતાની પાસે ગોળાકારમાં આવવાનું કહેશે. |

| | | |
|---|---|---|
| IL1.5<br>અવલોકી શકાય તેવા કોઈ એક પરિબળને દા. ત. લંબાઈ, વજન, કદ ના આધારે બે વસ્તુઓની સરખામણી કરે છે.<br><br>વર્ગમાં લાંબી ટૂંકી હલકી ભારે નાની મોટી વસ્તુઓ બતાવી વિદ્યાર્થી ઓળખ કેળવે.<br>દા.ત.<br>લાકડી- નાની કે મોટી<br>પ્રાણી ચિત્ર- ઊંટ, ઘેટું નાનું કેમોટું<br>વસ્તુ: લાકડું, લોખંડ હલકું ભારે<br>માટીમાંથી બનાવેલ જુદા જુદા વજનના દડા બતાવવા<br>બંને હાથમાં રાખી વજન ઓછું કે વધારે ની સમજ આપવી. | IL2.5<br>બે પરિબળો જેવાં કે આકાર અને રંગ, આકાર અને કદના આધારે વસ્તુઓની સરખામણી અને વર્ગીકરણ કરે છે.<br><br>કદ સૂચક શબ્દો (નાનું, મોટું, ઊંચું, નીચું ) વડે વસ્તુનું વર્ણન કરે છે.<br><br>1.5માં કરાવેલ પ્રવૃત્તિ નું પુનરાવર્તન<br>અલગ અલગ રંગો બતાવવા<br>નાની કે મોટી વસ્તુઓને જૂથમાં અલગ પાડવા.<br>સરખા રંગની વસ્તુઓને અલગ પાડવા.<br>મોતિયો જુદા જુદા રંગના ભેળવી દેવા ત્યારબાદ રંગ પ્રમાણે અલગ કરવા કહેવું.<br>સાધન: જુદા જુદા રંગના મણકા | IL3.5<br>ત્રણ પરિબળો જેવાં કે આકાર, રંગ અને કદના આધારે વસ્તુઓની સરખામણી અને વર્ગીકરણ કરે છે.<br><br>સ્થાનવાચક શબ્દો (બાજુમાં, અંદર, નીચે ...) યોગ્ય રીતે વાપરી વસ્તુનું વર્ણન કરે છે.<br><br>1.5 અને 2.5 કરાવેલ પ્રવૃત્તિઓનું પુનરાવર્તન સાથે વધુ વસ્તુઓ પ્રવૃત્તિ કરાવી.<br>વર્ગની અંદર શું છે? વર્ગની બહાર શું છે?<br>ટેબલ નીચે શું છે? ટેબલ ઉપર શું છે? જેવા વિવિધ પ્રશ્નો પૂછી બાળકને વર્ણન કરવા કહેવું. |
| IL1.6<br>બે – ત્રણ વસ્તુ/ચિત્રકાર્ડને આકાર, કદ, ઘટનાનો ક્રમ વગેરેમાં શ્રેણીબધ્ધ કરે/ક્રમમાં ગોઠવે. | IL2.6<br>ત્રણ - ચાર વસ્તુ/ચિત્રકાર્ડને આકાર, કદ, ઘટનાનો ક્રમ વગેરેમાં શ્રેણીબધ્ધ કરે/ક્રમમાં ગોઠવે. | IL3.6<br>ચાર – પાંચ વસ્તુ/ચિત્રકાર્ડને આકાર, કદ, ઘટનાનો ક્રમ વગેરેમાં શ્રેણીબધ્ધ કરે/ક્રમમાં ગોઠવે. |

| | | |
|---|---|---|
| પ્રવૃત્તિ<br>આકાર: સરખી આકારવાળી જોડી પર ગોળ કરો.<br>આકારમાં જુદા જુદા રંગ પૂરો.<br>કદ: નાના- મોટા વૃક્ષોની ઓળખ (જોડ બનાવવી)<br>નાની મોટી પેન્સિલની જોડી બનાવે<br>નાના મોટા કદના પુસ્તકો ગોઠવે<br>કદ પ્રમાણે નાની મોટી બોટલ અલગ પાડે<br>ઘટના નો ક્રમ:<br>ચિત્રોની ઘટના પ્રમાણે ક્રમમાં ગોઠવો.<br>રંગ અનુસાર મણકા ક્રમમાં ગોઠવો.<br>કદ અનુસાર રીંગ ગોઠવો. | ટોપલીમાં મુકેલા આકારને ગોળ, ત્રિકોણ અને ચોરસ પ્રમાણે વર્ગીકરણ કરવું છૂટા પાડી જુદી જુદી ઢગલી કરવી.<br>સાધન સામગ્રી:<br>કાર્ડમાંથી બનાવેલા ગોળ, ચોરસ અને ત્રિકોણ આકારો અને ટોપલી<br>જોડકણું: ચાંદો સુરજ રમતા’તા | પ્રવૃત્તિ આકાર<br>શિક્ષકે બાળકોને સુચના આપવી કે તમને આપેલા આકાર જમીન પર મૂકી તેને ફરતું ચોકની મદદથી તે મુજબનો આકાર બનાવવો.<br>સાધન સામગ્રી<br>પુઠામાંથી બનાવેલા ગોળ, ચોરસ અને ત્રિકોણ આકારો ટોપલી અને ચોક<br>ગીત: ચાંદો સુરજ રમતા'તા<br>વાર્તા :૧)કાગડો અને કોઠિબું...<br>૨) રાજા કરતા મારી ટોપી સારી |
| IL1.7<br>જુદી જુદી ઘટનાઓ આધારિત વાર્તાઓનો આનંદ માણે છે.<br><br>વાર્તાઓ<br>સમજુ બકરીઓ<br>બે બિલાડી અને વાંદરો | IL2.7<br>પોતાના રોજિંદા જીવનની ઘટનાઓ, પોતાના શબ્દોમાં કહે છે.<br><br>શિક્ષક પોતાની રજૂઆત કરી અને સમજાવશે તથા પોતાના બાળક વિશે વાત કરશે અને સમજાવશે.<br>બાળક પોતાની રીતે પોતાના રોજિંદા જીવનની | IL3.7<br>વાર્તા કહેવાતી હોય ત્યારે ઘટનાઓનો ક્રમ સમજે છે જેમ કે, ‘પહેલાં શું થયું?’, ‘રાત્રે કોણ આવ્યું?’ વગેરે<br><br>વાર્તા<br>(૧)બે બિલાડી અને વાંદરો, (૨) તરસ્યો કાગડો |

| | | |
|---|---|---|
| સંપ અને જંપ<br>તરસ્યો કાગડો | ઘટનાઓ કહેશે (માન્ય ભાષામાં સુધારો કરવો અને બોલવા પ્રેરવા) | ફરી વખત ઉપર મુજબની વાર્તા કહેવી તેમજ અન્ય વાર્તા નો સમાવેશ કરવો.દા.ત. ટોપીવાળો ફેરિયો, બીકણ સસલી,વગેરે ત્યારબાદ પ્રશ્ન પૂછી ઘટનાક્રમ પ્રમાણે જવાબ મેળવવા.<br>પ્રવૃત્તિ: ઘટનાક્રમના ચાર્ટ મુકવા<br>ઘટનાક્રમ મુજબ બેનર બનાવી આડાઅવળા ગોઠવવા ત્યારબાદ બાળકોને ક્રમ પ્રમાણે ગોઠવવા કહેવું<br>સંદર્ભ: દૈનિક ક્રિયાનો ચાર્ટ પેજ નંબર 84 પ્રજ્ઞા ધોરણ 1 |
| IL1.8 a<br>રોજિંદા પ્રશ્નો/ સમસ્યાઓ આપમેળે અથવા વડીલોની મદદથી ઉકેલે છે.<br><br>ઊંચે વસ્તુ હોય, પાણી પીવું... ભોજન લેવું રમકડા લેવા જેવી સમસ્યાઓ પોતાની જાતે ઉકેલવા પ્રયત્ન કરે. જેમ કે કોઈ વડીલ ની કે અન્ય બાળકની મદદ લેવી ટેબલ કે ઊંચાઈ વળી વસ્તુનો સહારો લેવો.<br>પ્રવૃત્તિ<br>બાળકને આગળ પાછળ ચાલવા કહેવું. | IL2.8 a<br>સાદી સમસ્યાઓ કે પરિસ્થિતિ  માટે ઉકેલ આપે છે.<br><br>કપડા પહેરવાની, નાહવાની, જમવાની, શૌચાલયની સમસ્યા, ચાલવાની, ફળ ખાવાનીસમસ્યા, સીડી ચડવાની સમસ્યા, અનુભવને આધારે શીખશે પછી ઘરના સભ્યોની મદદ થી સમસ્યાનો ઉકેલ મેળવશે. | IL3.8 a<br>સાદી સમસ્યાનો કારણ સાથે ઉકેલ આપે છે.<br><br>જમતી વખતે ઢોળાય તો દાઝી જવાય, કપડા બગડે, વજનદાર વસ્તુ ઉચકવાદી વાગી જાય, અલગ-અલગ ફળ ખાતી વખતે બરાબર ધ્યાન ના રાખે અને છોડીયો છાલ વગેરે ભૂલથી ખવાઈ જાય આવી સમસ્યાઓને ઓળખે છે અને તેનો ઉકેલ આપે છે. |

| સાધન ચોક,દોરડું | પ્રવૃત્તિ | અભિનય ગીત: |
|---|---|---|
| પ્રવૃત્તિ 2: બાળક પોતાના શર્ટના બટન ખોલ બંધ કરે.<br> | બાળક એક હાથમાં પુસ્તક રાખીને આગળ પાછળ ચાલશે.<br> | **ચપટી વાગી, ચપટી વાગી, ચપટી વાગી રે.**<br><br>ચપટી વાગી, ચપટી વાગી, ચપટી વાગી રે.<br>ચપચપ, ચપચપ, ચપટી વાગી રે.<br>પપ્પાના કાનમાં ચપટી વાગી રે.<br>મમ્મીના કાનમાં ચપટી વાગી રે.<br>કાકા-કાકી, દાદા-દાદી, ફોઇ-ફુવા, મામા-મામી. ચપટી વાગી ચપટી વાગી ચપટી વાગી રે.<br>ચપચપ ચપચપ ચપટી વાગી રે.<br>ઊભા ઊભા ચપટી વાગી, બેઠા બેઠા ચપટી વાગી<br>નાચતા નાચતા ચપટી વાગી કૂદતા કૂદતા ચપટી વાગી<br>ગોળ ફરતા ચપટી વાગી<br>પલાઠી વાળતા ચપટી વાગી<br>લાંબાપગ કરતાં ચપટી વાગી<br>ચપચપ ચપચપ ચપટી વાગી રે |

વાર્તા: સાત પૂંછડિયો ઉંદર

## સાત પૂછડીયો ઉંદર


એક હતો ઉંદર એને સાત પૂંછડીયો, એ નિશાળે ભણવા ગયો. છોકરાઓ એને ખીજવવા લાગ્યાં ઉંદર સાત પૂંછડીયો... ઉંદર સાત પૂંછડીયો ! ઉંદર તો બિચારો રડવા જેવો થઈ ગયો. એ તો રડતો રડતો ઘેર ગયો. એને આમ રડતો જોઈ મા કહે, શું થયું ? રડે છે શા માટે?"

"મા નિશાળમાં બધા છોકરા મને ઉંદર સાત પૂંછડીયો... ઉંદર સાત પૂંછડીયો, કહીને ખીજવે છે."

મા કહે, "એમાં શું થઈ ગયું ?" ના, મા, તો હું નિશાળે નહીં જાઉ." મા કહે, તો જા વાલિયા વાળંદ પાસે વાલિયાને કહેજે એટલે તારી એક પૂંછડી કાપી આપશે"

ઉંદર તો ગયો. વાલિયા વાળંદ પાસે કહે "મારી એક પૂંછડી કાપી નાખો." વાલિયાએ તો અસ્રાથી ઉંદરની પૂંછડી કાપી નાખી.

એક પૂંછડી કપાઈ ગઈ એટલે ઉંદરને થયું કે હવે મને કોઈ ઉંદર સાત પૂંછડીયો કહીને ખીજવશે નહીં, એ ફરીથી નિશાળે ગયો. છોકરાઓ છ પૂંછડીયો જોઈ ફરી ખીજવવા લાગ્યા. ઉંદર "છ પૂંછડીયો... ઉંદર છ પૂંછડીયો."



એને રડતો રડતો આવતો જોઈ મા કહે, ''વળી પાછું શું થયું ?''

''મા બધાં મને ઉંદર છ પૂંછડીયો... ઉંદર છ પૂંછડીયો કહીને ખીજવે છે.'' મા કહે. તો જા ફરીથી વાળંદ પાસે અને બીજી પૂંછડી કપાવી નાખ.''

ઉંદર ફરીથી વાળંદ પાસે ગયો. કહે ''મારી એક બીજી પૂંછડી કાપી નાંખો.'' વાળંદે તો અસ્ત્રાથી એક પૂંછડી કાપી નાખી. ઉંદર ખુશ થઈ ગયો ને પાછો ગયો નિશાળે એને જોઈ છોકરાઓ વળી ખીજવવા લાગ્યા. ઉંદર પાંચ પૂંછડીયો... ઉંદર પાંચ પૂંછડીયો !''

ફરીથી રડતો રડતો ઘેર ગયો મા કહે; હવે એમા રડે છે શું ? જા પાંચમી પૂંછડી કપાવી નાખ ! ''વાળંદ પાસે પાંચમી પૂંછડી કપાવીને એ નિશાળે ગયો. છોકરાઓ વળી ખીજવવા લાગ્યા. ''ઉંદર ચાર પૂંછડીયો... ઉંદર ચાર પુછડીયો ! આ સાંભળીને તો એ ત્યાંથી પૂરપાટ નાસી ગયો.

વળી પાછો એ રડતો રડતો ઘેર ગયો. મા કહે, ''જા, ફરીથી વાળંદ પાસે એક વધારે પૂંછડી કપાવી નાંખ.'' એણે વાળંદ પાસે વળી એક પૂંછડી કપાવી નાખી એટલે વળી ખીજવવા લાગ્યા. ''ઉંદર ત્રણ પૂંછડીયો... ઉંદર ત્રણ પૂંછડીયો...'' એને થયું કે બધી જ પૂંછડીયો કપાવી નાખું તો કોઈ ખીજવશે નહી એટલે એતો બધી જ પૂંછડીયો કપાવીને નિશાળે ગયો. પણ છોકરાઓ તો માંડ્યા ખીજવવા. ઉંદર બાંડો.... ઉંદર બાંડો.'' એ તો ડુસકેને ડુસકે રોવા લાગ્યો. મા કહે, છોકરાઓ તો ખીજવે જ. આપણે ખીજાઈએ જ નહિ નકામી પૂંછડીઓ કપાવી નાખી.

**કોઈના ખીજવવાથી આપણે ખીજવાવું નહીં.**
**કોઈના ગભરાવવાથી આપણે ગભરાવું નહીં.**
**જેવા હોઈએ તેવા રહેવામાં શરમાવવું નહીં.**
**જેવા હોઈએ તેવા દેખાવમાં જરા પણ શરમ ના રાખવી.**


ચિટક કામ : એક કાગળ પર ફાટેલા કાગળ ના ટુકડા ચોટાડશે.

માટી કામ: માટીમાંથી રમકડા બનાવશે.

ચિત્ર કામ: બાળકને મીણિયા રંગ અને કાગળ આપો તેમને તેમનું કુટુંબ દોરવા કહો બાળકને આવડશે તેવું દોરશે.


સાધન સામગ્રી: કાગળ, મીણિયા રંગ જુના છાપા, માટી સ્લેટ.

<table>
<tr>
<td>IL1.8b આસપાસની બાબતો વિશે જિજ્ઞાસા દર્શાવે છે અને તેને સંબંધિત પ્રશ્નો પૂછે છે.<br><br>બાળકને આસપાસ માંથી કોઈ એક વસ્તુ લાવવા માટે કહેવું અપરિચિત વસ્તુ બાળક જોશે ત્યારે એ શું છે કોણ છે તે સંબંધિત પ્રશ્નો પૂછશે ન જોયેલા પક્ષી નવા સગા સંબંધી ફળ શાકભાજી વનસ્પતિ વગેરે પણ બાળકોને બતાવી. પ્રશ્ન પૂછતો કરી શકાય<br>જરૂરી સાધનો: પક્ષીના ચાર્ટ, ફળના ચાર્ટ ફુલના ચાર્ટ, પક્ષીના રહેઠાણના ચાર્ટ, વગેરે.</td>
<td>IL2.8 b<br>આસપાસની બાબતો <s>વિષે</s> વિશે જિજ્ઞાસા દર્શાવે છે અને તેને સંબંધિત પ્રશ્નો પૂછે છે. (સંબંધિત સંકલ્પનાઓ વિકસાવે)<br><br>બાળક અપરિચિત વસ્તુઓની ચોક્કસ માહિતી મેળવી તેની સંકલ્પના સ્પષ્ટ કરે છે દાખલા તરીકે કાકા કોને કહેવાય? પપ્પા ના ભાઈ તે કાકા રંગબેરંગી પીછું કોનું હોય? મોરનું. પતંગિયા નું પીછું કેવું હોય? જેવી પ્રશ્નોત્તરી કરી બાળકની સંકલ્પનાઓનો વિકાસ કરવો.<br>પ્રવૃત્તિ 2<br>• બગીચા ની મુલાકાત<br>• જુદા જુદા પક્ષીઓની ઓળખ કરાવવી<br>• વિવિધ પીછું હાથમાં આપી તેનો સ્પર્શ કેવો છે તેની સમજ આપવી.<br>• પીછા થી કલર ની ઓળખ<br>• નાના મોટા પીછાની ઓળખ</td>
<td>IL3.8 b પર્યાવરણમાં વસ્તુઓની તપાસ કરે છે અને તેમનો જુદી જુદી રીતે ઉપયોગ કરે, પ્રશ્નો પૂછે, શોધે, અને પોતાનું મંતવ્ય ઘડે અને અનુમાન કરે છે.</td>
</tr>
</table>

| | | |
|---|---|---|
| | • પક્ષીઓના અવાજની ઓઓળખ<br>• વિવિધ પક્ષીઓના અવાજ મોબાઈલ દ્વારા સંભળાવી શકાય.<br><br>પ્રવૃત્તિ:માંથી વિવિધ પક્ષીઓ ના પીછા એકત્રિત કરવા. | પ્રવૃત્તિ ગીત: એક પીછું.<br><br>**એક પીંછું**<br>એક પીંછું ઊડતું આવ્યું, એને પકડી લીધું હાથમાં;<br>ભાઈએ જોયું, બહેને જોયું, બાએ જોયું સાથમાં.......એક૦<br>સુંવાળું રેશમ જેવું, રૂપાળું લાગે કેવું;<br>રંગે લીલું, ઉડે છબીલું, પકડી લીધું હાથમાં........એક૦<br>આ પીંછું કયાં વગડાનું, ઊડીને આવ્યું છાનું;<br>ઊડતું જોયું, મનડું મોહ્યું, પકડી લીધું હાથમાં......એક૦<br>માથાનો મુગટ બનાવી, પીંછાને એમાં લગાવી;<br>બનીશ રાજા, વાગે વાજા, પકડી લીધું હાથમાં.......એક૦<br>ચાંદામામા આકાશે, પીંછાંનું ગીતડું ગાશે;<br>તમને ગમતું, અમને ગમતું, પકડી લીધું હાથમાં........એક૦<br><br>ઉખાણાં:<br>લીલો ***મારો*** રંગ છે વાંકી લાલ ચાંચ છે.<br>ગળે કાળો કાઠલો છે, મરચું જામફળ ખાવ છું.<br>બોલો ભાઈ હું કોણ છું? ( પોપટ)<br>મારે બે પગ છે, કાળો મારો રંગ છે,<br>કાં કાં કાં કાં કરું છું,ખીર પૂરી ખાવ છું. |

| | | |
|---|---|---|
| | | બોલો હું કોણ? ( કાગડો)<br>પ્રવૃત્તિ 2<br>પ્રવાસ અને વાડીની મુલાકાત<br>• પાંદડાઓનો ઉપયોગ<br>• સળીઓ ભેગી કરવી<br>• પથ્થરનો સ્પર્શ<br>• વૃક્ષની છાલ નો સ્પર્શ<br>તે આધારિત પ્રશ્ન પૂછવા જેથી બાળક પોતાનું મંતવ્ય આપશે. |
| IL1.8 c<br>પર્યાવરણીય બાબતો અંગે સભાનતા અને સંવેદના વ્યક્ત કરે છે જેમ કે છોડને પાણી પાવું, વગેરે..<br>બાળકોને સાથે રાખી ફૂલ છોડને પાણી પીવડાવવું ફૂલ તોડવા નહીં જીવજંતુને મારવા નહીં પણ તેને દૂર કરવા પ્રાણીઓને તેમાં તેમના બચ્ચાઓને પાણી પીવડાવવું ભોજન આપવું વાહન કરવું. | IL2.8 c<br>પર્યાવરણીય બાબતો અંગે સભાનતા અને સંવેદના વ્યક્ત કરે છે, જેમ કે છોડને પાણી પાવું, ફૂલને ન ચૂંટવા કે પ્રાણીઓને નુકશાન ન કરવું.<br>બાળકોને સાથે રાખી ફૂલ છોડને પાણી પીવડાવવું ફૂલ તોડવા નહીં જીવજંતુને મારવા નહીં પણ તેને દૂર કરવા પ્રાણીઓને તેમાં તેમના બચ્ચાઓને | IL3.8 c પર્યાવરણીય બાબતો અંગે સભાનતા અને સંવેદના વ્યક્ત કરે છે, જેમ કે પાણીનો બગાડ કરવો નહીં, જરૂર ના હોય ત્યારે લાઈટ બંધ કરવી વગેરે.<br>બાળકને પર્યાવરણની કાળજી રાખવાની પ્રવૃત્તિઓ કરાવવાથી તેનામાં સમજ કેળવાય છે કે છોડને પાણી ન પાયે તો તે કરમાઈ જાય છે જીવજંતુને મરાય નહીં પાણીનો બગાડ કરવો ન જોઈએ વીજળીનો જરૂરિયાત પૂરતો ઉપયોગ કરવો આમ બાળકમાં પર્યાવરણીય |

| | | |
|---|---|---|
| કરશે અને બાળકો પાસે તેનું અનુકરણ કરાવશે.<br>અભિનય ગીત<br>માછલી જલ કી રાની હૈ,<br>જીવન ઉસકા પાની હૈ,<br>હાથ લગાઓ ડર જાયેગી,<br>બહાર નિકાલ લો મર જાયેગી.<br>પ્રવૃત્તિ 2<br>બાળકોને મેદાનમાં લઈ જઈ માટી અને પાણી આપીશું<br>બાળકો માટીમાંથી જુદા જુદા આકારના લાડુ બનાવશે<br>અને એવી જ રીતે બીજા આકારો પણ બનાવશે.<br>બાળક શિક્ષકનું અનુકરણ કરશે.<br>સાધન સામગ્રી: માટી, પાણી | પાણી પીવડાવવું ભોજન આપવું વાહન કરવું.<br>કરશે અને બાળકો પાસે તેનું અનુકરણ કરાવશે.<br>અભિનય ગીત:<br>પ્રવૃત્તિ 2<br>કાગળ અને પાંદડાની પરોવણી<br>બાળકોને પાંદડા જુદા જુદા રંગીન કાગળના ટુકડા<br>અને સળીઓ આપી બાળકને એક પાંદડું અને<br>ત્યારબાદ એક કાગળનો ટુકડો સળીમાં પરોવા કહેવું<br>આ રીતે ક્રમમાં આખી સળી પરોવશે. | જાગૃતતા લાવી શકાય છે.<br>અભિનય ગીત:<br>અભિનય ગીત: આ ગાય કેવી?<br>આ ગાય કેવી છે?<br>દૂધ આપે એવી છે.<br>એ દૂધ કેવું છે?,<br><br>દહીં થાય એવું છે.<br>એ દહીં કેવું છે?, છાસ<br>થાય એવું છે.<br>એ છાશ કેવી છે?,<br>માખણ થાય એવી છે.<br>એ માખણ કેવું છે?,<br>ઘી થાય એવું છે. એ ઘી કેવું છે?<br>લાડુ થાય એવું છે. એ લાડુ કેવા છે?<br>બંદા ખાય એવા છે. |



આવો પારેવાં

આવો પારેવાં , આવોને ચકલાં , ચોકમાં દાણા નાખ્યાં છે.

આવો પોપટજી મેનાં ને લાવજો , ચોકમાં દાણા નાખ્યાં છે.

આવો કાબરબાઈ કલબલનાં કરશો, ચોકમાં દાણા નાખ્યાં છે.

બંટીને બાજરો ચોખાને બાવટો , ચોક માં દાણા નાખ્યાં છે.

ધોળી છે જારને , ઘઉં છે રાતડા , ચોકમાં દાણા નાખ્યાં છે.

નિરાતે ખાજો , નિરાતે ખૂંદજો , ચોકમાં દાણા નાખ્યાં છે.

બિલ્લી નહીં આવે , કૂતરો નહીં આવે , ચોકમાં દાણા નાખ્યાં છે.

ચક-ચક કરજોને , કટકટ કરજો , ચોકમાં દાણા નાખ્યાં છે.

આવો પારેવાં , આવોને ચકલા....

અમર કથાઓ



રંગીલા રંગીલા રંગીલા પતંગિયા

હા હા હા હો હો હો હા હા હા પતંગિયા

બાળકો બાગમાં રમવાને આવતા

દોડાવી દોડાવી થકવી એ નાખતા

મન મારું મોહી લેતા રે પતંગિયા

રંગીલા રંગીલા રંગીલા



ફૂલડે ફૂલડે આમતેમ દોડતા

આકાશે ઉડતાને હાથમાં ન આવતા

મન મારું મોહી લેતા રે પતંગિયા



રંગીલા રંગીલા રંગીલા

| | | |
|---|---|---|
| | સાધન સામગ્રી: પાંદડા, કાગળ ના ટુકડા, પાતળી સળીઓ. | પ્રવૃત્તિ: સ્પ્રે પેન્ટિંગ<br>બાળકોને કોરા કાગળ પર જુદા જુદા આકારના પાંદડા ગોઠવવા કહીશું ત્યારબાદ જૂના ટૂથ બ્રશને કલરમાં બોળી પાંદડાની આજુબાજુ છંટકાવ કરવા કહીશું ત્યારબાદ પાંદડાને હટાવી લેતા કોરા કાગળ પર સુંદર પાંદડા નો આકાર છપાઈ જશે.પ્રથમ શિક્ષક કરશે ત્યારબાદ બાળકો અનુકરણ કરશે.<br>સાધન સામગ્રી જુદા જુદા આકારના પાંદડા, જુના કાગળ, વોટર કલર. |
| IL1.9<br>ત્રણ સુધીની વસ્તુઓ ગણે છે.<br>આસપાસ માંથી મળતી મૂર્ત વસ્તુઓ ત્રણ-ત્રણ ના જૂથમાં રાખવી શિક્ષક દરેક જૂથની વસ્તુઓને વારાફરતી હાથમાં લઇ એક... બે... ત્રણ... એમ ગણતરી કરશે. બાળકો અનુકરણ કરશે.<br>સાધન: કાંકરા, બિલ્લા, લખોટી, ખોખા, સિક્કા, સળીઓ... વગેરે | IL2.9<br>પાંચ સુધીની વસ્તુઓ ગણે અને તે ગણતરી સમજે છે.<br>પાંચ વસ્તુઓની ગણતરી અને સમજ ઉપરની પ્રવૃત્તિમાં પાંચ પાંચ જૂથમાં મૂળ વસ્તુઓ લેવી અને ઉપર મુજબ ગણતરી કરાવવી.<br>પ્રવૃત્તિ: | IL3.9<br>દસ સુધીની વસ્તુઓ ગણે છે.<br>10 સુધીની વસ્તુઓ ગણે છે 1 થી 10 ની મૂર્ત વસ્તુઓ દ્વારા ગણતરી ઉપર મુજબ વસ્તુઓ. ૧૦ આંગળાની ગણતરી. વગેરે<br>મેદાનમાંથી કાંકરા વીણી લાવવા કેવો ત્યારબાદ કોની પાસે કેટલા કાંકરા છે તેની ગણતરી કરાવવી. |

| | | |
|---|---|---|
| **વાર્તા: દયાળુ બગલો**<br>ગામમાં એક તળાવ હતું. તળાવમાં માછલીઓ, દેડકાં અને બગલા સંપીને રહેતાં હતાં. થોડા સમય પછી તળાવમાં પાણી ખૂટવા લાગ્યું. બગલા તો ઊડીને બીજું પાણીવાળું તળાવ જોઈ આવ્યા, પણ માછલીઓ બિચારી પાણી ખૂટતાં ચિંતામાં પડી. એક બગલાએ માછલીઓને બીજા તળાવમાં લઈ જવા કહ્યું. બે બગલાએ ચાંચમાં લાકડી પકડી. એક માછલીને લાકડી પકડવા કહ્યું. દેડકાં ખુશ થયાં. હાશ ! એક માછલી તો બચી. બગલા પાછા તળાવમાં આવ્યા. તે બીજીવાર બે માછલીઓને લઈ ગયા. ત્રીજીવાર ત્રણ માછલીઓને લઈ ગયા. ચોથીવાર ચાર માછલીઓને લઈ ગયા. પાંચમીવાર પાંચ માછલીઓને લઈ ગયા. એવી જ રીતે એક, બે, ત્રણ, ચાર અને પાંચ દેડકાંને પણ વારાફરતી લઈ ગયા. આમ,બગલાઓએ સૌને બચાવી લીધાં.<br>(વાર્તા બાળકને એક થી પાંચની સંખ્યાના શ્રવણ અનુભવો પૂરા પાડવા માટે મુકાઈ છે, આથી એક, બે, ત્રણ, ચાર, પાંચ શબ્દો ભારપૂર્વક બોલવા. જ્યારે શિક્ષક એક બોલે ત્યારે એક વસ્તુ, બે બોલે ત્યારે બે વસ્તુ. એ મુજબ જ્યારે પાંચ બોલે ત્યારે ભેગી પાંચ વસ્તુઓ દર્શાવીને મહાવરો કરાવવો.<br><br>**રમત: કેટલા રે કેટલા**<br>**કેટલા રે કેટલા** | ઉપસેલા અંકો, રેતી અંકો, કોતરેલા અંકો, આંગળી ફેરવવી અને વસ્તુની સંખ્યા કેટલી છે તે જણાવવા કહેવું.<br>અભિનય ગીત:<br>એક કહેતા ઉભા થાવ.<br>બે કહેતાં કૂદકા મારો,<br>ત્રણ કહેતા ચપટી વગાડો,<br>ચાર કહેતા તાળી પાડો,<br>પાંચ કહેતા બેસી જાવ.<br>પ્રવૃત્તિ 2<br>મેદાનમાંથી કાંકરા વીણી લાવવા કેવો ત્યારબાદ કોની પાસે કેટલા કાંકરા છે તેની ગણતરી કરાવવી.<br>પ્રવૃત્તિ 3<br>1 થી 5 ના પલાખા લખાવવા<br>ફ્લેશ કાર્ડ માં લખેલી સંખ્યા જેટલી મૂર્ત વસ્તુઓ વિદ્યાર્થી ગણીને આપશે.<br>સાધન: 1 થી 5 લખેલા કાર્ડ | બાળ ગીત: એકડો સાવ સળેકડો<br>એકડો સાવ સળેકડો ને બગડો ડિલે તગડો,<br>બંને બાથથમ બથી કરતા થઈ ગયો મોટો ઝઘડો.<br>ત્રગડો તાળી પાડે ને નાચે તાતા થઈ,<br>ચોગડાની ઢીલી ચડ્ડી સરરર ઊતરી ગઈ!<br>પાંચડો પેંડા ખાતો એની છગડો તાણે ચોટી,<br>સાતડો છાનો માનો આવી લઈ ગયો બધી લખોટી,<br>આઠડાને પેન્સિલ આપી નવડો કહેતો લખ,<br>એકડે મીંડે દસ ત્યાં આવી સ્કૂલની બસ.<br>બાળ વાર્તા : ઉંદર દસ પૂંછડી વાળો |

| | | |
|---|---|---|
| બાળકો હાથ પકડીને ગોળમાં ઉભા રહે. કાર્યકર બહેન પૂછે 'કેટલા રે કેટલા ?' બાળકો જવાબ આપશે '"તમે કહો તેટલા''. કાર્યકર બહેન જે અંક બોલે એક, બે, ત્રણ તે પ્રમાણે બાળકો ભેગા થઇ જૂથ બનાવે. | | |
| IL1.10<br>5 સુધીનાં અંક નામ આવતાં હોય તેવી વાર્તા/ કવિતા દોહરાવે છે.<br><br>પ્રવૃત્તિ : બાળગીત<br>બાળગીત 2<br>એક કહેતા ઉભા થાવ...<br>બે કહેતા કાન પકડો...<br>ત્રણ કહેતા ખભે હાથ...<br>ચાર કહેતા કમરે હાથ...<br>પાંચ કહેતા બેસી જાવ... | IL2.10<br>5 સુધીની સંખ્યાઓમાં કોઇ ચોક્કસ અંકથી આગળ કે પાછળ ગણતરી કરે છે.<br><br>પ્રવૃતિ<br>5 સુધીની આગળ પાછળની સંખ્યા. પાંચ પાંચ ના જૂથમાં મૂર્ત વસ્તુઓ રાખવી જેવા કે લખોટી, કાંકરા, પથ્થર, સિક્કા...<br>* ** *** **** *****<br>આ મુજબ ગણતરી કરાવી આમ ઉપરની પ્રવૃત્તિ ક્રમ મુજબ બે ની આગળ ત્રણ ની પાછળ આવા પ્રશ્નો પૂછવા અને સમજ આપવી. | IL3.10<br>9 સુધીની સંખ્યાઓમાં કોઇ ચોક્કસ અંકથી આગળ કે પાછળ ગણતરી કરે છે.<br><br>પ્રવૃત્તિ<br>દરેક શાકભાજી ના ચિત્રોના 6 થી 9 ટુકડા કરી દો જુદા જુદા શાકભાજીના ટુકડા બાળકોમાં વહેંચી સરખા શાકભાજીના ત્રણ ત્રણ ટુકડા એકઠા કરવા માટે કહેવું.<br>સાધન સામગ્રી: જુદી જુદી શાકભાજી ના ચિત્રો ના ટુકડા |

| | | |
|---|---|---|
| ચણતી ચકલી<br>એક એક ચકલી ચણતી'તી,<br>ચકલી એકલી ચણતી'તી ... એક ...<br>એક આવી ગઈ ને થઈ ગઈ બે ... એક ... બે...<br>બે બે ચકલીઓ ચણતી'તી,<br>એક આવી ગઈ ને થઈ ગઈ ત્રણ ... એક ... બે ... ત્રણ<br>ત્રણ ત્રણ ચકલીઓ ચણતી'તી,<br>એક આવી ગઈ ને થઈ ગઈ ચાર ... એક ... બે ... ત્રણ... ચાર<br>ચાર ચાર ચકલીઓ ચણતી'તી,<br>એક આવી ગઈ ને થઈ ગઈ પાંચ ... એક ... બે ... ત્રણ ... ચાર ... પાંચ<br>પાંચ પાંચ ચકલીઓ ચણતી'તી,<br>ઘઉંના દાણા ગણતી'તી,<br>ગણતી'તી ને ભણતી'તી,<br>પાંચ પાંચ ચકલીઓ ચણતી'તી,<br>ચણતી ચણતી હસતી'તી,<br>પાંચ પાંચ ચકલીઓ ચણતી'તી. | પ્રવૃત્તિ:<br>ગળામાં કાર્ડ રાખીને આગળ પાછળની સંખ્યા મુજબ બાળકોને આગળ આવા કહેવું<br>સાધન સામગ્રી: 1 થી 5 ના ફ્લેશ કાર્ડ | |
| IL1.11<br>અભિનય સાથે ૫ સુધીના અંક આવતા હોય તેવાં જોડકણા દોહરાવે છે. (જેમ કે, અંક જેટલી આંગળીઓ બતાવવી) | IL2.11<br>5 સુધીની અનુરૂપ સંખ્યા સાથે અંકોને ઓળખે છે.<br>પાંચ સુધી અનુરૂપ સંખ્યા સાથે અંકોને ઓળખે છે. | IL3.11<br>૯ સુધીના અંકોને ઓળખે અને લખે છે. |

પ્રવૃત્તિ

અભિનય સાથે પાંચ સુધીના અંક આવતા હોય તે પુનરાવર્તન કરે.

ગીત

ચણતી ચકલી

એક એક ચકલી ચણતી'તી,
ચકલી એકલી ચણતી'તી ... એક ...
એક આવી ગઈ ને થઈ ગઈ બે ... એક ... બે...
બે બે ચકલીઓ ચણતી'તી,
એક આવી ગઈ ને થઈ ગઈ ત્રણ ... એક ... બે ... ત્રણ
ત્રણ ત્રણ ચકલીઓ ચણતી'તી,
એક આવી ગઈ ને થઈ ગઈ ચાર ... એક ... બે ... ત્રણ... ચાર
ચાર ચાર ચકલીઓ ચણતી'તી,
એક આવી ગઈ ને થઈ ગઈ પાંચ ... એક ... બે ... ત્રણ ... ચાર ... પાંચ
પાંચ પાંચ ચકલીઓ ચણતી'તી,
ઘઉંના દાણા ગણતી'તી,
ગણતી'તી ને ભણતી'તી,
પાંચ પાંચ ચકલીઓ ચણતી'તી,
ચણતી ચણતી હસતી'તી,
પાંચ પાંચ ચકલીઓ ચણતી'તી.

રમત: **કેટલા રે કેટલા**


**કેટલા રે કેટલા**

બાળકો હાથ પકડીને ગોળમાં ઉભા રહે. કાર્યકર બહેન પૂછે 'કેટલા રે કેટલા

નીચે મુજબ મૂર્ત વસ્તુઓ સાથે અંકો ગોઠવવા.

પ્રવૃત્તિ 2


અંકો બતાવવા અને એકથી પાંચમાંથી માળાના




મોતી પરોવવા.

1તાળી પાડવી અંક બતાવી તે પ્રમાણે ક્રમશઃ 2 3 4 5 તાલી પાડવા કહેવું.

1થી9ને અનુરૂપ સંખ્યા સાથે અંકોને ઓળખે છે નીચે




મુજબની પ્રવૃત્તિ 9 સુધીની સંખ્યા ની ઓળખ કરાવવી.


પ્રવૃત્તિ: ટપકા જોડો


?' બાળકો જવાબ આપશે '"તમે કહો તેટલા''. કાર્યકર બહેન જે અંક બોલે એક, બે, ત્રણ તે પ્રમાણે બાળકો ભેગા થઇ જૂથ બનાવે.

અંકની સાથે ચિત્રની સંખ્યા જોડે અને ચિત્ર ની





સંખ્યા જેટલા અંક પર ગોળ રાઉન્ડ કરે.





પ્રવૃત્તિ :

આંગળી ગળી અંકમાં વર્તુળ કરો.



| | | |
|---|---|---|
| | . | પ્રવૃત્તિ: ટપકા ગણી લખો.<br><br> |
| - | IL2.12<br>વસ્તુની હાજરી. ગેરહાજરી અનુભવે છે. (ટેબલ પર એક મીઠાઈ છે, જે ખાઈ જઈશ તો કશું નહિ રહે) | IL3.12<br>વસ્તુઓ સંખ્યાત્મક રીતે ઘટતી જઈ છેવટે શૂન્ય થઈ જાય છે તે સમજ અભિવ્યક્ત કરે (ઉદા. એક ડાળખી પર ત્રણ પક્ષી છે, એક પછી એક એમ ઉડી ગયાં, છેલ્લે ડાળખી પર |

| | | |
|---|---|---|
| | પ્રવૃત્તિ<br>વસ્તુની હાજરી ગેરહાજરી અનુભવે છે ટેબલ પર અમુક વસ્તુઓ મૂકવી વારાફરતી તે વસ્તુઓ દૂર કરવી અને છેલ્લે બધી વસ્તુઓ દૂર કરી દે જેથી ટેબલ પર તમામ વસ્તુઓની ગેરહાજરી જણાશે ચોકલેટ, બિસ્કીટ ,ફળ, ફુલ વગેરે વસ્તુઓ ટેબલ પર મૂકી બાળકને તમામ વસ્તુઓ યાદ રાખવા માટે  અમુક વસ્તુ લઈ લેતા બાળક વસ્તુની ગેરહાજરી જણાવી શકશે.<br>ગીત:<br>પાંચ પાંચ ચકલી<br>પાંચ પાંચ ચકલીઓ ચણતી'તી,<br>એક ઊડી ગઈ, રહી ગઈ ચાર.<br>ચાર ચાર ચકલીઓ ચણતી'તી,<br>એક ઊડી ગઈ, રહી ગઈ ત્રણ.<br>ત્રણ ત્રણ ચકલીઓ ચણતી'તી,<br>એક ઊડી ગઈ, રહી ગઈ બે.<br>બે બે ચકલીઓ ચણતી'તી,<br>એક ઊડી ગઈ, રહી ગઈ એક.<br>એક એક ચકલી ચણતી'તી,<br>એક ઊડી ગઈ, એકેય ન રહી.<br>સંખ્યામાં તે શૂન્ય ગણાય. | એક પણ પક્ષી રહ્યું નહિ)<br><br>સંખ્યાત્મક ઘટતી જાય છેવટે તમામ વસ્તુઓ પૂર્ણ થઈ જતા જે ગેરહાજરી થઈ જાય તેને 0 તરીકે દર્શાવી શકાય એવી રીતે બાળકોને સમજ આપી પ્રવૃત્તિ વર્ગમાં બાળકોને જૂથમાં ઊભા રાખવા એક એક અથવા બધાને બહાર જવા કહેવું ત્યારબાદ વર્ગમાં તમામ બાળકોને ગેરહાજરી 0 વડે દર્શાવી શકાય.<br>પાંચ પાંચ ચકલી<br>પાંચ પાંચ ચકલીઓ ચણતી'તી,<br>એક ઊડી ગઈ, રહી ગઈ ચાર.<br>ચાર ચાર ચકલીઓ ચણતી'તી,<br>એક ઊડી ગઈ, રહી ગઈ ત્રણ.<br>ત્રણ ત્રણ ચકલીઓ ચણતી'તી,<br>એક ઊડી ગઈ, રહી ગઈ બે.<br>બે બે ચકલીઓ ચણતી'તી,<br>એક ઊડી ગઈ, રહી ગઈ એક.<br>એક એક ચકલી ચણતી'તી,<br>એક ઊડી ગઈ, એકેય ન રહી.<br>સંખ્યામાં તે શૂન્ય ગણાય. |
| IL1.13<br>3 સુધીની બે સંખ્યા સરખાવે છે. 'વધારે અને 'ઓછું' જેવા શબ્દોનો ઉપયોગ કરે છે. | IL2.13<br>5 સુધીની બે સંખ્યા સરખાવે છે, 'થી વધારે', 'થી ઓછું' જેવા શબ્દોનો ઉપયોગ કરે છે. | IL3.13<br>10 સુધીની બે સંખ્યા સરખાવે છે. 'થી વધારે', 'થી ઓછું' જેવા શબ્દોનો ઉપયોગ કરે છે. |

| | | |
|---|---|---|
| પ્રવૃત્તિ<br>ત્રણ સુધી ની મૂર્ત વસ્તુની ઢગલી સરખામણી વધારે ઓછું ની સંકલ્પના સ્પષ્ટ કરે.<br>સાધન બિલ્લા લખોટી સિક્કા આંબલીયા ઠળિયા વગેરે<br>• *  ઢગલી ૧<br>• **.  ઢગલી ર<br>• ***.  ઢગલી 3<br>આ પ્રમાણે ત્રણ ઢગલી બનાવી કઈ ઢગલીમાં વધુ કે ઓછું છે તે સમજાવો. બાળકોને વધુ ઓછું બોલતા કરવા. બાળકોને એક, બે, અને  ત્રણ ના જૂથમાં ઊભા રહેવા કહેવું. | ૫ સુધીની મૂર્ત વસ્તુની ઢગલી સરખાવે અને વધારે ઓછું જણાવે.<br>સાધન: સળી, લખોટી, સિક્કા, મોતી,મણકા, કબીલા, ઠળિયા, કાકરા, કાકરી, પથ્થર વગેરે<br>બાળકોને 1થી 5 ના જુથ માં જોડી બનાવવા કહેવું.<br>પ્રવૃતિ:3 ઓછી વસ્તુની સામે ઓછા(-) ની નિશાની અને વધુ વસ્તુની સામે વધતા(+) ની નિશાની કરવા કહેવું.<br> | પ્રવૃતિ 1:<br>10 સુધીની મૂર્ત વસ્તુની ઢગલી સરખાવે અને વધારે ઓછું દર્શાવી શકે.<br>સાધન: બાકસ, પેટી બાકસની સળી, મોતી મણકા ,પથ્થર, ઠળિયા, પેન, કલર, ચમચી વગેરે.<br>પ્રવૃત્તિ:ર<br>બાળકોને એક થી 10 ની સંખ્યા માં જૂથ બનાવવા કહેવું.<br>પ્રવૃત્તિ 3:ઓછી વસ્તુની સામે ઓછા(-) ની નિશાની અને વધુ વસ્તુની સામે વધતા(+) ની નિશાની કરવા કહેવું.<br> |

IL2.14

5 સુધીની સંખ્યા માટે વસ્તુઓના બે જૂથ ભેગાં કરે અને ફરીથી ગણે છે.

વર્ગના વિદ્યાર્થીના ગળામાં કાર્ડ પહેરાવીને સામસામે હરોળમાં ઊભા રાખી કયા બે અંકો એટલે કે બાળકો ભેગા થાય તો પાંચ (૫) બને

એક, એક, એક, મારું નાક છે એક,
બે, બે, બે, મારી આંખો છે બે,
ત્રણ, ત્રણ, ત્રણ, રિક્ષાનાં પૈડાં છે ત્રણ,
ચાર, ચાર, ચાર, ગાયના પગ છે ચાર,
પાંચ, પાંચ, પાંચ, હાથનાં આંગળાં છે પાંચ.

તે સમજાવે.

બાળગીત:

પ્રવૃતિ:૨

કાર્ડ બતાવી બંને જૂથમાંથી એક એક કાર્ડ લઈ પાંચ(૫) થવા જોઈએ એ પ્રવૃત્તિ કરી બતાવી. અહીં કાર્ડની જગ્યાએ મૂર્ત વસ્તુઓની ઢગલી

IL3.14

9 સુધીની સંખ્યા માટે વસ્તુઓના બે જૂથ ભેગાં કરે અને ફરીથી ગણે છે.

વર્ગના વિદ્યાર્થીના ગળામાં કાર્ડ પહેરાવીને સામસામે હરોળમાં ઊભા રાખી કયા બે અંકો એટલે કે બાળકો ભેગા થાય તો નવ (૯) બને તે સમજાવે.

પ્રવૃત્તિ:

(૧) શિક્ષકે બાળકોને ૬ થી ૯ ની સંખ્યાઓના શ્રવણના મહાવરા માટે નીચેનાં જોડકણાં સંભળાવવાં.

છ થી નવ
છ છ છ
નાની ખીલી છ
સોની લગાવે ઠક-ઠક-ઠક
સાત સાત સાત
ઠિંગુ જોકર સાત
સ્વર્ગમાં દોડે સાથ-સાથ
આઠ આઠ આઠ
જાડા ઉંદર આઠ
ભગાવે બિલ્લી એક સાથ
નવ નવ નવ
લાલ કીડી નવ
ખાવાનું લઈ જાય

(૨) બાળકોને શરીરનાં અંગો જેવાં કે; આંખ, નાક, આંગળીઓ, કાન, પગ વગેરે ગણવા કહો. આ ઉપરાંત વર્ગમાં હોય તેવી વસ્તુઓ, ઘરના સભ્યો, શાળામાં ઊગેલ ઝાડ વગેરે બાબતો પણ ગણાવો.

કરી ગણતરી કરાવી શકાય.

| A | B |
|---|---|
| ૧ | ૩ |
| ૨ | ૪ |
| ૩ | ૧ |
| ૪ | ૫ |
| ૫ | ૨ |

(૩) પથ્થર જેવી કોઈ મુર્તવસ્તુઓને એક પછી એક ટેબલ પર મૂકતા જઈ બાળકો પાસે ૧ થી ૯ સુધીની સંખ્યા બોલાવો. ૮ બોલો ત્યારે ૮ વસ્તુ, ૯ બોલીએ ત્યારે ૯ વસ્તુઓનું જૂથ હોય તેમ બતાવી સંખ્યાની સમજ વિકસાવવી.

(૪) ૧ થી ૯ નાં અંકકાર્ડ દ્વારા ૧ થી ૯ સુધીની સંખ્યાઓનો પરિચય આપવો. મૂર્તવસ્તુઓ જેવી કે: લખોટી, કાંકરા, બીજ, મણકા વગેરેનો ઉપયોગ કરીને ૧ થી ૯ સુધીની ગણતરી કરાવવી.

(૫) ૯ થી વધે નહીં તે રીતે વસ્તુનાં બે જૂથ બનાવી કયા જૂથમાં વસ્તુ વધારે કે ઓછી છે તે શોધાવવું. વિવિધ મૂર્તવસ્તુઓનાં ૧ થી ૯ સુધીની સંખ્યા મુજબ જૂથ બનાવડાવીને નાનું અને મોટું જૂથ, વધારે કે ઓછી સંખ્યાવાળા જૂથની સમજ વિકસાવવી.

(૬) શૂન્યની સમજ આપવા માટે પાંચ જેટલી વસ્તુ મૂકીને તેમાંથી એક વસ્તુ લઈ લો. પછી "હવે કેટલી વસ્તુ બાકી રહી?" તેમ પૂછો. આ રીતે એક પછી એક વસ્તુ લેતાં જઈ પ્રશ્ન પૂછતાં જાઓ. જ્યારે કશું જ બાકી ન રહે ત્યારે બાળકો "કશું નહીં" એટલે "શૂન્ય" એમ સમજાવવું. આ રીતે ટેબલ પર બીજી વસ્તુઓ મૂકી શૂન્યનો વધારે મહાવરો આપવો.

(૭) શર્ટનાં બટન ગણો, આંગળાં ગણો, વર્ગનાં બાળકો ગણો, બાળકોના હાથ, પગ, કાન, આંખ ગણો. વિદ્યાર્થીઓને વર્તુળમાં બેસાડી મહાવરા માટે વારાફરતી એક-એક વિદ્યાર્થીને વર્ગના બધા વિદ્યાર્થીઓના શર્ટનાં બટન, આંગળાં, બાળકોના હાથ, કાન, આંખ ગણવા કહેવું.

(૮) સંખ્યા ૧ થી ૯ની ઊલટી ગણતરી કરાવવી.

(૯) ચિત્રમાં રહેલ વસ્તુઓની સંખ્યા આધારે પ્રશ્નોત્તરી

(૧૦) પહેલા, પછી અને વચ્ચે આવેતી સંખ્યા મૌખિક રીતે પૂછવી.

4 વર્ષ બાદ (પ્રિસ્કૂલ 2 સ્તર) સંખ્યાઓના સરવાળાની ક્ષમતા વિકાસ પામવાની શરૂઆત થાય છે.

IL2.15

કોઇ જુથમાંથી 5 સુધીની વસ્તુઓ લે અને ફરીથી ગણે છે.

કોઈપણ 9 વસ્તુ મૂકવી તેમાંથી બાળકને 5 સુધીની વસ્તુ લેવા માટે કહેવું વારાફરતી પ્રત્યેક બાળક પાસે આ પ્રવૃત્તિ કરાવી અહીં જેમ બને તેમ આસપાસમાંથી મળતી મૂર્ત વસ્તુઓનો ઉપયોગ કરવો.

IL3.15

કોઇ જુથમાંથી 9 સુધીની વસ્તુઓ લે અને ફરીથી ગણે છે.

કોઈપણ 9 વસ્તુ મૂકવી તેમાંથી બબાળક ને 9 સુધીની વસ્તુ લેવા માટે કહેવું વારાફરતી પ્રત્યેક બાળક પાસે આ પ્રવૃત્તિ કરાવી અહીં જેમ બને તેમ આસપાસમાંથી મળતી મૂર્ત વસ્તુઓનો ઉપયોગ કરવો.

<table>
<tr><td></td><td>દા.ત. પેન, પેન્સિલ, કલર, પથ્થર, ફુલ, પાંદડા વગેરે<br>પ્રવૃત્તિ 2:<br>બાળકને માળા ના મણકા પરવવા કેવુ તેના માટે તેને એક દોરી અને મણકા આપવા બાળક ને પાંચ મણકા સુધી માળા બનાવવા કહેવું.</td><td>દા.ત. પેન, પેન્સિલ, કલર, પથ્થર, ફુલ, પાંદડા વગેરે<br>પ્રવૃત્તિ 2:<br>બાળકને માળા ના મણકા પરવવા કેવુ તેના માટે તેને એક દોરી અને મણકા આપવા બાળક ને પાંચ મણકા સુધી માળા બનાવવા કહેવું.</td></tr>
<tr><td colspan="3">4 વર્ષની ઉંમર બાદ (પ્રિસ્કૂલ 2 સ્તર) સંખ્યાઓના બાદબાકીની ક્ષમતા વિકાસ પામવાની શરૂઆત થાય છે.</td></tr>
<tr><td colspan="3">સરવાળા અને બાદબાકી સંબંધિત ક્ષમતાનો વિકાસ 6 વર્ષ (ધોરણ 1) પછી થાય છે.</td></tr>
<tr><td>IL 1.20<br>કવિતા અને વાર્તા વડે નાણાં સંબંધી શબ્દભંડોળનો ઉપયોગ કરે છે.<br>બાળગીત:<br>વાર્તા:</td><td>IL 2.20<br>ભારતીય ચલણી સિક્કા ઓળખે છે.<br>પ્રવૃત્તિ: જાદુઈ પોટલી<br>પોટલીમાં અલગ અલગ સિક્કા રાખવા તેને બાળકના હાથમાં આપવા બાળક હાથ નાખીને સિક્કો લઈને કહેશે કેટલા છે? સીતા પર લખેલ અંક ઓળખશે.<br>પ્રવૃત્તિ 2<br>સિક્કા મુઠ્ઠીમાં ખખડાવીને બધા સિક્કા ફેકવા અને</td><td>IL 3.20<br>ભારતીય ચલણી નોટો ઓળખે છે.<br>જાદુઈ પોટલી અહીં પોટલીમાં સિક્કાને બદલે ચલણી નોટો દ્વારા રમત રમાડી શકાય બાળકના હાથમાં પોટલી આપી તેને તેની અંદરથી ચલણી નોટ કાઢવા કહેવું જેથી બાળક ચલણી નોટ પર લખેલ અંક ઓળખશે અને તેમની કિંમત જાણશે.<br>પ્રવૃત્તિ 2<br>પ્રત્યેક વિદ્યાર્થીના ગળામાં ચલણી નોટ નો હાર</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | વિદ્યાર્થીને એક સિક્કો ઉપાડવા કહેવું આશિકો કેટલાનો છે તેની ઓળખ વિદ્યાર્થી આપશે.<br>સાધન: સિક્કા, પોટલી | પહેરાવો ત્યારબાદ વિદ્યાર્થીને પોતાની સામેવાળા વિદ્યાર્થીના ગળામાં પહેરાવેલ નોટ કેટલાની છે તેની ઓળખ આપવા કહેવું તે કેવા કલરની છે તે પણ સમજ મેળવવી. |
| IL 1.21<br>કવિતા, વાર્તા, ઉખાણાં, રમૂજ દ્વારા લંબાઈ સંબંધી શબ્દભંડોળનો ઉપયોગ કરે છે.<br>ગીત:<br><br>પ્રવૃત્તિ 1<br>બે બાળકોને ઉભા રાખીને લાંબો ટૂંકો ની સમજ આપવી શિક્ષક બાળકને પૂછશે કોણ લાંબું છે? કોણ ટુકું છે ? એ પછી ક્રમશઃ લાંબી ટૂંકી પેન્સિલ રાખવી, મોટી નાની ફૂટપટ્ટી રાખવી, નાની મોટી ચોપડી લેવી, નાની મોટી લાકડી લેવી, નાના મોટા વૃક્ષો બતાવવા તથા નાની મોટી લીટી દોરી ને બાળકોને અન્ય ઉદાહરણ પૂરા પાડવા દર વખતે લાંબુ અને ટૂંકું ની સમજ આપવી અને બાળકો પાસેથી મેળવવી. | IL 2.21<br>બે વસ્તુઓની સરખામણી લંબાઈ વડે કરે છે. જેમ કે, 'થી લાબું, 'થી ટૂંકું, 'થી ઊંચું', 'થી નીચું'<br>પ્રવૃત્તિ<br>બે બાળકોને ઉભા રાખવા શિક્ષિકા બાળકોને પૂછશે બંને બાળકોમાંથી  લાંબો અથવા  ટૂંકું કોણ?<br>બાળકો જવાબ આપશે એ પ્રમાણે બે વસ્તુઓ રાખીને પણ પૂછી શકાય. બે પ્રાણીઓના ચિત્ર અથવા પ્રત્યક્ષ દોરીને બાળકોને પૂછી શકાય જેમ કે ઊંટ અને ઘેટું, ગાય અને કુતરુ, આ બે પ્રાણીઓ માંથી ઊંચું પ્રાણી કયું અને નીચું પ્રાણી કયું અથવા તો લાંબુ અને ટૂંકું ની સમજ પણ વધુ સ્પષ્ટ કરી શકાય બાળકને શિક્ષક જવાબ આપતા પણ | IL 3.21<br>ત્રણ વસ્તુઓની લંબાઈને આધારે સરખામણી કરે છે. જેમ કે, સૌથી લાબું, સૌથી ટૂંકું', 'સૌથી ઊંચું, સૌથી નીચું<br>પ્રવૃત્તિ<br>શિક્ષક બાળકને ચિત્રો બતાવશે અને સમજ આપશે જેમ કે ઊંટ ગાય અને કુતરા ના ચિત્ર હોય તો શિક્ષિકા બાળકોને બતાવીને સમજાવશે.<br>ઊંટ ગાય કરતાં ઊંચું છે.<br>ગાય કુતરા કરતા ઊંચી છે<br>ગાય ઊંટ કરતા નીચી છે.<br>કૂતરો ગાય કરતા નીચો છે.<br>ઊંટ સૌથી ઊંચું છે.<br>કૂતરો સૌથી નીચો છે. |

| | | |
|---|---|---|
| | શીખવશે જેમ કે રમેશ સુરેશ કરતા લાંબો છે. ઘેટું ઊંટ કરતા નીચું છે. ગાય કુતરા કરતાં ઊંચી છે. આવા અનેક મહાવરા દ્વારા બાળકની સમજ સ્પષ્ટ થશે. | આવા અન્ય પ્રાણી ના ચિત્રો દ્વારા પણ વિશેષ મહાવરો આપી શકાય. શક્ય હોય તો બાળકોને પ્રત્યક્ષ પ્રાણીઓ બતાવી અને સમજાવવા પ્રયત્ન કરવો જેમકે કૂતરું, બિલાડી, ઉંદર વગેરે |
| જોડકણાં<br>**હાથીભાઈ તો જાડા**<br>હાથીભાઈ તો જાડા, લાગે મોટા પાડા<br>આગળ ઝુલે લાંબી સૂંઢ, પાછળ લટકે ટૂંકી પૂછ.<br>હાથીભાઈ તો ધમધમ ચાલે, પાતાળ પાણી કાઢે<br>પાતાળ પાણી ઊંડા, હાથીના પગે કૂંડા.<br><br>IL 1.22<br>કવિતા અને વાર્તા વડે વજન સંબંધી શબ્દભંડોળનો ઉપયોગ કરે છે.<br>જોડકણું: | IL 2.22<br>કવિતા, વાર્તા, ઉખાણા, રમૂજ દ્વારા વજન સંબંધી શબ્દભંડોળનો ઉપયોગ કરે છે.<br>શિક્ષક બાળકોને મૂર્ત વસ્તુઓ લઈ હલકી અથવા ભારે વસ્તુઓનો અનુભવ કરાવશે અને શબ્દનો ની સમજ આપશે જેમ કે ઈંટ અને પથ્થર, દડો અને ફૂટબોલ, પેન્સિલ અને પુસ્તક, વગેરે.<br>ત્યારબાદ પ્રાણીઓ ના ચિત્ર બતાવી પ્રશ્ન પૂછી શકાય જેમ કે હાથી અને બકરી બંનેમાં કોનું વજન વધારે છે? તો કોનો વજન ઓછો છે? રેલગાડી અને બસ બંનેમાં કોનો વજન વધુ હોય? અન્ય ઉદાહરણ પણ આપી શકાય. | IL 3.22<br>બે વસ્તુની વજનના સંદર્ભે સરખામણી કરે છે, જેમ કે. 'થી', ભારે'થી હલકું'<br>હાથી અને ઘોડાના ચિત્રો બતાવીને નીચે મુજબ પ્રશ્ન પૂછવા.<br>કોનો વજન વધારે છે? અને કોનો વજન ઓછો છે?<br>બાળકને જવાબ આપતા શીખવવું જો હાથીનો વજન વધુ છે તો કહી શકાય કે હાથી ઘોડા કરતા વધારે ભારે છે તેવી જ રીતે ઘોડાનું વજન ઓછું છે તો કહી શકાય કે ઘોડો હાથી કરતા હલકો છે આમ બાળક વધુ ભારે અને વધુ હલકાની સરખામણી કરતા શીખશે. આવા અન્ય ઉદાહરણ પણ આપવા<br>પ્રવૃત્તિ 2<br>એકસરખા માપના બે ટુકડા લેવા એક લોખંડ અને એક |

અભિનય ગીત:

અભિનય ગીત

## એક બિલાડી જાડી

એક બિલાડી જાડી, તેણે પહેરી સાડી
સાડી પહેરી ફરવા ગઈ, તળાવમાં તો તરવા ગઈ
તળાવમાં તો મગર, બિલ્લીને આવ્યા ચક્કર
સાડીનો છેડો છૂટી ગયો, મગરના મોમાં આવી ગયો
મગર બિલ્લીને ખાઈ ગયો.

બાળગીત:

લાકડું હાથમાં બાળકને આપી પ્રત્યક્ષ સમજાવવું

સાધન સામગ્રી: હાથી, ઘોડા ના ચિત્રો, લોખંડ, લાકડાના ટુકડા.

જોડકણું:

જોડકણાં

## હાથીભાઈ તો જાડા

હાથીભાઈ તો જાડા, લાગે મોટા પાડા
આગળ ઝુલે લાંબી સૂંઢ, પાછળ લટકે ટૂંકી પૂછ.
હાથીભાઈ તો ધમધમ ચાલે, પાતાળ પાણી કાઢે
પાતાળ પાણી ઊંડા, હાથીના પગે કૂંડા.

વાર્તા:

(૧) 'ચાલાક ગધેડું' વાર્તા કહેવી.

## ચાલાક ગધેડું


મોતીપુરા નામનું એક નાનકડું ગામ. આ ગામમાં રામુ નામનો એક માણસ રહે. તેની પાસે એક ગધેડું હતું. રામુ દરરોજ ગધેડાની પીઠ પર મીઠાની બોરીઓ મૂકી બજારમાં લઈ જતો. રસ્તામાં આવે એક નદી. આ નદી ઓળંગી રામુ અને ગધેડું બજારમાં જાય.

એક દિવસ નદી પસાર કરતાં ગધેડું લપસીને નદીના પાણીમાં પડી ગયું. જ્યારે તે ઊભું થયું ત્યારે તેને મીઠાની બોરી હલકી લાગી. આથી ગધેડું ખૂબ જ ખુશ થયું અને તેને પીઠ પરથી ભાર ઓછો કરવાની યુક્તિ મળી ગઈ. તેણે ફરીવાર નદી ઓળંગવાની થાય ત્યારે પાણીમાં ડૂબકી મારવાનું નક્કી કર્યું.


પછી તો ગધેડું દરરોજ પોતાની યુક્તિ પ્રમાણે નદીના પાણીમાં ડૂબકી મારે અને પોતાની પીઠ પરનું વજન ઓછું કરે.

એક દિવસ રામુને ગધેડાની ચાલાકી સમજાઈ ગઈ, આથી તેણે બોરીમાં મીઠાને બદલે ઊન ભરી દીધું. ગધેડું તો દરરોજની જેમ જ ખુશ થતું થતું નદીના પાણીમાં ડૂબકી મારવા લાગ્યું. પણ, જ્યારે તે ઊભું થયું ત્યારે તેની પીઠ પરનું વજન ખૂબ વધી ગયું. ગધેડું વજન ઊંચકીને માંડમાંડ ચાલી શક્યું.

આ દિવસથી ગધેડું નદીમાં ડૂબકી લગાવવાની ખો ભૂલી ગયું.

| | | |
|---|---|---|
| ઉખાણું:<br>સવારે લાંબો થાય ,બપોરે ટૂંકો થાય, વળી પાછો રાતે લાંબો થાય, રાત પડે તો સંતાઈ જાય એ કોણ?<br>જવાબ: પડછાયો | | |
| IL1.23<br>કવિતા અને વાર્તા વડે ગુંજાશ સંબંધી શબ્દભંડોળનો ઉપયોગ કરે છે.<br>વાર્તા:તરસ્યો કાગડો<br><br>તરસ્યો કાગડો<br>એક હતો કાગડો. આમ ઉડે તેમ ઉડે. ઊડ્યા જ કરે ઉડતાં થાકી ગયો. તરસ લાગી. આમ જોયું; તેમ જોયું, પણ પાણી જોવા ન મળે.<br>કાગડો એક વાડામાં ગયો. વાડામાં એક કૂંજો જોયો. ઊડીને કૂંજાના કાંઠા પર બેઠો પાણી પીવા કૂંજામાં ચાંચ નાખી. પાણી ઊંડું ચાંચ પહોંચે નહીં.<br>તરસ લાગી છે. કૂંજામાં પાણી છે. પણ પીવું શી રીતે? પાણી બહુ જ ઊંડું છે. કાગડાએ કૂંજાની આસપાસ કાંકરા જોયા. એક કાંકરો ચાંચ વડે લીધો ને કૂંજામાં નાંખ્યો. પછી બીજો, ત્રીજો એમ ઘણા કાંકરા કૂંજામાં નાંખ્યા કૂંજામાં કાંકરા પડતા ગયાં ઊંડુ પાણી ઊંચે આવતું ગયું. છેવટે કાગડાની ચાંચ પહોંચે એટલું ઊંચે પાણી ચઢી ગયું. કાગડાએ પેટ ભરીને પાણી પીધું ને - કા... કા.... કા કરતો ઊડી ગયો. | IL 2.23<br>કવિતા, વાર્તા, ઉખાણાંરમૂજ દ્વારા ગુંજાશ સંબંધી શબ્દભંડોળનો ઉપયોગ કરે છે.<br>બાળકોના જુદા જુદા ત્રણ જૂથ પાડવા પ્રત્યેક જૂથમાં જુદી જુદી વસ્તુઓ આપવી જેમ કે<br>જૂથ 1 ખાલી બોટલો<br>જૂથ 2 માં ખાલી પાઉચ દૂધ કે છાસના,અથવા તેલ કે શેમ્પુના<br>જૂથ-3 આઈસ્ક્રીમના કપ અને ચા ના કપ અથવા પાણીના ગ્લાસ અને વાટકી.<br>ત્યારબાદ બાળકોને પ્રશ્ન પૂછો કે પાત્ર મુજબ કયા પાત્રમાં વધારે અને કયા પાત્રમાં ઓછું સમાશે બાળકો જોઈને જવાબ આપશે. | IL 3.23<br>બોટલ, પ્યાલા, ડોલ જેવી બે વસ્તુઓની ગુંજાશની સરખામણી કરે છે.<br>બાળકોને બોટલ, પ્યાલા, ડોલ જેવા પાત્રો આપવા તેમાંથી કયા પાત્રમાં પ્રવાહી વધારે કે ઓછું સમાઈ છે તેની સરખામણી કરવા કહેવું. પ્રવૃત્તિ એક: ખાલી બોટલમાં પાણી ભરવું, કઈ બોટલમાં વધારે અથવા ઓછું છે એ નક્કી કરવું. એવી જ રીતે અલગ અલગ પાત્રનો ઉપયોગ કરવો.<br>પ્રવૃત્તિ 2 ડોલ, ગ્લાસ, તપેલીમાં વારાફરતી ચમચી કે વાટકી થી ડોલ, ગ્લાસ અને તપેલીમાં પાણી ભરશે નક્કી કરશે કે કયા વાસણમાં વધારે કે ઓછું પાણી સમાય છે. |


| | | |
|---|---|---|
| વાર્તા દરમિયાન વચ્ચે વચ્ચે લીટર અડધો લીટર 1.5 I બે લિટર વગેરે જેવા શબ્દો બોલવા જેથી બાળક આવા શબ્દોથી પરિચિત થાય.<br>પ્રવૃત્તિ 2<br>ઠંડા પાણીની નાની - મોટી, ખાલી - ભરેલ બોટલ બતાવી, દૂધની થેલી, છાશની થેલી બતાવી આઈસક્રીમ કપ બતાવવા દર વખતે કયું ઓછું છે? કયું વધારે છે? તેવા પ્રશ્ન પૂછવા માહિતી આપવી કે નાની બોટલમાં ઓછું અને મોટી બોટલમાં વધારે હોય શેમ્પૂ અને તેલની બોટલ પણ બતાવી શકાય અહીં ઓછું અને વધારેની સમજ સ્પષ્ટ કરવી આમ બાળકો નો શબ્દ ભંડોળ વધશે. | રમત: ગોળ ગોળ ધાણી<br>**ગોળ ગોળ ધાણી**<br>ગોળ કુંડાળું કરી હાથ પકડી બાળકો ગોળ ગોળ ફરે અને બોલે : "ગોળ ગોળ ધાણી, કેટલું કેટલું પાણી" વચ્ચે ઉભેલ બાળક પગ, ઘૂટણ, કમર, ખભો, માથું એમ વારાફરતી બતાવે કે, "આટલું આટલું પાણી. માથા સુધી પાણી આવે એટલે બાળકોએ હાથ પકડ્યા હોય ત્યાં વચ્ચે ઉભેલો બાળક હાથ મારી કહે : "યે દરવાજા તોડુંગા."બાળકો કહે : "ડંડા લેકર મારુંગા."પછી પકડવાવાળા હાથ છોડાવી ભાગે એટલે પકડે. | પ્રવૃત્તિ ત્રણ: બાળકને બોટલ માંથી પાણી તપેલીમાં નાખવા કહેવું તો તપેલીમાં કેટલી બોટલ પાણી સમાય? તો વધુ પાણી શેમાં સમાય છે બોટલમાં કે તપેલીમાં? આવા પ્રશ્નો પૂછી તેની સમજ સ્પષ્ટ કરવી. |
| તાપમાન માપન સંબંધિત ક્ષમતાનો વિકાસ 6 વર્ષ (ધોરણ 1) પછી થાય છે. | | |

| | | |
|---|---|---|
| IL1.25<br>દડો, જૂતાંનું ખોખું, બર્થ ડે કેપ, આઇસ્ક્રીમ કોન જેવા મૂળભૂત આકાર ઓળખે છે.<br>નાનો મોટો દડો,બુટ ચપ્પલ ના ખોખા, આઈસ્ક્રીમ કોન, બર્થ ડે કેકનું બોક્ષ, ગિફ્ટ ના ખોખા, દવા ના ચોરસ અથવા લંબચોરસ ખોખા, વગેરે વર્ગમાં બતાવવા વર્ગમાં બર્થ ડે પાર્ટીનું આયોજન કરી શકાય ખાસ બર્થ ડે ગીત વગાડવું. | IL2.25<br>જુદા જુદા ઘન આકારોના ભૌતિક લક્ષણો પોતાની ભાષામાં કહે છે. જેમ કે: દડો ગબડે અને તેને ખૂણા ન હોય, ખોખું સરખે અને તેને ખૂણા હોય છે.<br>ચોરસ કાગળને વાળીને સિંગ ચણાનું કોણ બનાવવાની પ્રવૃત્તિ કરાવવી<br>પ્રવૃત્તિ 1<br>દડો લખોટી મોસંબી સંતરા ને વર્ગમાં ગબડાવવા તેના આકાર વિશે સમજ સ્પષ્ટ કરવી.<br>પ્રવૃત્તિ 2<br>લંબચોરસ બોક્સ ને ગબડાવવા પ્રયત્ન કરવો પણ તે ગબડશે નહીં. આગળ ખસશે તેથી તે સરકે છે તેમ કહી શકાય.<br>બોલને ગબડાવવાથી તે ગબડે છે કારણ કે તેને ખૂણા નથી જ્યારે લંબચોરસ આકાર અને ખૂણા હોવાથી તે ગબડતો નથી પરંતુ સરકે છે.<br>શંકુ કોણ ગબડાવતા તે મૂળ જગ્યાએ પાછો આવી જાય છે શંકુ એ આકાર હોવાથી મૂળ જગ્યાએ પરત | IL3.25<br>સમતલ સપાટી પર દ્વિ-પરિમાણીય છાપને ત્રિ પરિમાણીય વસ્તુ સાથે યોગ્ય રીતે જોડે છે.<br>પ્રવૃત્તિ1<br>સમતલ સપાટી પર યોગ્ય જોડ બનાવે.<br>પ્રવૃત્તિ 2<br>એક બોક્સમાં લખોટી બોલ બર્થ ડે કે કોણ બાકસના ખોખા નાના મોટા ચોરસ લંબચોરસ ના ટુકડા ખોખા વગેરે ભેગા કરી તેનું વર્ગીકરણ કરવું.<br> |

<table>
<tr><td></td><td>ફરે છે.<br>સાધન: દડો, લખોટી, મોસંબી, લંબચોરસ બોક્સ, શંકુ આકાર નો કોન</td><td></td></tr>
<tr><td colspan="2">અપૂર્ણાંકનો ઉપયોગ કરવાનું કૌશલ્યનો વિકાસ 5 વર્ષ (પ્રિ સ્કૂલ 3) પછી થાય છે.</td><td>IL3.26<br>રોજિંદા સંદર્ભમાં અડધી રોટલી, અડધું પવાલું પાણી વગેરે શબ્દોનો ઉપયોગ કરે છે.<br>અપૂર્ણાંક<br>જે વસ્તુઓના બે ભાગ થઈ શકે અથવા બે સરખા ભાગ કરી શકાય તેવી વસ્તુઓ બતાવવી દાખલા તરીકે રોટલી, રોટલો, પાણીનો ગ્લાસ પાણીના સરખા બે ભાગ કરવા, ફળ, શાકભાજી, કાગળ વગેરે.. ઉપરોક્ત વસ્તુઓના બે સરખા ભાગ કરી તેને અડધું કહેવાય. જે ગ્લાસમાં પાણી છે તે પાણીના બે સરખા ભાગ કરવાથી દરેકમાં અડધું પાણી થાય છે તેમ સમજાવવું આમ બાળકને આખા અને અડધા ની સમજ સ્પષ્ટ થશે.</td></tr>
</table>

પ્રશ્ન: બે બાળકો છે વસ્તુ એક છે તો બંનેને સરખે ભાગે કેમ વેચશો?

પઝલ:



આખું

અડધું . અડધાં નું

અડધું

વાર્તા: બે બિલાડી રોટલો એક

## બે બિલાડી અને વાંદરો


એક ગામ હતું. તેમાં શેરી. શેરીમાં બિલાડીઓ રહે. એક કાળી અને બીજી ધોળી બંને શેરીમાં હરે ફરે અને રહે ઘી, દૂધ, દહીં, રોટલી જે મળે તે જમે.

એક દિવસની વાત છે. કાળીને ધોળી ભૂખી થઈ, નીકળી પડી. ખોરાકની શોધમાં કોઈના રસોડામાં ચુપચાપ પેઠી, કાળીએ રોટલી જોઈ. પછી ધોળીએ જોઈ. ધોળી દોડી. રોટલી લઈ ભાગી. પાછળ કાળી દોડી બેઉ ભાગોળે ભેગી મળી. રોટલી કોની ! કાળી કે ધોળીની ! બેઉ ઝઘડવા લાગી.

કાળી ને ધોળી મિયાઉં, મિયાઉં કરે, સામ સામે ઘુરકે. ઝાડ પર એક વાંદરો. બડો લુચ્ચો! વાંદરાએ બિલાડીઓને ઝઘડતી જોઈ. તે વાત સમજી ગયો તરતજ કોઈ જગ્યાએથી ત્રાજવું લાવ્યો. ત્રાજવું લઈ બિલાડીઓ પાસે ઊભો.

વાંદરો કહે ''બહેનો ઝઘડો નહિ. ચાલો, રોટલી બંનેને વહેંચી આપું અડધી કાળીની ને અડધી ધોળીની'' ! બિલાડીઓ કબુલ થઈ. વાંદરાભાઈ એ રોટલીના બે ટુકડા કર્યા. એક નાનોને એક મોટો. ત્રાજવાની એક છાબમાં મોટો ટુકડો મુક્યો ને બીજા છાબમાં નાનો ટુકડો મૂક્યો. મોટાં ટુકડાવાળી છાબડી નમી. વાંદરો કહે ''આ ટુકડો મોટો છે, લાવ સરખા કરું.'' એમ કહી મોટો ટુકડો ખાઈ ગયો. વાંદરાભાઈ કહે ''આ ટુકડો મારી મહેનતનો.'' આમ બોલી વાંદરાએ ટુકડો મોમાં મુકી દીધો. ત્રાજવું લઈ ઝટપટ ઝાડ ઉપર ચઢી ગયો. કાળી અને ધોળી જોતી રહી ગઈ ! કાળી અને ધોળી ઝઘડી એમાં વાંદરાભાઈ ફાવી ગયા.



| | | |
|---|---|---|
| IL1.27<br>**તાળી, ચપટી, પગના તાલ જેવી સાદી તરાહને અનુસરે છે તથા પોતાની રીતે નવી તરાહ બનાવે છે.**<br>પ્રવૃત્તિ 1: શિક્ષક તાળી પાડશે એક... બે...ત્રણ.. એ ક્રમ મુજબ તાળી પાડશે બાળકો તેનું અનુકરણ કરશે.<br>પ્રવૃત્તિ 2: શિક્ષક ચપટી વગાડશે એક.. બે.. ત્રણ.. એ ક્રમ મુજબ ચપટી વગાડશે બાળકો તેનું અનુકરણ કરશે.<br>પ્રવૃત્તિ 3: કદમ તાલ કરાવવો<br>ગીત: શ્રી રામ જય રામ જય જય રામ...<br>અભિનય ગીત: બા મને ચપટી વગાડતા આવડી ગઈ<br>(રમેશ પારેખ)<br>તાલ: ધીતા... કીતા... ઘિતાં... કીતા... | IL2.27<br>**પુનરાવર્તિત સાદી તરાહનો એકમ ઓળખીને તે તરાહ આગળ વધારે છે.**<br>પ્રવૃત્તિ 1: શિક્ષક તાળી પાડશે એક...<br>બે...ત્રણ..ચાર...પાંચ.. એ ક્રમ મુજબ તાળી પાડશે બાળકો તેનું અનુકરણ કરશે.<br>પ્રવૃત્તિ 2: શિક્ષક ચપટી વગાડશે એક.. બે..<br>ત્રણ.ચાર..પાંચ... એ ક્રમ મુજબ ચપટી વગાડશે બાળકો તેનું અનુકરણ કરશે.<br>પ્રવૃત્તિ: 3 કદમતાલ કરાવવો.<br>ગીત: ઢીંગલી મારી ખાતી નથી પીતી નથી બોલતી નથી રે..<br>રમત: તાળી અને ચપટી વગાડતા જાય અને પ્રાણી, પક્ષી કે ફૂલના નામ બોલતા જાય. | IL3.27<br>**પાંદડા કે આંગળાં વગેરે જેવી વસ્તુઓની છાપ વડે નવી તરાહ (પેટર્ન) બનાવે છે.**<br>પ્રવૃત્તિ 1<br>સૌપ્રથમ શિક્ષક વર્ગમાં નીચે મુજબની પ્રવૃત્તિ કરાવશે શરૂઆત અંકોથી કરવી જે તેમને આવડે છે દાખલા તરીકે ૧-૨,૧-૨,૧-૨,૧-૨,૧-૨,૧-૨-૩,૧-૨-૩,૧-૨-૩,૧-૨-૩ત્યારબાદ અન્ય ચિત્રો પેટર્ન કે પાંદડા કે ચાંદલા મોડેલ કાર્ડ દ્વારા કરાવવી.<br> |

| IL1.28 | IL2.28 | IL3.28 |
| --- | --- | --- |
| કવિતા/ જોડકણાં વડે પોતાના/ પોતાની આસપાસની વસ્તુઓના ભાગનું અવલોકન કરે, ગણે અને તારણ કાઢે છે. જેમ કે બે હાથ, એક નાક.<br>વાર્તા:<br>છ આંધળા અને હાથી ની વાર્તા<br>છ આંધળા હતા. તે બધાને હાથથી ને સ્પર્શ કરવાનું કહેવામાં આવે છે. એકના હાથમાં પૂછડું આવે છે, તે કહે હાથી દોરડા જેવો છે. બીજાના હાથમાં પગ આવે છે, તે કહે હાથી થાંભલા જેવો છે. ત્રીજાના હાથમાં કાન આવે છે, તે કહે હાથી સુપડા જેવો છે. ચોથા ના હાથમાં સૂંઢ આવે છે, તે કહે છે હાથી અજગર જેવો છે. પાંચમાંના હાથમાં દાંત આવે છે, તે કહે હાથી ભાલા જેવો છે. છઠ્ઠા ના હાથમાં પેટ આવે છે, તે કહે હાથી દિવાલ જેવો છે.<br>જોડકણું: | સૂચના પ્રમાણે આસપાસમાંથી વસ્તુઓ વીણે, ભેગી કરે છે. જેમ કે: 2 ચમચી આપ.<br>બાળક આસપાસની વસ્તુઓ જેવી કે સળી પાન ફૂલ બિયા કાંકરી કોળી બિલ્લા વગેરે એકઠા કરશે<br>ત્યારબાદ શિક્ષક તેને વારાફરતી એક બે ત્રણ ચાર પાંચ ની વસ્તુઓ બતાવવા કેસે દાખલા તરીકે 3 બિલ્લાં, 5 કોડી, 6 પાન આપ વગેરે..<br>જોડકણું:<br><br>જોડકણું<br>એક બે ત્રણ ચાર<br>એક બે ત્રણ ચાર,<br>ચાલો, સામે નદી પાર.<br>પાંચ છ સાત,<br>અજવાળી, રૂપાળી રાત.<br>આઠ, નવ, દસ,<br>સૌએ પીધો મીઠો રસ. | આસપાસની પરિસ્થિતિઓના આધારે નિષ્કર્ષ કાઢે છે. જેમ કે: મારી પાસે લાલ કરતાં ભૂરી પેન વધારે છે.<br>એક બોક્સમાં સ્કેચ પેન કે મીણીયા કલર મૂકવા<br>ત્યારબાદ વારાફરતી બે બાળકો ઉભા થશે એકને લાલ અને બીજાને લીલો કલર પસંદ કરવા કહેવું. ત્યારબાદ ગણતરી કરી નીચે મુજબ બોલશે<br>બાળક 1: મારી પાસે બે લાલ પેન છે.<br>બાળક 2: મારી પાસે ત્રણ પીળી પેન છે.<br>બાળક 1: મારી પાસે વિરલ કરતા એક પેન ઓછી છે.<br>બાળક 2: મારી પાસે બાળક1 કરતા એક પેન વધારે છે.<br>ઉપર મુજબની પ્રવૃત્તિ બેનાં જૂથમાં પ્રત્યેક વિદ્યાર્થી પાસે કરાવી<br>રમત: એક બાળક બોલશે રંગ રે રંગ બીજા બધા બાળકો મળશે કેવો રંગ પહેલો બોલશે લાલ એટલે બધા બાળકો લાલ કલરની વસ્તુઓ અડવા જશે જે નહીં અટકી શકે તે આઉટ થશે આ રીતે બાળકને |

| | | |
|---|---|---|
| જોડકણાં<br>**હાથીભાઈ તો જાડા**<br>હાથીભાઈ તો જાડા, લાગે મોટા પાડા<br>આગળ ઝુલે લાંબી સૂંઢ, પાછળ લટકે ટૂંકી પૂછ.<br>હાથીભાઇ તો ધમધમ ચાલે, પાતાળ પાણી કાઢે<br>પાતાળ પાણી ઊંડા, હાથીના પગે કૂંડા.<br><br>પ્રાણીના નામ લખી કાર્ડ પહેરાવવા જેમકે ગાય નું ચિત્ર હવે શિક્ષિકા ગાયનું ચિત્ર પહેરેલું બાળકને પૂછશે ગાયને કેટલા શિંગડા છે ગાયના ચિત્રમાં કાન તરફ આંગળી ચીંધી શિક્ષિકા પૂછશે. આ શું છે? બાળક કહે છે તેમના કાન તથા બીજો, ત્રીજો એમ પ્રશ્ન પૂછશે આ શું છે? બાળક જવાબ આપશે દરેક બાળક જે કાર્ડ પહેરશે તેને શિક્ષિકા પૂછશે અને બાળક જવાબ આપશે. | | રંગની ઓળખ કરાવી શકાય.<br>બાળગીત: ફુલડે... ફુલ ડે... |
| IL1.29<br>આજે, આવતીકાલે, ગઈકાલે જેવા શબ્દો | IL2.29<br>ખાસ દિવસો જેવા કે શનિવાર, રવિવાર, | IL3.29<br>અઠવાડિયાના વાર અને વર્ષના મહિનાના |

| રોજિંદા જીવનમાં વાપરે છે. | તહેવારનો દિવસ, રજા વગેરે ઓળખે છે. જેમ કે: રવિવારે રજા હોય | નામ બોલે છે. |
|---|---|---|
| ગીત:<br>રવિ પછી તો સોમ છે,<br>ત્રીજો મંગળવાર ચોથો બુધ,<br>ગુરુ પાંચમો છઠ્ઠો શુક્રવાર છે,<br>શનિવાર તો સાતમો છેલ્લો વાર ગણાય,<br>એમ એક અઠવાડિયું સાત વાર કહેવાય.<br>પ્રવૃત્તિ<br>વારના નામ રોજ બોલાવવા ત્યારબાદ પ્રશ્નોત્તરી કરવી તથા સામે પ્રશ્ન પૂછવા પણ કહેવું અથવા બાળક જિજ્ઞાસા પૂર્વક પ્રશ્ન પૂછશે જેવા કે આજે કયો વાર છે? ગઈકાલે કયો વાર હતો? આવતીકાલે કયો વાર હશે? તમને કયો વાર વધારે ગમે છે? કયા વારે રજા હોય છે? વગેરે.. | બાળકોએ રવિવાર રજા ના દિવસે કરેલી પ્રવૃત્તિ વિશે વ્યક્તિગત પૂછવું...<br>જેમકે કાલે તમે શું જમ્યા? આજે સવારે ઊઠીને તમે શું કર્યું? આવતીકાલે તમે શાળાએ આવશો કે નહીં? વારંવાર પ્રશ્નો પૂછવા અને આજ, આવતીકાલ અને ગઈકાલ વિશે સમજ આપવી. | દરેક બાળકોને સમૂહમાં વાર ના નામ અને મહિનાના નામ બોલાવી મહાવરો કરાવવો<br>ત્યારબાદ વારાફરતી ઊભા કરી ક્રમશઃ શરૂઆતમાં એક બે ત્રણ નામ સળંગ બોલે ત્યારબાદ આગળ વધો<br>(ગુજરાતી મહિનાના નામ)<br>જોડકણું:<br>એક હતો રાજા,<br>ખાતો'તો ખાજા,<br>સોમવારે જન્મ થયો,<br>મંગળવારે મોટો થયો,<br>બુધવારે બુદ્ધિ આવી,<br>ગુરુવારે ગાદીએ બેઠો,<br>શુક્રવારે શિકારે ગયો,<br>શનિવારે માંદો પડ્યો,<br>રવિવારે સાજો થયો. |

<table>
<tr>
<td>IL1.30<br>ઘરમાં ઉપલબ્ધ તકનિકી સાધનો જેવાં કે ટીવી, રિમોટ, મોબાઈલ વગેરે ને સમજે છે.<br>શાળામાં કે આસપાસ ઘરમાં ઉપલબ્ધ તકનીકી સાધનો જેવા કે ટીવી મોબાઇલ, રીમોટ, રેડિયો વગેરે સાધનો બતાવવા, સંભળાવવા અને તેના ઉપયોગ વિશે પ્રશ્નો પૂછવા જેમ કે મોબાઈલ નો ઉપયોગ ફોન કરવા, ગીત સાંભળવા, વાર્તા સાંભળવા, જોડકણા જોવા, વગેરે ટીવી શાના વડે ચાલુ થાય છે? ટીવીમાં ચિત્ર જોઈ શકાય છે રેડિયોમાં જોઈ શકાય છે વગેરે?</td>
<td>IL2.30<br>ટીવી, મોબાઇલ જેવાં તકનિકી સાધનો પ્રત્યે સભાનતા દાખવે છે.<br>તકની કી સાધનો જેવા કે ટીવી મોબાઇલ રીમોટ રેડિયો વગેરે વાપરતી વખતે નીચે મુજબની કાળજી લેવી જોઈએ તેવી બાબતનો ખ્યાલ આપવો પેન ડ્રાઈવ સેટઅપ બોક્સ અને સાઉન્ડ સિસ્ટમ વિશે માહિતી મેળવે.<br>• ટીવી યોગ્ય જગ્યાએ રાખવું,<br>• ટીવી સાથે કોઈપણ વસ્તુ અથડાવી ના જોઈએ.<br>• મોબાઈલ હાથમાંથી પડવો ન જોઈએ. તમામ સાધનોને પાણીથી દૂર રાખવા.<br>• સાધનો વાપરતી વખતે કરંટ ન લાગે તે માટે વડીલોને સાથે રાખી ઉપયોગ કરવો.<br>• તમામ તકનીકી સાધનોનો જરૂરિયાત પૂરતો જ ઉપયોગ કરવો.<br>• સાધન વાપરતી વખતે આસપાસ કોઈને ખલેલ ન પહોંચે તે વાતનું ધ્યાન રાખવું.</td>
<td>IL3.30<br>આસપાસમાં સામાન્ય રીતે ઉપલબ્ધ તકનિકી સાધનોનો ઉપયોગ વર્ણવે છે.<br>• બાળક તેના ઘરમાં ઉપલબ્ધ તકનીકી સાધનોના વર્ણન કરવા માટે શિક્ષક નીચેના જેવા પ્રશ્નો પૂછી શકશે.<br>• તમારી ઘરે ટીવી છે<br>• કેવડું છે<br>• કેવી રીતે ચાલુ કરો છો<br>• તમે તે કેવી રીતે બંધ કરો છો<br>• તમે તેમાં કયા પ્રોગ્રામ જુઓ છો<br>• મેં તમારા મમ્મી પપ્પા સાથે પ્રોગ્રામ જુઓ છો<br>• મોબાઈલ કેવી રીતે ચાલુ થાય<br>• મોબાઈલ કેવી રીતે બંધ થાય<br>• મોબાઈલ ચાર્જમાં કોણ મૂકે છે<br>• ટીવી જોતી વખતે તમે ટીવી થી કેટલા દૂર બેસો છો?<br>• નજીકથી ટીવી જોવાથી શું થાય?<br>• મોબાઈલના વધુ ઉપયોગથી શું નુકસાન થાય<br>• મોબાઈલ કરતી વખતે મમ્મી પપ્પા કે મોટા</td>
</tr>
</table>

| | | |
|---|---|---|
| | • જો શાળામાં સીસીટીવી કેમેરા હોય તો તે પણ બતાવવા અને તેના ઉપયોગ વિશે સમજાવો. | ભાઈ બેન ને સાથે રાખવા જોઈએ. |

નોંધ:

1. સરવાળાની સંકલ્પનાનો વિકાસ ચાર વર્ષની ઉંમરેથી શરું થાય, જેમ કે પ્રિ.સ્કૂલ ૨ થી.
2. બાદબાકીની સંકલ્પનાનો વિકાસ ચાર વર્ષની ઉંમરેથી શરું થાય, જેમ કે પ્રિ.સ્કૂલ ૨ થી.
3. સરવાળા અને બાદબાકી વચ્ચેના સંબંધની સંકલ્પના છ વર્ષની ઉંમરે એટલે કે પહેલા ધોરણમાં કેળવાવી શરું થાય.
4. ગુણાકારની સંકલ્પના છ વર્ષની ઉંમર પછી એટલે કે ધોરણ 1 પછી વિકસે.
5. ભાગાકારની સંકલ્પના સાત વર્ષ એટલે કે ધોરણ 2 પછી વિકસે છે.
6. તાપમાન માપન સંબંધી સંકલ્પના છ વર્ષ એટલે કે ધોરણ 1 પછી વિકસે છે.
7. અપૂર્ણાંકની સંકલ્પનાની શરૂઆત 5 વર્ષે એટલે કે પ્રિ સ્કૂલ 3 થી થાય છે.
8. જુદા વિષય તરીકે પર્યાવરણ ધોરણ 3થી શરુ થાય છે. ધોરણ 1 ને 2 માં ભાષા અને ગણિત સાથે પર્યાવરણ સમાવી લેવાયું છે.


નિપુણ ભારત

જી.સી.ઇ.આર.ટી.ગાંધીનગર પ્રેરિત

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જૂનાગઢ સંપાદિત

# ECCE સાહિત્ય નિર્માણ

## લેખન - સંપાદન



### EC
### બાળકો અસરકારક પ્રત્યાયનકર્તા બને – ભાષા

| નામ | શાળાનું નામ | તાલુકાનું નામ | Module |
|---|---|---|---|
| તરૂણકુમાર પી. કાટબામણા | કન્યા શાળા નં ૪ પ્રાથમિક શાળા | જૂનાગઢ | EC |
| દયાબેન રવજીભાઈ ભેસાણીયા | શ્રી નવલખી પ્રાયમરી સ્કુલ | વંથલી | EC |
| અશોક બી ઉપાધ્યાય | નિવૃત્ત શિક્ષક | જૂનાગઢ | EC |
| રામ મંજુલાબેન નારણભાઈ | લીરબાઈ નગર પ્રાથમિક શાળા | જુનાગઢ | EC |
| સવાણી અમિતાબેન કુમનદાસ | બી આર સી ભવન જુનાગઢ શહેર | જુનાગઢ | EC |
| પરમાર રાજુબેન સગરામભાઈ | શાપુરબારા પ્રાથમિક શાળા | માંગરોળ | EC |
| રામજીભાઈ એન. પરમાર | બંદર શાળા માંગરોળ | માંગરોળ | EC |
| ગોસ્વામી જિજ્ઞાસાબેન રશ્મીન પુરી | આંગણવાડી ભેસાણ-04 | ભેસાણ | EC |
| સંચાણિયા ઉષાબેન ચિમનભાઈ | વધાવી પ્રાથમિક શાળા | જૂનાગઢ | EC |
| ભેસાણીયા સોનલબેન રવજીભાઈ | ડો. આંબેડકર નગર પ્રાથમિક શાળા | જુનાગઢ | EC |


ફેબ્રુઆરી - ૨૦૨૩

બાલ દેવો ભવ:

## નિપુણ ભારત મિશન – અધ્યયન નિષ્પત્તિ

**વિકાસાત્મક ઉદ્દેશ 2**
**બાળકો અસરકારક પ્રત્યાયનકર્તા બને (EC) - ભાષા**


| બોલવું અને સાંભળવું | અર્થગ્રહણ સહિતનું વાચન | સહેતુક લેખન |
|---|---|---|
| • અર્થગ્રહણ સહિતનું શ્રવણ<br>• સર્જનાત્મક સ્વ-અભિવ્યક્તિ અને વાતચીત<br>• ભાષા અને સર્જનાત્મક વિચારણા<br>• શબ્દભંડોળનો વિકાસ<br>• વાતચીત અને પોતાની વાત કહેવાનું કૌશલ્ય<br>• ભાષાના અર્થપૂર્ણ ઉપયોગો | • પુસ્તકો સાથે જોડાણ<br>• પ્રિન્ટ જાગૃતિ (Print Awareness) અને અર્થનિર્માણ<br>• વાંચવાનો દેખાડો કરવો (પ્રારંભિક વાચન)<br>• ધ્વનિ જાગૃતિ (Phonological Awareness)<br>• ધ્વનિ-પ્રતીકનું જોડાણ<br>• અનુમાન અને પૂર્વઅનુભવોનો જ્ઞાન સાથેનો ઉપયોગ<br>• મજા માણવા માટે હેતુસર સ્વતંત્ર વાંચન | • પ્રારંભિક સાક્ષરતાના કૌશલ્ય<br>• સ્વ-અભિવ્યક્તિ માટે લેખન<br>• અક્ષર અને ધ્વનિઓ વિશેના પોતાના જ્ઞાનનો ઉપયોગ કરવો, લખવા માટે જાતે શોધી કાઢેલા શબ્દોનો ઉપયોગ.<br>• પરંપરાગત રીતે લેખન કરવા પ્રયાસ કરે.<br>• ચિત્ર કે શબ્દ અને અર્થપૂર્ણ વાક્યો દ્વારા વાચનને પ્રતિક્રિયા આપે છે.<br>• પ્રાસવાળા શબ્દોનું લેખન.<br>• નામ અને ક્રિયાસૂચક શબ્દોનો ઉપયોગ કરીને અર્થપૂર્ણ વાક્યો લખવાં.<br>• પોતાની અભિવ્યક્તિ કરવા મિશ્ર ભાષાના સંકેતોનો ઉપયોગ કરે છે.<br>• વર્ગખંડની પ્રવૃત્તિઓમાં અને પોતના ઘરે વિવિધ હેતુ માટે અર્થપૂર્ણ લેખન કરે,જેમ કે યાદી બનાવવી, વડીલોનું અભિવાદન કરવું, મિત્રોને આમંત્રણ/સંદેશા મોકલવા વગેરે. |

| પ્રથમ ભાષા | | |
|---|---|---|
| 1<br>પ્રિ સ્કૂલ 1 | 2<br>પ્રિ સ્કૂલ 2 | 3<br>પ્રિ સ્કૂલ 3<br>(બાલમંદિર ) |
| ECL 1.<br>1.1a<br>ઘરની/ પોતાની ભાષામાં પરિચિત/ અપરિચિત બાળકો/ મોટાઓ સાથે ટૂંકી વાતચીત/ સંવાદ કરવા પ્રયત્ન કરે છે.<br>જો<br><br>દોડતો જાય દોડતો જાય<br>દોડતો જાય, દોડતો જાય<br>નાનકડો બાબલો દોડતો જાય (૨)<br>ગોરા ગોરા ગાલ છે, વાંકડિયા વાળ છે.<br>ખંજરી વગાડતો દોડતો જાય<br>નાનકડો બાબલો દોડતો જાય (૨)<br>મમ્મી સાથે બોલતો, પપ્પા સાથે બોલતો<br>બેનીની સાથે હસતો જાય.<br>નાનકડો બાબલો દોડતો જાય (૨)<br>એનઘેન રમતો, સંતાકૂકડી રમતો.<br>છાનોમાનો સંતાય જાય.<br>નાનકડો બાબલો દોડતો જાય (૨) | ECL 1.<br>2.1<br>ઘરે તથા શાળામાં નવા મિત્રો, અપરિચિત શિક્ષક, શાળાના કર્મચારી, બીજા મોટેરાં સાથે વાતચીત કરવા પ્રયત્ન કરે છે.<br>ચાર્ટ<br><br> | ECL 1.<br>3.1<br>ઘરે તથા શાળામાં નવા મિત્રો, અપરિચિત શિક્ષકો, શાળાની અન્ય વ્યક્તિઓ, બીજા મોટાઓ સાથે પોતાની ભાષામાં વાતચીત કરે છે.<br>પ્રવૃત્તિ<br>સૌપ્રથમ શિક્ષક પોતાનો અને પોતાના પરિવારનો વિસ્તૃત પરિચય આપશે અને પોતાની સાથે કાર્યકર્તા વ્યક્તિનો પરિચય આપશે, આ પ્રમાણે બાળક પણ પોતાનો, પોતાના પરિવારના લોકોને વિસ્તૃત પરિચય આપશે તે પોતાના મિત્ર વર્તુળને પણ તેમાં જોશે તે પોતાની આસપાસના સમાજના લોકોને પણ પોતાની શાળાની વિસ્તૃત વાત કરતા શીખશે. |

**પ્રવૃત્તિ: 1**

સૌપ્રથમ શિક્ષક પોતાની વાત કરશે એક ચાર્ટ પેપર પર કે બોર્ડ પર નીચે મુજબ લખવું અને બતાવવું.

ચાર્ટ 1




સૌપ્રથમ શિક્ષક પોતાના અને પોતાના પરિવાર વિશે વાત કરશો ત્યારે બાળક પણ પોતાના પરિવાર અને સગા સંબંધીઓ વિશે શિક્ષક સાથે વાત કરશે.

બાળક શિક્ષકનું અનુકરણ કરશે અને અન્ય બાળક સાથે કે ઘરે વાલી સાથે પણ આ પ્રમાણે વાત કરશે આમ બાળકને અનુભવ મળતા તે પરિચિત અને અપરિચિત લોકો સાથે વાતચીત કરવા પ્રયત્ન કરશે.

*** સ્થાનિક બોલી પ્રમાણે જોડકણા ***

બો-બો -બો<br>
નાના બાળક બો<br>
પ્રાણી સંગ્રહાલયમાં જાય છે

પંજ પંજ પંજ<br>
મધમાખી છે પંજ<br>
મધપૂડાને ન આવે આંજ (આચ)

બાળકને વિવિધ જોડકણા અને વાર્તા કહેવાથી તેનો શબ્દ ભંડોળ વધે છે જેથી તે અન્ય લોકો સાથે વાતચીત કરવામાં સરળતા અનુભવે છે

**@ સ્થાનિક ભાષામાં રમત @**


કેટલા રે કેટલા !<br>
તમે કો એટલા !<br>
બો -બો<br>
નું -નું<br>
પંજ- પંજ

**@ સ્થાનિક બોલી પ્રમાણે વાર્તા @**

**<u>* પેલા બાબુભાઈ *</u>**

એક દરિયા કિનારાનું ગામ. ગામમાં સરકારી પ્રાથમિક શાળા હતી .શાળામાં બાળકો ઉત્સાહપૂર્વક ભણવા આવતા હતા. રિશેષનો બેલ પડતા જ બાળકો શાળાના મેદાનમાં ધીંગા મસ્તી મોજ મસ્તી સાથે આનંદ લુટતા હતા. એવામાં શાળાના મેદાનમાં બાબુભાઈ ચૂપચાપ પોતાના ખોરાક માટે શાળાના મેદાનમાં આવ્યા. બાળકો તેમને જોઇને ચીસો

ચાર્ટ 2




વિદ્યાર્થી શિક્ષકનું અનુકરણ કરશે. તે શિક્ષકની જેમ પોતાનો ટુંકો પરિચય આપશે.

**@ દરિયાઈ વિસ્તારના તળપદા શબ્દોની યાદી**

બેસી જા- વેવિન ,વઈરો
ઉભો થા -ઉભો થઈવી
પાછળ- ઘીસકવુ, પાતે
આગળ- અચિવિન, વાતે

હાથી ભાઈજા તો જાડા
લાગે મોટા પાડા
અચિવિનના ઝૂલે લાંબી સુંઢ
ઘસકે લટકે ટૂંકી પૂછ

મામો ઘર કેટલે
દીવો બળે એટલે
દીવો મેતો દીઠો
મામો લાગે મીઠો
મામી મારી ભોળી
મીઠાઈ લાવે મોળી
મોળી મીઠાઈ ભાવે નહીં
રમકડા તો લાવે નહીં

વારતા રે વારતા
ભાભો ઢોર ચારતા
ચપટી બોર લાવતા
છોકરાઓને સમજાવતા
અકળો છોકરો રિસાવયો
કોઠી પાછળ વિસાવયો
કોઠી પડી આડી
છોકરાએ ચીસ પાડી
અરરર માડી.

પાડવા લાગ્યા અને બાબુભાઈને હેરાન કરવા લાગ્યા. ત્યાંથી બાબુભાઈ તો ઝડપથી નીકળી અને પથ્થરના ઢગલામાં છુપાઈ ગયા.

રિશેષ પૂરી થતાં ફરી બાળકો પોતાના ક્લાસમાં ગોઠવાઈ ગયા. મેદાનનો કલબલાટ બંધ થતા બાબુભાઈ છાનામાના બાજુના ખંઢેરમાં જતા રહ્યા. બાબુભાઈ પોતાના ખોરાકની શોધમાં હતા. નાના જીવજંતુ ,ખજૂરા, સાપ તેમના ખોરાક હતો. તેમને બહુ ભૂખ લાગી હતી. પણ શું થાય? બાબુભાઇ આપણા વાડામાં, જંગલમાં અને ખેતરમાં જોવા મળે છે .બાબુભાઈ પોતાના બચ્ચાંને લઈને આમ તેમ ફરિયા કરે છે. બાબુભાઈ દેખાવમાં ભરાવદાર અને નમણા તેમના વાળ સુવાળા અને નખ પણ મોટા હોય છે .બે પગે ઊભા થઈને આમ તેમ જોયા કરે છે. સાડા ચાર વાગ્યે રમવાના તાસમા બાળકો મેદાનમા બિલ્ટા અને બેદલાોથી રમતા હતા.

પાંચ વાગ્યે બેલ પડતા બાળકો જ્યાં બાબુભાઈ હતા ત્યાં જોવા ગયા અને ફરી બાબુભાઈને જોઇને એકબીજાને પૂછવા લાગ્યા બાબુભાઈ તો ભોળા છે તે કોઈને હેરાન કરતા નથી. જેથી આપણે પણ બાબુભાઈને હેરાન કરવા જોઈએ નહીં. બાબુભાઇ આપણા મિત્ર છે.

<table>
<tr>
<td>આવો-અચ્છ<br>ઘરે જવું -ઘરે વિનુવઈ<br>ભાઈ -ભાયજા<br>બહેન -બાઈ<br>પપ્પા -પે<br>શર્ટ -આબો<br>શાંતિ રાખ- સભર રખ<br>આંખો બંધ -અંખી મૌન રખ<br>આજ-હેજો<br>ટોપ -ફરાક<br>આમંત્રણ -દાવત<br>ઓઢણી- સાડી<br>લખોટી -બિલ્ટા<br>દડો -બેદલો<br>પતંગિયું -પીછી<br>લસર પટ્ટી- ઘીસર પટ્ટી<br>નિશાળ-ઈસ્કોલ<br>નોળિયો- બાબુભાઈ<br>ભમરડો- ગરિયો<br>ભાત -ધાન<br>પુલાવ- માય પુલાવ<br>રેતી -ધૂળ<br>જાળ- આચબુ (માછલા પકડવાની જાર)</td>
<td>@ સ્થાનિક બોલી પ્રમાણે બાળગીત @<br>અકળો સાવ સડકડો ને બો ડીલે તગડો,<br>બંને બથ્થબથ્થી બત્તી કરતા થઈ ગયો મોટ ઝઘડો,<br>તેડો તાળી પાડે ને નાચે તાતા થઈ,<br>ચોગડાની ઢીલી ચડ્ડી સરરર ઉતરી ગઈ!<br>પંજડો પેંડા ખાતો એની છગડો તાણે ચોંટી,<br>સાતડો 96 માં નો આવી લઈ ગયો બધી બેલ્ટા,<br>અઠ્ઠડાને પેન્સિલ આપી નુંડો કહેતો લખ,<br>અકળો મીંડો ડો વાગ્યા ત્યા આવી સ્કૂલની બસ.</td>
<td>(બાબુભાઈ એટલે નોળિયો )<br>( બિલ્ટા એટલે લખોટી )<br>( બેદલો એટલે દડો)</td>
</tr>
</table>

| | | |
|---|---|---|
| *** સ્થાનિક ભાષામાં વાતચીત ***<br>આંખો બંધ રાખ - તુજે અખી બંધ રખ<br>શાંતિ રાખો- મોં સભર રખ<br>તારા પપ્પાનું નામ શું છે?- તેરે પે કા નામ ક્યા હૈ<br>તું ક્યાં છો ?- તુ કિતને વિનતી<br>આવો ભાઈ - અચ્છ ભાયજા<br><br>*** સ્થાનિક બોલી પ્રમાણે 1 થી 10 ના અંકો ***<br>૧ - અકળો<br>૨- બો<br>૩- તે<br>૪- ચાર<br>૫- પંજ<br>૬- છ<br>૭- સાત<br>૮- અઠ્ઠ<br>૯- નું<br>૧૦- ડો<br><br>**@ જુનાગઢ જિલ્લાના વિવિધ તાલુકાના સ્થાનિક બોલી ની યાદી @**<br>હોવે- હા<br>ઓથ-આશરો | | |

| | | |
|---|---|---|
| આંય- અહીં<br>આલુ -આપુ<br>પુગે -પહોંચે<br>ભાળવું -જોવુ<br>આલીપા -આ બાજુ<br>ઓલીપા- પેલી બાજુ<br>મોર -આગળ<br>મગન- જગ્યા<br>અટાણે -અત્યારે<br>ઢબ- રીત<br>સંધુય- બધુંય<br>ખાસડા- પગરખા<br>પથ્થર-પાણો, પાંઢો<br>ટેમ -ટાઈમ<br>પાહે- પાસે<br>ગનો- ગુનો<br>પંડે -જાતે<br>કુણ- કોણ<br>હળી- દોડધામ<br>અમથું -અમસ્તા<br>જોટો- જોડ<br>વાલામોઇ- વહાલી<br>હાફ -શ્વાસ<br>ટોણા- મહેણું | | |

| | | |
|---|---|---|
| ડિલ -શરીર<br>ગલઢેરા- ઘરડા<br>નકર -નહીંતર<br>પરબારા -બારોબાર<br>ખડકી -આંગણું<br>વરણ- જ્ઞાતિ<br>નોતરું -આમંત્રણ<br>સામટુ -એક સાથે<br>માલીપા -અંદર<br>બાધા- પ્રતિજ્ઞા<br>મારગ- માર્ગ<br>ઉગલવું- વિદાય<br>ધોખો- ગુસ્સો<br>લવારો- બકવાસ<br>હાકલ- બુમા બુમ<br>કામઢું- કાર્યશીલ<br><br>ECL 1.<br>1.1.b.વાતચીત દરમિયાન મુખભાવ, સંકેતો અને હાવભાવ સમજવા પ્રયત્ન કરે છે.<br><br>સૌપ્રથમ શિક્ષક પોતાના ચહેરા પર જુદા જુદા ભાવ લાવી બાળક સાથે પ્રવૃત્તિ કરશે. | | |

| | | |
|---|---|---|
| જેમ કે...<br>ધીમો ધીમો હસવું, ખડખડાટ હસવું, ખોટું ખોટું રડવું,<br>શિક્ષક વિવિધ ઈમોજીના કાર્ડ બતાવી બાળકને હાવભાવનો પરિચય આપશે.<br> | | |
| ECL 1.<br>1.2.<br>મોટા અક્ષરવાળાં ચિત્ર પુસ્તકો (બીગબુક)/ | ECL 1.<br>2.2<br>વર્ગખંડમાં પ્રાપ્ય બાળસાહિત્યનું રસપૂર્વક અવલોકન | ECL 1.<br>3.2<br>વાંચન કોર્નરમાંથી પુસ્તક પસંદ કરે અને ચિત્રોની |

| | | |
|---|---|---|
| પોસ્ટરનું  રસપૂર્વક અવલોકન કરે છે.<br><br>➢ **પ્રવૃત્તિ 1 :** બાળકોને સૌ પ્રથમ વિવિધ ચાર્ટ બતાવવામાં આવશે અને બાળક તેને રસ પૂર્વક નિહાળશે.<br>✓ ઉદાહરણ તરીકે : વિવિધ કલરનો ચાર્ટ<br>✓ વિવિધ આકારનો ચાર્ટ<br>✓ પ્રાણી ચાર્ટ<br>✓ વૃક્ષ ચાર્ટ<br>✓ ફળ ચાર્ટ<br>✓ વાહન ચાર્ટ<br>✓ શરીરના પાર્ટનો ચાર્ટ<br>✓ આ બધા ચાર્ટ બાળકો રસ પૂર્વક નિહાળશે.<br>✓ સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ ચાર્ટ વાપરવા.<br><br>➢ **પ્રવૃત્તિ 2 :** વર્ગખંડની દિવાલ કલરફુલ બનાવવી.<br>✓ બાળક દિવાલને સ્પર્શ દ્વારા રસ પૂર્વક અવલોકન કરશે.<br><br>✓ **પ્રવૃત્તિ ૩. :** વિવિધ ચિત્રોની પઝલ બાળકોને રમવા માટે આપવામાં આવશે. બાળકો ચિત્રને રસ પૂર્વક ગોઠવીને નિહાળશે. | કરે અને તેમના વિશે બીજાં બાળકો સાથે વાતચીત કરે છે.<br><br>✓ **પ્રવૃત્તિ : ૧.** બાળકોને વિવિધ ચિત્રોના ફ્લેશ કાર્ડ બતાવવામાં આવશે. બાળકો ફ્લેશ કાર્ડ હાથમાં લઇ ચિત્ર નું અવલોકન કરશે. અને ચિત્ર વિશે બીજા બાળકો સાથે અથવા શિક્ષક સાથે વાતચીત કરશે.<br>✓ ઉદાહરણ તરીકે ગાયનું કાર્ડ હાથમાં લઇ તેને રસપૂર્વક નિહાળશે. ગાયનું ચિત્ર વિશે બાળકો અંદરો અંદર ચર્ચા કરશે.<br>✓ આ ચિત્ર કયા પ્રાણીનું છે?<br>✓ કેટલા પગ છે?<br>✓ કેટલા છે?<br>✓ ક્યાં જોવા મળે છે?<br>✓ જેવા પ્રશ્નોની ચર્ચા કરશે?<br>✓ સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ ચાર્ટ વાપરવા.<br><br>**પ્રવૃત્તિ 2 :** કલરફુલ દિવાલ બનાવવી. બાળક દીવાલ નું અવલોકન કરશે અને ચિત્ર પર ચર્ચા કરશે.<br><br>**પ્રવૃત્તિ 3:** વિવિધ ચિત્રોની પઝલ બાળકોને રમવા | મદદથી વાર્તા સમજવા પ્રયત્ન કરે, લેખિત સામગ્રી વિશે અનુમાન/આગાહી કરે છે.<br><br>➢ **પ્રવૃત્તિ ૧.** વાંચન કોર્નરમાં વિવિધ ચિત્રબુક ગોઠવીને રાખવી. વિદ્યાર્થી પોતાની જાતે પસંદગીની ચિત્ર બુક લઇને બેસશે. અને વાર્તાને સમજવા નો પ્રયત્ન કરશે.<br>(વિવિધ પ્રાણીની ચિત્ર બુક, કે કોઇ વાર્તાની ચિત્ર બુક) લઇ શકાય.<br><br>**ચિત્ર વાર્તા :**<br> |

| | | |
|---|---|---|
| ✓ ( હાર્ડ બોર્ડ માં એક ચિત્ર દોરી ને તેનું કટિંગ કરી લેવું. બાળક એ ચિત્ર ને તે જગ્યા માં ગોઠવશે. ઉદા. કેરી નું ચિત્ર દોરી ને પૂઠા માંથી કાપી લેવું. બાળક એ કેરી ના ચિત્ર ને તે ખાલી જગ્યા માં ગોઠવશે.) | માટે આપવામાં આવશે. બાળકો ચિત્ર પૂરું કરી ચિત્રના આધારે ચર્ચા કરશે.<br>✓ ઉદા.તરીકે : બગીચા નું ચિત્ર લઇ .<br>✓ તેને ૪ ભાગ કરી દેવા. બાળક તે ચિત્ર ના ભાગ ને જોડી ને ચિત્ર પૂરું કરશે.ત્યાર બાદ ચિત્ર આધારિત પ્રશ્નોતરી કરશે.<br>✓ ચિત્ર માં કેટલા ચગડોળ છે?<br>✓ કેટલી લસરપટ્ટી છે?<br>✓ કેટલા બાળકો છે?<br>✓ જેવા પ્રશ્નોતરી કરશે. |  |









| | | |
|---|---|---|
| | | વાંચન કોર્નરમાં મુકેલ કોઇ પણ ચિત્ર બુક લઇને પોતાની રીતે વાંચનનું અનુમાન કરશે. |
| ECL 1.<br>1.3a<br>મુખભાવ અને શારીરિક હાવભાવ દ્વારા ગમો-અણગમો વ્યક્ત કરે છે.<br><br>* વિવિધ હાવ ભાવની પ્રવૃત્તિઓ કરાવવી.<br>દા.ત. હસવું તો બાળકો તમારી સાથે હસશે<br>દા.ત. રડવું, ગુસ્સે થવું, તાળી પાડવી, હાથ મિલાવવો, ડર લાગવો, આનંદીત થવું વગેરે.<br>**ગીત,:-**<br>૧) મને આભલે ચમકતો ચાંદલો ગમે<br>૨) કેવો રૂપાળો દેખાય મોરલો.<br>3) ખિલખિલાટ કરતા<br><br>ECL 1.<br>1.3b<br>પોતાની આસપાસનાં પ્રાણી/પક્ષીઓ રૂચી અને પ્રીતિ પ્રત્યે વ્યક્ત કરે છે.<br><br>* **પ્રવૃત્તિ:-**દરેક વિદ્યાર્થીઓને બે બે ચહેરાની જોડ આપવી | ECL 1.<br>2.3<br>રમત રમતમાં જુદા જુદા અવાજ કાઢે છે. જેમ કે, પેન્સિલનો ટ્રેન/ સ્કૂટર તરીકે ઉપયોગ કરીને એન્જિન/ હોર્નનો અવાજ કાઢવો.<br><br>**પ્રવૃત્તિ**<br>૧) પીપ..પીપ..+ છૂક... છૂક..= ટ્રેન<br>૨) ભોપ..ભોપ..+ હુઈ..હુઈ = બસ<br>3) ટ્રીન..ટ્રીન.+ સર..સર...=સાઈકલ<br>૪) ટીટ..ટીટ + હુઉ..હુઉ = સ્કૂટર<br>**ગીત:-**<br>૧) સાયકલ મારી સરરર જાય...<br>૨) લાલ પીળી બસ ચાલી જાય...<br>3) ગાડી આવી ગાડી આવી...<br>૪) પંખી બની ઉડી જઈએ....<br>૫) રેલગાડી આવી મુંબઈનો માલ લાવી...<br>૬) આ અમારી ગાડી છે..... | ECL 1.<br>3.3<br>અગાઉ વાંચેલી કે સાંભળેલી વાર્તા/ કવિતા અંગેનો અનુભવ પોતાની ભાષામાં અભિવ્યક્ત કરે છે, તે વિશે મિત્રો સાથે વાતચીત કરે છે.<br><br>અગાઉ વાંચેલી કે સાંભળેલી વાર્તા કવિતા અંગેનો અનુભવ પોતાની ભાષામાં અભિવ્યક્ત કરે. તે વિશે મિત્રો સાથે વાતચીત કરે. *વાર્તા:- ટોપીવાળો ફેરિયો ઉંદર સાત પૂંછડીવાળો બે બિલાડી ને એક વાંદરો ડટણ આવ્યું પટણ આવ્યું મગર અને વાંદરો ચકો અને ચકી કીડી અને કબૂતર સિંહ અને ઉંદર તરસ્યો કાગડો મગર અને વાંદરો લપલપિયો કાચબો વાર્તાઓ ના પાત્રોનો અભિનય કરે<br>* **ગીત:-** (કવિતા) એક બિલાડી જાડી, ખિસકોલી રે ખિસકોલી, નાના અમથા વાંદરા ભાઈ અને હાથીભાઈ તો જાડા, કોયલ કુકુ ગાય, ઘોડો |

| | | |
|---|---|---|
| ૧) હસતો ચહેરો 😀 😀<br>૨) રડતો ચહેરો 😭 😭<br>શિક્ષક વિદ્યાર્થીઓને સ્થાનિક પર્યાવરણના પ્રાણી પક્ષીઓના મોહરા ,આકૃતિ,ફોટા, ચિત્રો, ફ્લેશ કાર્ડ, બતાવશે એ જોઈને બાળકો ગમતા પ્રાણી પક્ષી ની સામે હસતા ચહેરા નું કાર્ડ 😀 બતાવશે અને ન ગમતા પ્રાણી પક્ષી સામે રડતો ચહેરો બતાવશે 😭 .(કુતરો, સિંહ, બિલાડી, ઘોડો, ચકલી ,કબૂતર, મોર,પોપટ,બકરી, હાથી, હરણ, વગેરે પ્રાણી -પક્ષીઓ લઈ શકાય)<br>*પ્રવૃત્તિ:- પ્રાણીઓને કેવી રીતે બોલાવાય?<br>- કુતરો :- બબબ..બબબ.. બબબ..<br>- ગાય :- ગાય.. ગાય...ગાય...<br>- કબુતર :- આવ.. આવ.. આવ.. આવ. | | ઘુઘરીયારો, ચકીબેન ચકીબેન, ઢીંગલી તારા માંડવા રોપિયા, માધા કાકાના ખેતરમાં, લીમડાની ડાળીએ લીલો પોપટ..<br><br>***વાર્તા:-**<br>**ટોપીવાળો ફેરિયો**<br>કોઈ એક ગામમાં એક ફેરિયો રહેતો હતો. તે રંગબેરંગી ટોપીઓ વેચીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. ટોપીઓ વેચવા તેણે કદી કદી અલગ અલગ ગામમાં ફરવું પડતું હતું.<br>એક દિવસ તે હંમેશાની જેમ ટોપી વેચવા દૂરના ગામમાં જઈ રહ્યો હતો. જતાં જતાં તે રસ્તામાં થાકી ગયો. તેણે વિચાર કર્યો કે ' ક્યાંક ઝાડ દેખાય તો તેના છાયામાં થોડો આરામ કરી લઉં.' થોડે દૂર તેણે એક ઝાડ દેખાયું. તેણે ટોપીઓવાળી પોતાની પેટી બાજુ પર મુકી, અને ઝાડ નીચે આડો પડ્યો થોડીવારમાં જ તેની આંખ લાગી ગઈ, અને તે ઘસઘસાટ ઉંઘી ગયો. |



બપોર પૂરી થવા આવી હતી, ત્યાં જ ફેરિયાની આંખ ઉઘડી, તે ફટાફટ ઉભો થયો અને જેવી પોતાની પેટી લેવા ગયો તો આ શુ...! પેટીમાંથી ટોપીઓ ગાયબ હતી ! તે ગભરાઈ ગયો. તેણે આમતેમ નજર કરી પણ કોઈ પણ નજર નહોતું આવી રહ્યું. તો છેવટે ટોપીઓ કોણ લઈ ગયું હશે ? અચાનક તેની નજર ઝાડ પર પડી. જોઈને તે આશ્ચર્યમાં પડી ગયો. પંદરથી વીસ વાંદરાનું ઝુંડ તેની ટોપીઓ પહેરીને ઝાડ પર કૂદાકૂદ કરી રહ્યું હતું. આટલાં બધાં વાંદરા ! તેણે પત્થર ઉઠાવીને માર્યો તો વાંદરાઓએ ઝાડ પરની નાની નાની બોરડી તોડીને મારવા લાગ્યાં. તેણે માથું ખંજવાળ્યું તો

બધા વાંદરા પણ માથું ખંજવાળવા માંડ્યાં. તેણે બગાસું ખાધું તો બધા વાંદરાં બગાસું ખાવા માંડ્યાં. હવે ફેરિયો સમજી ગયો કે વાંદરા નકલચી છે. તેણે એક યુક્તિ સુઝી. તેણે પોતાની પેટી ઉઘાડી, તેને ઝાડ નીચે મુકી અને પછી તેમાં પોતે પહેરેલી ટોપી તેમા નાખી. આ જોઈને બધાં વાંદરાઓએ પણ પોતાની ટોપી ફટાફટ પેટીમાં નાખી. ફેરિયાએ તરતજ પેટી બંધ કરી અને તરતજ ત્યાંથી ચાલતો થયો

**મગર અને વાંદરો**



એક નદી કાંઠે જાંબુડાનું મોટું ઝાડ હતું. જાંબુડાના

ઝાડ પર દરરોજ એક વાંદરો જાંબુ ખાવા આવતો.
નદીના ઊંડા પાણીમાં એક મોટો મગર રહેતો હતો.
વાંદરા અને મગરની ભાઈબંધી થઈ. વાંદરો રોજ રોજ મગરને પાકાં જાંબુ ખવરાવે.
મગર એક વાર થોડાં જાંબુ મગરી માટે લઈ ગયો.
મગરીને જાંબુ બહુ ભાવ્યાં. મગરી જાંબુ ખાતાં ખાતાં મગરને કહે - રોજ આવાં મીઠાં જાંબુ ખાનારા વાંદરાનું કાળજું કેવું મીઠું હશે! તમે એને લઈ આવો તો હું તેનું કાળજું ખાઉં!
મગર કહે - તે હવે મારો ભાઈબંધ થયો છે. ભાઈબંધ સાથે મારાથી દગો કેમ થાય?



મગરીએ જીદ કરી કહ્યું - જો તમે કાળજું નહિ લાવી આપો તો હું મારો જીવ આપી દઈશ. નછૂટકે મગર વાંદરાને મગરી પાસે લાવવા તૈયાર થયો. બીજે દિવસે મગર જાંબુના ઝાડ નીચે આવ્યો. વાંદરાએ આપેલા મીઠાં જાંબુ ખાધાં પછી મગર બોલ્યો - વાંદરાભાઈ, મારી મગરી તમને ઘેર જમવા માટે બોલાવે છે. મારી પીઠ પર બેસી જાઓ અને મારા મહેમાન થાઓ.

વાહ! ચાલો, તમારો આટલો પ્રેમ છે તો...ના કેમ પડાય! એમ કહેતો વાંદરો કૂદીને મગરની પીઠ પર બેસી ગયો.

.



મગર પાણીમાં આગળ સરકવા લાગ્યો. બંને વાતોએ વળગ્યા. અડધે રસ્તે જ ભોળા મગરે મગરીના મનની વાત વાંદરાને કરી દીધી.

મગરની વાત સાંભળી વાંદરાના હોશ ઊડી ગયા. થોડી વારે સ્વસ્થ થતાં મગરીથી બચવાનો ઉપાય શોધી કાઢયો.

વાંદરો કહે - મગરભાઈ! તમે પણ ખરાં છો! તમારે આ વાત મને પહેલેથી જ કહેવી હતીને! મારું કાળજું તો હું આજે જ સાફ કરીને ઝાડ પર મૂકીને આવ્યો છું. ચાલો પાછા જઈ કાળજું લઈ આવીએ!

મગર વાંદરાની વાત સાચી માની પાછો કિનારા તરફ વળી ગયો. કિનારો આવતાં વાંદરો એક મોટો કૂદકો મારી ઝાડ પર પહોંચી ગયો. પછી કહે - મૂરખ મગર! કાળજું તે કંઈ ઝાડ પર મુકાતું હશે? તું તો દગાખોર છે! ભાઈબંધને દગો દેવા તૈયાર થયો? જા હવે કદી જાંબુ

| | | |
|---|---|---|
| | | ખાવા મારી પાસે આવતો નહિ અને મારે પણ જાંબુ ખાવા નથી એમ કહી વાંદરો ત્યાંથી બીજે રહેવા જતો રહ્યો.<br><br>**અન્ય વાર્તાઓ :**<br>ઉંદર સાત પૂંછડીવાળો<br>બે બિલાડી ને એક વાંદરો<br>ડટણ આવ્યું પટણ આવ્યું<br>ચકો અને ચકી<br>કીડી અને કબૂતર<br>સિંહ અને ઉંદર<br>તરસ્યો કાગડો<br>મગર અને વાંદરો<br>લપલપિયો કાચબો<br>વાર્તાઓ ના પાત્રોનો અભિનય કરે<br><br>*** ગીત ૧ :- (કવિતા)**<br>**એક બિલાડી જાડી**<br>એક બિલાડી જાડી, તેણે પહેરી સાડી<br>સાડી પહેરી ફરવા ગઈ,<br>તળાવમાં તે તરવા ગઈ.<br>તળાવમાં તો મગર, બીલ્લીને આવ્યા ચક્કર, |

સાડી છેડો છૂટી ગયો
મગરના મોમાં આવી ગયો
મગર બીલીને ખાઈ ગયો જોની જોની યસ પાપા.

**ગીત ૨**

*** કોયલ કુ કુ ગાય**

પેલી કોયલ કૂ કૂ ગાય, મને ગાવાનું મન થાય,
ગાવાનું હું શરૂ કરું ત્યાં ,પપ્પા મારા ખીજાય,
પેલું ઉડતું પતંગિયું જોઈ, મને ઉડવાનું મન થાય,
ઉડવાનું હું શરૂ કરું ત્યાં નીચે પડી જવાય,
પેલી ચકલી ચણ ચણ ખાય, મને ખાવાનું મન થાય,
ખાવાનું શરૂ કરું ત્યાં, મમ્મી મારી ખીજાય.
પથારીએ સુતા, મને કઈ કઈ વિચાર થાય, સૂવાનું હું શરૂ કરું ત્યાં, સપને સરી જવાય.
પેલી કોયલ કૂ કૂ ગાય, મને ગાવાનું મન થાય, ગાવાનું હું શરૂ કરું ત્યાં, પપ્પા મારા ખીજાય.

**ગીત ૩**

**,ઘોડો ઘુઘરીયાળો* ***

ઘોડો ઘુઘરીયાળો, મારો ઘોડો ઘુઘરીયાળો,
ઘુઘરીયાળો
ઘોડો ઘુઘરીયાળો, મારો ઘોડો ઘુઘરીયાળો,
ઘુઘરીયાળો
ઘાસ દઉં તો ખાય છે, ને રાજી રાજી થાય છે,

| | | |
|---|---|---|
| | | દોડાવું તો દોડે છે, ને થોભાવું તો થોભે છે,<br>તબડક તબડક દોડે ત્યારે,લાગે પાંખોવાળો,<br>ઘુઘરીયાળો ઘોડો ઘુઘરીયાળો, મારો ઘોડો ઘુઘરીયાડો,<br>ઘૂઘરીયાળો<br>રંગે એ તો કાળો છે, તોયે બહુ રૂપાળો છે,<br>ચાબુક નું શું કામ છે? ચેતક એનું નામ છે,<br>એના ઉપર બેસું ત્યારે લાગુ હું મુછાળો, ઘુઘરીયાળો.<br>ઘોડો ઘુઘરીયાળો મારો ઘોડો ઘુઘરીયાળો,<br>ઘુઘરીયાળો.. |
| ECL 1.<br>1.4a<br>રસપ્રદ કવિતાઓ, જોડકણાં અભિનય સાથે વારંવાર ગાય છે. લયાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. (ઉદાહરણ – તાળી પાડવી, નાવડી ચલાવવી, કદમતાલ વેગેરે)<br><br>પ્રથમ તો<br>બાળકોને લયાત્મક પ્રવૃત્તિનો પ્રત્યક્ષ અનુભવ કરાવવો.<br>જેમ કે,<br>તાલી પાડવી<br>નાવ ચલાવવી<br>કદમ તાલ | ECL 1.<br>2.4<br>રસપ્રદ કવિતાઓ અભિનય સાથે ગાય છે. લયાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. (ઉદાહરણ - તાળી પાડવી, નાવડી ચલાવવી, કદમતાલ વેગેરે)<br><br>પ્રથમ તો<br>બાળકોને લયાત્મક પ્રવૃત્તિનો પ્રત્યક્ષ અનુભવ કરાવવો.<br>જેમ કે,<br>તાલી પાડવી<br>નાવ ચલાવવી<br>કદમ તાલ<br>ગોળ ચક્કર ફરવું | ECL 1.<br>3.4a<br>પોતાની ભાષામાં રસપ્રદ કવિતાઓ અને ગીતો આરોહ-અવરોહ સાથે ગાય છે.<br>બાળક પોતાની ભાષામાં ગીત ગાય.<br>પંખી બની ઊડી જઈ એ હો હો ચાંદા મામા ના દેશ માં...<br><br>ECL 1.<br>3.4.b<br>પોતાની ભાષામાં પરિચિત કવિતાઓની થોડી પંક્તિઓ આરોહ-અવરોહ અને પ્રવાહિતાથી ગાય છે/પઠન કરે છે. |

<table>
<tr>
<td>ગોળ ચક્કર ફરવું<br><br>બાળકને રસ પડે તેવી કવિતા અને જોડકણા આરોહ અવરોહ સાથે તેમજ અભિનય સાથે બાળકોને સંભળાવવા.<br><br>સંદર્ભ સાહિત્ય-<br>એક કહેતા ઉભા થઇએ....<br>જાડો પાડો હાથી...<br>ટામેટું રે ટામેટું....<br>વાર્તા રે વાર્તા....<br>(ચિત્ર સાથે)<br><br>ગીત – ૧<br>એક કહેતા ઉભા થઈએ,<br>બે કહેતા બેસી જઈએ,<br>ત્રણ કહેતા તાળી પાડો,<br>ચાર કહેતા ચણા ખાઓ,<br>પાંચ કહેતા પંજો ગણીએ,<br>છ કહેતા છત્રી ઓઢીએ,<br>સાત કહેતા સાતતાળી રમીએ,<br>આઠે અડકો દડકો રમીએ,<br>નવ કહેતા નાવ હાંકીએ,</td>
<td>બાળકને રસ પડે તેવી કવિતા અને જોડકણા આરોહ અવરોહ અને અભિનય સાથે ગવડાવવા.<br>સંદર્ભ સાહિત્ય :<br>ઢીંગલી તારા માંડવા રોપ્યા....<br>ચકીબેન ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહિ....<br><br>ગીત નંબર ૧<br>ઢીંગલી તારા માંડવા રોપ્યા,<br>ઢોલ વાગે ઢમ ઢમ,<br>લાલિયો મહારાજ લાડવા વાળે,<br>શાક કરે છમ છમ,<br>ઢીંગલી તારા માંડવા .......<br>જુનાગઢ થી જાન આવી,<br>જાનડીયુ રુમઝૂમ,<br>દોડતા પહેલા વેલડા આવે,<br>કેવા રે ધમધમ.<br>ઢીંગલી તારા માંડવા .......<br>ઢીંગલી બાઈના પગમાં ઝાંઝર,<br>ધુઘરીઓ ધમધમ,<br>નાકે એને નથડી શોહે,<br>કેવી રે ચમ ચમ,<br>ઢીંગલી તારા માંડવા ......<br>ઢીંગલી બાઈ તો સાસરે જાશે,</td>
<td>બાળકો જાતે ગાશે અને સહપાઠીને ગવડાવશે...<br>સંદર્ભ સાહિત્ય :<br>એક બિલાડી જાડી....<br>સાયકલ મારી સરરર જાય....<br>વાર્તા રે વાર્તા....<br><br>ગીત નં. ૧<br>પંખી બની ઉડી જાશું (૨)<br>હો, હો, હો, ચાંદામામા ના દેશમાં (૨)<br>કાળા કાળા વાદળનો દેશ ચાંદા મામા,<br>વાદળ બની વરસી જાશું(૨)<br>હો,હો,હો, ચાંદામામાના દેશમાં (૨)<br>ટમટમતા તારલાનો દેશ ચાંદામામા,<br>તારલા બની ટમકી જાશું(૨)<br>હો, હો, હો, ચાંદા મામા ના દેશમાં (૨)<br>રૂપાળી પરીઓનો દેશ ચાંદા મામા,(૨)<br>પરી બની ઉડી જાશું(૨)<br>હો, હો, હો, ચાંદામામા ના દેશમાં(૨)<br><br>ગીત નંબર ૨<br>એક બિલાડી જાડી, તેણે પહેરી સાડી<br>સાડી પહેરી ફરવા ગઈ, તળાવમાં તો તરવા ગઈ, તળાવમાં તો મગર, બિલ્લીને આવ્યા ચક્કર, સાડીનો છેડો છૂટી ગ્યો, મગરના મોમાં આવી ગ્યો, મગર</td>
</tr>
</table>

દસ બોલીને દર્શન કરીએ.

**ગીત નંબર 2**
જાડો પાડો હાથી,
સુંઢમાં લાવ્યો પાણી,
એ પાણી ગંદુ,
સામે આવ્યો ચંદુ,
ચંદુ માથે ચોટલી,
બા બનાવે રોટલી,
રોટલીના ટુકડા,
ચંદુ કરે લટકા.

**ગીત નંબર 3**
ટામેટું રે ટામેટું,
ગોળ ગોળ ટામેટું,
લાલ લાલ ટામેટું,
નદીએ નાવા જાતુ ' તું,
ઘી ગોળ ખાતું ' તું,
અસ મસ ને ઢસ.

**ગીત નંબર ૪**
વારતાં રે વારતાં,
ભાભો ઢોર ચારતા,

આંસુડા ટમટમ.
લાગશે કેવા ઘરને શેરી,
સુનારે સમ સમ.
ઢીંગલી તારા માંડવા.....

**ગીત નં. ૨**
ચકીબેન ચકીબેન મારી સાથે રમવા,
આવશો કે નહીં આવશો કે નહીં?
બેસવાને પાટલો, સુવા ને ખાટલો,
ઓઢવાને ઓઢણી આપીશ તમને આપીશ તમને...
પહેરવાને સાડી મોરપીંછ વાળી, ઘમ્મરિયો ઘાઘરો
આપીશ તમને આપીશ તમને...
ચકચક કરજો ચણ ચણ ચણજો,
ચણવાને દાણા આપીશ તમને આપીશ તમને...
મમ્મી નહીં બોલે, પપ્પા નહીં બોલે,
નાનો બાબો તો ઊંઘી ગયો.


બાળકો પોતાની જાતે લયબધ્ધ પ્રવૃત્તિ ઓ માં સામેલ થાય.
જેવી કે,
એક તાલી
બે તાલી
ત્રણ તાલી

બિલ્લીને ખાઈ ગયો.

**ગીત નંબર ૩**
સાયકલ મારી સરરર જાય,
ટીન ટીન
ટોકરી વગાડતી જાય,
ડોશીમા, ડોશીમા ,આઘા ખસો,
આખા ખશોનહી તો પડી જશો,
ડોશીમા ,ડોશીમા, ચાલ્યા તે ક્યાં?
સાયકલ મારી સરરર જાય,
ટીન ટીન ટોકરી વાગતીજાય,
શેઠજી, શેઠજી ,આઘા ખશો,
આઘાખશો, નહી તો પડી જશો,
શેઠજી, શેઠજી ,ચાલ્યા તે ક્યાં?
ચોપડા લઈને ચાલ્યા તે ક્યાં?
સાયકલ મારી સરરર જાય,
તીન તીન ટોકરી વાગતી જાય,
શેઠાણી, શેઠાણી ,આઘા ખશો,
આખા ખશો, નહીં તો પડી જશો,
શેઠાણી ,શેઠાણી, ચાલ્યા તે ક્યાં ?
છત્રી લઈને ચાલ્યા તે ક્યાં?

<table>
<tr>
<td>ચપટી બોર લાવતા,<br>છોકરા સમજાવતા,<br>એક છોકરો રિસાણો,<br>કોઠી પાછળ ભિસાણો,<br>કોઠી પડી આડી,<br>છોકરે ચીસ પાડી,<br>અરરર.... માડી.<br><br>ECL 1.<br>1.4.b<br>પરિચિત વાર્તા, કવિતામાંથી પ્રાસવાળા શબ્દો અને વાક્યો બોલે/ગણગણે છે.<br><br>જોડકણા પરથી પ્રાસ વાળા શબ્દો બોલાવવા.<br>સંદર્ભ :<br>એક મોટો એકડો,<br>તાણે મોટો ભેંકડો....<br><br>ગીત :<br>એક મોટો એકડો,<br>તાણે મોટો ભેકડો,<br>બે એટલે બગડો,<br>બગડો તો જબરો,</td>
<td></td>
<td></td>
</tr>
</table>

| | | |
|---|---|---|
| ત્રણ એટલે તગડો,<br>તગડો તો તગડો,<br>ચાર એટલે ચોગડો,<br>મોટો મોટો ચોગડો,<br>પાંચ એટલે પાંચડો,<br>જંગલમાં તો માકડો,<br>છ એટલે છગડો,<br>પાકો ચૂકો છગડો,<br>સાત એટલે સાતડો,<br>કબુતર ને કાગડો,<br>આઠ એટલે આઠડો,<br>બેસવાનો બાંકડો,<br>નવ એટલે નવડો,<br>નવરાત્રી નો દીવડો,<br>દસ એટલે દસ,<br>બસ બસ બસ...<br><br>**શબ્દો...**<br>એકડો - ભેંકડો<br>બગડો - જબરો<br>પાંચડો - માંકડો | | |
| ECL 1.<br>1.5 | ECL 1.<br>2.5 | ECL 1.<br>3.5a |

| | | |
|---|---|---|
| જિજ્ઞાસા અને રસપૂર્વક ચોક્કસ પુસ્તક પસંદ કરે છે અને તેને સમજવા પાનાં ફેરવે છે.<br><br>**પ્રવૃત્તિ :** વાંચન કોર્નરમાં વિવિધ ચિત્ર વાર્તાની બુક ગોઠવીને રાખવી બાળક પોતાની જાતે કોઈપણ ચિત્ર જોઈને તેને ગમતી બુક લઈને બેસશે અને તેને સમજવાનો પ્રયત્ન કરીને પાના ફેરવશે<br>**ઉદાહરણ :- ચિત્ર વાર્તા**<br>**" કીડી અને કબૂતર "**<br> <br><br>**" ચતુર કાગડો "** | મુખ વાંચન દરમિયાન લખાણની ગતિ અને દિશા સમજવા પ્રયત્ન કરે છે.<br><br>**પ્રવૃત્તિ :-** સસલા અને કાચબાની ચિત્ર વાર્તા પરથી ગતિ અને દિશા સમજવાનો પ્રયત્ન કરશે<br>  | પોતાને ગમતું વાર્તાનું પુસ્તક વાંચી સંભળાવવા શિક્ષકને આપે છે.<br><br>**પ્રવૃત્તિ:-** વર્ગખંડમાં રહેલી કોઈપણ ચિત્ર વાર્તાની બુક જોઈને બાળક ચિત્ર પસંદ કરીને શિક્ષકને વાર્તા સંભળાવવા માટે કહેશે<br><br>ECL 1.<br>3.5.b<br>ચિત્રમાંની વસ્તુઓનું ધ્યાનપૂર્વક અવલોકન કરે છે, તેના વિશે વાત કરે છે અને તેનાં નામ સ્વનિર્મિત જોડણીમાં (Invented Spelling) લખે છે. |

| | | |
|---|---|---|
|  ટૂંકી વાર્તાઓ<br>**ચતુર કાગડો**<br>એક વખત એક તરસ્યો કાગડો પાણીની શોધમાં આમથી તેમ ભટકી રહ્યો હતો. તેણે એક જગ્યાએ પાણી ભરેલો ઘડો જોયો. તે ઊડીને નીચે આવ્યો પરંતુ તેની ચાંચ પાણી સુધી પહોંચતી ન હતી. તેના મગજમાં એક વિચાર આવ્યો તે પાણીમાં કાંકરા નાખવા લાગ્યો. પાણી ધીમે-ધીમે ઉપર આવવા લાગ્યું. પાણીમાં તેણે એટલા કાંકરા નાખ્યા કે પાણીની સપાટી તેની ચાંચ સુધી પહોંચે તેટલી ઉપર આવી જાય. હવે કાગડો આસાનીથી પાણી પી શકતો હતો. આમ તે પોતાની તરસ છીપાવી ને આકાશમાં ઊડી ગયો.<br>બોધ: મુશ્કેલીના સમયમાં મગજનો ઉપયોગ કરો. | | |
| ECL 1.<br>1.6<br>વર્ગમાં અને ઘરે પ્રિન્ટ સભાનતા અને પ્રારંભિક સાક્ષરતાના કૌશલ્યો પ્રદર્શિત કરે છે. જેમ કે, પોતાના પ્રિય બિસ્કીટ કે ચોકલેટના રેપર પરનું લખાણ વાંચે છે.<br><br>**પ્રવૃતિ** :<br>વિવિધ પ્રકારના રેપર બતાવી તેને ઓળખાવવા<br>• જુદા જુદા પ્રકારની ચોકલેટના રેપર<br>• જુદા-જુદા પ્રકાર ની વેફર્સ ના પેકેટ<br>• જુદા જુદા પ્રકાર ના સાબુ ના બૉક્સ | ECL 1.<br>2.6a<br>પ્રતીકો અને સંકેતોને ઓળખે છે. જેમ કે, એમ્બ્યુલન્સ પરની નિશાનીઓ અને સંકેતો.<br><br>પ્રવૃત્તિઓ<br>✓ બાળકોને વિવિધ પ્રકારના સંકેતો તેમજ પ્રતિકો બતાવી તેની ઓળખ કરાવવી તેમજ આવા સંકેતો ક્યાં ક્યાં જોવા મળે છે તે બાબતે ચર્ચા કરવી જેમકે..<br>✓ શાળા<br> | ECL 1.<br>3.6 a<br>પ્રિન્ટ સભાનતાની સમજ સાથે વાંચે છે.<br><br>ચિત્ર ઓળખી નીચે લખેલા નામ પરથી મૂળાક્ષર ઓળખે છે જેમ કે<br>  |

| | | |
|---|---|---|
| • જુદા જુદા બિસ્કિટ ના ખાલી પેકેટ<br>✓ આવી વિવિધ વસ્તુ ઓ બતાવી ઓળખાવવાની. | ✓ ટ્રાફિક સિગ્નલ<br><br>✓ હોસ્પિટલ<br><br><br>✓ ઝેબ્રા ક્રોસિંગ<br> | આ મુજબના વિવિધ ચિત્ર કાર્ડ તેમજ શબ્દ લખેલા કાર્ડ શિક્ષક તૈયાર કરી વધારે મહાવરો કરાવે.<br>(ન) નળ નખ નમન<br>(વ) વરસાદ વહાણ વલોણું<br>(બ) બતક બળદ બરફ<br>(પ) પતંગ પગ પત્ર<br>(લ) લસણ લખોટી લસરપટ્ટી<br>(હ) હળ હરણ હળદર<br>ECL 1.<br>3.6.b<br>વાર્તાના ચિત્રોને સમજપૂર્વક ગોઠવીને વાંચે છે.<br>પ્રવૃત્તિઓ<br>* વાર્તાના વિવિધ ચિત્રકાર્ડ બનાવવા.<br>* દરેક ચિત્રકાર્ડ નીચે એક એક વાક્યોનું લેખન કરવું .<br>* બાળકો ચિત્ર કાર્ડ ગોઠવી ચિત્ર વાર્તા બનાવી અને તેનું વાંચન કરે.<br>* ક્રમમાં ચિત્રો ગોઠવે.<br>ચિત્ર વાર્તાઓ જેવી કે.....<br>1. સિંહ અને ઉંદર<br>2. સિંહ અને સસલું<br>3. સિંહ અને શિયાળ<br>4. વાંદરો અને મગર<br>5. વાંદરો અને ખિસકોલી |

| | | |
|---|---|---|
| | ✓ નો પાર્કિંગ<br><br><br>✓ એમ્બ્યુલન્સ પર ની નિશાની<br>✓ સ્કૂલ બસ<br><br><br>ECL 1.<br>2.6.b<br>લેખિત સ્વરૂપે રહેલું પોતાનું નામ ઓળખે છે.<br>**પ્રવૃત્તિઓ**<br>ચિત્ર અને તેના નામની જોડી બતાવી વારંવાર | <br> |

દ્રઢીકરણ કરાવવું
વિવિધ ચિત્રો જેમ કે.....



કેળું



સફરજન



તરબૂચ








દ્રાક્ષ



બટેટા



રીંગણા



દૂધી





આવી ચિત્ર વાર્તા ના અલગ અલગ ચિત્રકાર્ડ બનાવી ક્રમિક રીતે ચિત્રો ગોઠવી વાર્તા બનાવી કહે .સમજપૂર્વક વાર્તા વાંચે. અન્ય વાર્તાઓ પણ મહાવરા માટે આપી શકાય.

| | | |
|---|---|---|
| | કારેલા<br><br>ગુલાબ, જાસુદ, કરેણ, ગલગોટા...<br>ડોક્ટર, પોલીસ, મોચી, કુંભાર... જેવા ચિત્રો<br>તેની નીચે તેનું નામ આપવું<br>બાળકનો ફોટો<br>છેલ્લે પોતાના ફોટો અને પોતાનું નામ<br>આ પ્રવૃત્તિ વારંવાર કરવાથી લેખિત સ્વરૂપે<br>પોતાનું નામ બાળકો ઓળખે છે. | |
| ECL 1.<br>1.7<br>ધ્યાનપૂર્વક સાંભળે છે અને પરિચિત શબ્દો અને તેમના ધ્વનિઓનું પુનરાવર્તન કરે છે. | ECL 1.<br>2.7<br>જુદા જુદા શબ્દોમાં આવતાં ચોક્કસ ધ્વનિ ઓળખે છે. જેમ કે પેન, નગારું, મગન માં 'ન' ના ધ્વનિની ઓળખ. | ECL 1.<br>3.7<br>પરિચિત વાર્તાઓ, કવિતાઓમાં આવતા શબ્દોમાં પુનરાવર્તિતના ધ્વનિઓ ઓળખાવે છે. |

પ્રવૃત્તિ
હું બોલું એમ બોલો

| | | | |
|---|---|---|---|
| પવન | જગ | ફટ | જગત |
| લગન | મગ | ચટ | તરત |
| મગન | ચગ | પટ | ભરત |
| જમન | લગ | ઝટ | પરત |
| નયન | છગ | ખટ | શરત |
| | | | |
| હળદર | થાળી | દાળ | એક |
| મરચું | વાટકો | ભાત | બે |
| મીઠું | ચમચી | શાક | ત્રણ |
| ચટણી | ગલાસ | રોટલી | ચાર |
| ગાજર | લોટો | પાપડ | પાંચ |
| પાલક | ચમચો | છાસ | છ |
| બટેટા | તપેલી | દહીં | સાત |
| રીંગણ | તવેથો | દૂધ | આઠ |
| કેળા | માટલી | માખણ | નવ |
| કેરી | ખાટલી | સંભારો | દસ |
| દ્રાક્ષ | પાટલી | અથાણું | વીસ |
| તરબૂચ | શીશી | ખીચડી | સો |
| | | | |
| ટમટમ | કોથળી | ખીર | કીડી |
| ઢમ ઢમ | ટોપલી | રબરી | મકોડો |

પ્રવૃત્તિ :
નીચે આપેલ શબ્દોમાં લીટી કરેલ શબ્દ ભારપૂર્વક બોલવો તેની ઓળખ કરાવવી.

| | | | |
|---|---|---|---|
| <u>ગ</u>મન | ના<u>મ</u> | જા<u>ન</u> | <u>જ</u>મન |
| <u>ગ</u>જ | ધા<u>મ</u> | દા<u>ન</u> | <u>જ</u>ગત |
| <u>ગ</u>રજ | હા<u>મ</u> | પા<u>ન</u> | <u>જ</u>રખ |
| <u>ગ</u>પ | ગા<u>મ</u> | શા<u>ન</u> | <u>જ</u>મરૂખ |
| મ<u>ગ</u>ન | ધા<u>મ</u> | <u>ન</u>મન | <u>જ</u>પ |

સુચના : આ રીતે અન્ય શબ્દો તમારી રીતે બનાવીને વધુ મહાવરો કરાવવો જરૂરી છે.

અહી આપેલ બાળગીતમાં પુનરાવર્તિત ધ્વનિ દર્શાવતા શબ્દો આવે છે. વારંવાર અભિનય સાથે સમૂહગાન કરાવવું.

બટુકભાઈ કેવડા હતા રે ? (૨)
બટુકભાઈ આવડા હતા રે (૨)

બટુકભાઈ કેમ કરી પાણી પીતા' તા ?
બટુકભાઈ ઘટક ઘટક,ઘટક,ઘટક, ઘટક ઘટક
બટુકભાઈ ઘટક ઘટક પાણી પીતા' તા.

બટુકભાઈ કેમ કરી ખાણું ખાતા' તા?
બટુકભાઈ ભચડ ભચડ, ભચડ ભચડ, ભચડ ભચડ
બટુકભાઈ ભચડ ભચડ ખાણું ખાતા' તા.

બટુકભાઈ કેમ કરી કચરો કાઢતા' તા?
બટુકભાઈ આમ કરીને, આમ કરીને, આમ કરીને,
બટુકભાઈ આમ કરીને કચરો કાઢતા' તા.

બટુકભાઈ કેમ કરીને કપડા ધોતા' તા ?
બટુકભાઈ આમ કરીને,આમ કરીને, આમ કરીને
બટુકભાઈ આમ કરીને કપડા ધોતા' તા.

✓ સુચના : જે બાળગીત કે વાર્તાઓમાં પુનરાવર્તિત ધ્વનિઓ આવતા હોય તેનો વિશેષ મહાવરો

| | | | |
|---|---|---|---|
| છમ છમ | રોકડી | પેંડા | વાંદરો |
| લબ લબ | ગોબરી | બરફી | હાથી |
| ફર ફર | થોકડી | જલેબી | સિંહ |
| કટ કટ | ફોડલી | ચેવડો | વાઘ |
| ઝટ ઝટ | તાપલી | સમોસું | દીપડો |
| ઠન ઠન | પાઘડી | ભેળ | ગાય |
| મ્યાઉ મ્યાઉ | માવડી | હલવો | ભેંસ |
| હાઉ હાઉ | ચાખડી | મેસુબ | બકરી |

કરાવવો.

✓ આપેલ ઉદાહરણ મુજબ અન્ય શબ્દો બનાવવા અને તેનું ઉચ્ચારણ કરાવવું જેથી પુનરાવર્તિત ધ્વનિઓ ઓળખી શકે.

| ચ - ચકો | ડ - ડખો | ગ – ગગો | ખ - ખસો |
|---|---|---|---|
| પ - | ર - | દ - | ધ - |
| ટ - | સ - | જ - | ર - |
| બ - | અ - | ભ - | હ - |
| મ - | લ - | સ - | મ - |

| ર - રસ | ક – કાન | મ - મોટા | મ - માળો |
|---|---|---|---|
| ખ - | દ - | ખ - | ત - |
| દ - | પ - | ગ - | સ - |
| ઘ - | મ - | ફ - | પ - |
| બ - | જ - | ક | ક - |

| પ - પોચો | બ - બોલો | અ - અમો | ક - કણો |
|---|---|---|---|
| ટ - | ફ - | ખ - | ઘ - |
| ક - | ત - | જ - | ચ - |
| સ - | હ - | ન - | વ - |
| લ | પ - | ર - | ભ - |

| | | |
|---|---|---|
| | | ✓ સુચના : આ રીતે અન્ય શબ્દોનો મહાવરો આપવો. વારંવારના મહાવરાથી પુનરાવર્તિત ધ્વનિઓ ઓળખી શકશે. |
| ECL 1.<br>1.8<br>આસપાસના પરિવેશમાં થતા વિવિધ પરિચિત અવાજો ઓળખે છે. જેમ કે વરસાદનો અવાજ અને પક્ષીઓનો કલરવ, વગેરે.<br><br>**પ્રવૃત્તિઓ**<br>1 વરસાદના અવાજનો અનુભવ કરાવવો.<br>2. વર્ષા તાલી જેમાં એક આંગળી થી બે આંગળીથી એમ કરતાં આખી હથેળીથી તાલી પાડવી<br>3. આવ રે વરસાદ નું જોડકણું ગવડાવવું.<br>4. વરસાદ આવતો હોય તેના અવાજની ઓડિયો ક્લિપ સંભળાવવી.<br>5. વરસાદ આવે રીમઝીમ ગીત ગવડાવો.<br>6. હું તો સુઈ ગઈ તી ગીતનો ગાન કરાવવું<br>7. પ્રાણી પક્ષીઓ ના અવાજની ઓડિયો ક્લિપ સંભળાવવી<br>8. બગીચામાં કે ખુલ્લી જગ્યામાં લઈ જઈને પક્ષીઓનો અવાજ સંભળાવો | ECL 1.<br>2.8<br>પરિચિત વાર્તાઓ, કવિતાઓમાં પુનરાવર્તિત થતી ઘટનાઓનું શ્રવણ કરે છે અને ઓળખાવે છે.<br><br>**પ્રવૃત્તિ** -અવાજો ઓળખો<br>**અ.નિ./હેતુ:** પરિચિત વાર્તાઓ, કવિતાઓમાં પુનરાવર્તિત થતી ઘટનાઓનું શ્રવણ કરે છે, અને ઓળખાવે છે.<br>**કાર્ય પધ્ધતિ/રીત:** શીખવનાર પ્રવૃત્તિ ને અનુરૂપ બેઠક વ્યવસ્થા ગોઠવીને કા.પા.પરના કુદરતી દ્રશ્યના આધારે તથા ચાર્ટ, ચિત્ર, મૂર્ત વસ્તુઓના ઉપયોગથી વિવિધ અવાજો જેવાં કે વાદળ નો ગડગડાટ, મોરનું ગહેકવુ, પીપુડીનો ધ્વનિ, વરસાદ પડવાનો અવાજ.. જેવા અવાજો કાઢી/કઢાવી,કોનો અવાજ છે તેની ઓળખ મેળવશે.<br>કા.પા.પરના કુદરતી દ્રશ્યના આધારે ઘટના ક્રમની સમજ કેળવશે.ચિત્ર નિદર્શન અને પ્રશ્નોત્તરી દ્વારા આ સમજ દ્રઢ કરશે.<br>જેમ કે, વાદળનો ગડગડાટ, વરસાદનું વરસવું, મોરનું | ECL 1.<br>3.8a<br>વાર્તાઓ, કવિતાઓ અને ગીતોમાં પુનરાવર્તિત થતા ધ્વનિઓ અને શબ્દો ઓળખે છે.<br><br>**પ્રવૃત્તિ** -વારંવાર .. લગાતાર..<br>**અ.નિ./હેતુ:** વાર્તાઓ, કવિતાઓ અને ગીતોમાં પુનરાવર્તિત થતા ધ્વનિઓ અને શબ્દો ઓળખે છે.<br>કાર્ય પધ્ધતિ/રીત: શીખવનાર કા.પા.પરના કુદરતી દ્રશ્ય ના આધારે વિવિધ ચિત્ર, આકૃતિ બતાવી એની ઓળખ માટેના શબ્દો બોલાવશે.વાદળ, ડુંગર, પક્ષી, વરસાદ, નદી વગેરે.બાળકો તરફથી મળતો લોકબોલીનો શબ્દ પણ સ્વીકારશે.<br>વાદળનો ગડગડાટ,મોરનો ગહેકાટ, વરસાદનો અવાજ,નદીના પ્રવાહનો અવાજ વગેરે માટેના શબ્દોની સમજ આપશે.<br>ઉદા. વરસાદ -છલબલ છલબલ..છોમ છોમ..<br>નદી -સરરર સરરર..સોમ સોમ.. ખળખળ ખળખળ..<br>મોર-ટેહુક ટેહુક..<br>વાજું -પી પી પી પી..પૉમ પૉમ.. |

| | | |
|---|---|---|
| **પ્રવૃત્તિ** -જોડકણા ગાન<br><br>આવો મેઘરાજા વગડાવો વાજા (૨)<br>પી પી પી પી પોમ પોમ (૨)<br>મુશળધાર મુશળધાર<br>વરસે છે પાણીડાધાર<br>છલબલ છલબલ છોમ છોમ (૨)<br>નદી નાળા રેલમ છેલ<br>સરરર સરરર સોમ સોમ (૨)<br>આવો મેઘરાજા.....<br><br>સૌપ્રથમ અહી આપેલ જોડકણું ગવડાવવું ત્યારબાદ પછીની પ્રવૃત્તિઓ કરાવવી.<br><br>**જરૂરી સાધન-સામગ્રી :** કા.પા.,ચૉક, ડસ્ટર, પીપુડી/વાજું, શાવર સ્પ્રે, મોરનું ચિત્ર<br><br>**કાર્ય પધ્ધતિ/રીત :** શીખવનાર કા.પા.ઉપર વાદળ, વરસાદ, વહેતી નદી, ડુંગર નું કુદરતી દ્રશ્ય દોરશે.તમામ બાળકો એ જોઈ શકે એ મુજબની યોગ્ય બેઠકવ્યવસ્થા કરી, બાળકો ને વિષયાભિમુખ કરીને આ જોડકણું રાગમાં ગાશે/ગવડાવશે.જરૂર મુજબ પીપુડી/વાજું | ગહેકવુ, નદીમાં પાણીનું વહેવું.. | ECL 1.<br>3.8b<br>ચિત્ર અને લખાણની મદદથી, પૂર્વાનુભવ  માહિતી, અક્ષર અને ધ્વનિના જોડાણ વગેરેનો ઉપયોગ કરીને લેખિત સામગ્રી વિશે અનુમાન/આગાહી કરે છે. |


| | | |
|---|---|---|
| જેવા વાદ્યો નો ઉપયોગ કરશે.રજૂઆતને અસરકારક બનાવવા શાવર સ્પ્રે દ્વારા પાણીના છંટકાવ થી વરસાદી વાતાવરણની અસર પણ નીપજાવી શકાય!<br> | | |
| ECL 1.<br>1.9<br>લીટીઓ દોરીને કે આડાઅવળા લીટા કરીને લખવાનો પ્રયત્ન કરે છે.<br><br>**પ્રવૃત્તિ 1 : બાળગીત** | ECL 1.<br>2.9<br>સાંકેતિક ચિત્રો દોરીને, આકૃતિઓ, રંગો કદ વગેરે પર ધ્યાન આપીને અભિવ્યક્તિ કરે છે અને તેના વિશે વાત કરે છે.<br><br>**પ્રવૃત્તિ 1** | ECL 1.<br>3.9<br>પોતાનું,પોતાનાં મિત્રોનાં અને આસપાસની વસ્તુઓના નામ સ્વનિર્મિત જોડણી (Invented spelling)માં લખવામાં અને રસ લે છે.<br><br>**પ્રવૃત્તિ -1** |



આવો મેઘરાજા, વગડાવો વાજા
પી પી પી પી પોમ્ પોમ્ (૨)
મૂશળધાર મૂશળધાર
વરસે છે સાંબેલાધાર
છલબલ છલબલ છોમ્ છોમ્ (૨)
રેલમછેલ રેલમછેલ
નદીનાળા રેલમછેલ
સરરરર સોમ્ સોમ્ (૨)


**પ્રવૃત્તિ ૨**
ટપકા જોડો.

આંગળી ગણો અને
રંગ પૂરો.




**પ્રવૃત્તિ 2**

સરખાં હોય તે જોડો.




**પ્રવૃત્તિ -2**

## ટપકાં જોડો.




**પ્રવૃત્તિ ૩**
ટપકા વાળી લાઈન ઉપર મૂર્ત વસ્તુઓ ગોઠવવી.

આકાર જોઈ રંગ પૂરો.



## જોડ બનાવો.



**પ્રવૃત્તિ.3**
શિક્ષક બાળકને જોડકણું ગવડાવશે.

ગાયના બચ્ચાંને "વાછરડું" કહેવાય.





ભેંસના બચ્ચાંને "પાડું" કહેવાય.
ઘેટાંના બચ્ચાંને "ગાડરું" કહેવાય.
બકરીના બચ્ચાંને "લવારું" કહેવાય.
કુતરાના  બચ્ચાંને "ગલુડિયું" કહેવાય.
બિલાડીના બચ્ચાંને "મીંદડું" કહેવાય.
ઘોડાના બચ્ચાંને "વછેરું" કહેવાય.
ઊંટના બચ્ચાંને "બોતડું" કહેવાય.
હાથીના બચ્ચાંને "મદનિયું" કહેવાય.
ગધેડા ના  બચ્ચાંને "ખોલકું" કહેવાય.
મરઘીના બચ્ચાંને "પીલું" કહેવાય.

**પ્રવૃત્તિ ૪**

આપેલ ચિત્રમાં પ્રાણી અને પક્ષીને તેના બચ્ચાં સાથે જોડો.

જોડો.




**પ્રવૃત્તિ ૫**

બાળગીત ગવડાવવું

ઓ મમ્મી મને રે મામાને ઘેર જાવા દે
રસ્તા પર પેલું કેવું એ ટ્રીન  ટ્રીન કરતું જાય
સાયકલમાં બેસીને મામાને ઘેર જાવા દે.

| | | |
|---|---|---|
| | | ઓ મમ્મી મને રે...<br>રસ્તા પર પેલું કેવું એ તબડક તબડક જાય<br>ઘોડા પર બેસીને મામાને ઘેર જાવા દે<br>ઓ મમ્મી મને રે...<br>પાણીમાં પેલું કેવું સરરરર.. કરતું જાય<br>હોડીમાં બેસીને મામાને ઘેર જાવા દે<br>ઓ મમ્મી મને રે...<br>આકાશમાં પેલું કેવું ઘરરરર.. કરતું જાય<br>વિમાનમાં બેસીને મામાને ઘેર જાવા દે<br>ઓ મમ્મી મને રે...<br>રસ્તા પર પેલું કેવું એ ભરરરર.. કરતું જાય<br>મોટરમાં બેસીને મામાને ઘેર  જાવા દે<br>ઓ મમ્મી મને રે...<br><br>**પ્રવૃત્તિ ૬** |

રસ્તા સાથે જોડો.



निपुण भारत

જી.સી.ઇ.આર.ટી.ગાંધીનગર પ્રેરિત

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જૂનાગઢ
સંપાદિત

# ECCE સાહિત્ય નિર્માણ

## લેખન - સંપાદન



ECCE ઇ-કન્ટેન્ટ તેમજ સાહિત્ય નિર્માણ

| નામ | શાળાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| લિગારી નાહિદખાન એન. | ચંદવાણા પે સેન્ટર શાળા | માંગરોળ |
| મારવણિયા કૃણાલકુમાર જયંતિલાલ | શાપુર પે સેન્ટર શાળા | વંથલી |
| મેઘનાથી પરેશગીરી | વિસણવેલ પ્રા. શાળા | માળીયા |

ફેબ્રુઆરી - ૨૦૨૩

बाल देवो भवः